ઈન્ટરવ્યુ




ધર્મેન્દ્ર પ્રધાન, કેન્દ્રીય શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રી | પેજ : 30-32

વર્ષ : 4 અંક : 02

16-31 જુલાઈ, 2023 (નિ:શુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# યુવા શક્તિ
## રાષ્ટ્રની પ્રગતિ

અમૃત પેઢી તરીકે રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરી રહેલા 60 કરોડ યુવાનોની સાથે જ વિદ્યાર્થીઓનાં સપનાંઓ - આકાંક્ષાઓને નવી પાંખો આપીને વિકસિત ભારતના વિરાટ લક્ષ્યની દિશામાં આગળ વધતું નવું ભારત...



**ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ : 27 જુલાઈ (પુણ્યતિથિ)**

# યુવાનોમાં નવા વિચારોના પ્રેરણા સ્રોત

"સપનાં એ નથી કે જે ઊંઘમાં જોવામાં આવે છે, પણ સપનાં તો એ છે જે તમને ઊંઘવા ન દે." આ શબ્દોથી યુવાનોને વિચારવાની નવી પ્રેરણા આપનારા 'મિસાઈલ મેન' ડૉ. એ.પી.જે અબ્દુલ કલામે દેશ માટે આપેલા યોગદાનને ક્યારેય ભૂલી શકાય તેમ નથી. અબ્દુલ કલામનો જન્મ 15 ઓક્ટોબર 1931ના રોજ તમિલનાડુ રાજ્યના રામેશ્વરમમાં એક તમિલ મુસ્લિમ પરિવારમાં થયો હતો. શિક્ષક, વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ તરીકે ડૉ. એ.પી.જે અબ્દુલ કલામે પોતાનું આખું જીવન સખત મહેનત અને લોકોની સેવા માટે સમર્પિત કરી દીધું હતું. ભારતના 11મા રાષ્ટ્રપતિ 'ભારત રત્ન' કલામે હંમેશા પોતાના દમદાર ભાષણો દ્વારા યુવા પેઢીને પ્રેરણા આપવાનો પ્રયાસ કર્યો હતો. આજે પણ તેમના વિચારો લાખો યુવાનો માટે પ્રેરણા સ્રોત છે. 27 જુલાઈના રોજ ડૉ.એ.પી.જે અબ્દુલ કલામની પુણ્યતિથિ છે, દેશ તેમને શત-શત વંદન કરે છે...



"

અલગ રીતે વિચારવાનું સાહસ કરો, આવિષ્કાર કરવાનું સાહસ કરો, અજાણ્યા માર્ગો પર આગળ વધવાનું સાહસ કરો, અશક્યને શોધવાનું સાહસ કરો અને સમસ્યાઓ પર વિજય મેળવો અને સફળ બનો. આ એવા ગુણો છે કે, તે દિશામાં તમે અવશ્ય કામ કરો.

-ડૉક્ટર. એ.પી.જે અબ્દુલ કલામ

न्यू ईन्डिया
**સમાચાર**

વર્ષ 4, અંકઃ 02 | 16-31 જુલાઈ, 2023

**મુખ્ય સંપાદક**
**રાજેશ મલ્હોત્રા**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**પવન કુમાર**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૉલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**ફુલચંદ તિવારી**
**રાજીવ ભાર્ગવ**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**
**ફિરોઝ અહેમદ**




13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ
https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia**

# અંદરના પાને...

## સશક્ત બની રહી છે ભારતની 'અમૃત પેઢી'



**કવર સ્ટોરી**


ભારત સમગ્ર વિશ્વનો સૌથી યુવાન દેશ છે, જેની સરેરાશ ઉંમર 29 વર્ષની છે. લગભગ 65 ટકા વસ્તી 35 વર્ષથી ઓછી ઉંમરની છે. આવી સ્થિતિમાં, ડેમોગ્રાફી અને ડેમોક્રેસીના રૂપમાં અમાપ શક્તિઓ ધરાવતો દેશ યુવાનોનાં સપનાંઓને નવી ઉડાન આપી રહ્યો છે... | 8-29

**પ્રધાનમંત્રી મોદીનો વિદેશ પ્રવાસ**



અમેરિકા અને ઈજિપ્ત સાથે પારસ્પરિક સંબંધોની નવી અને ગૌરવપૂર્ણ યાત્રાનો પ્રારંભ | 40-46

**આઝાદીના વીરોએ દેશહિતને સર્વોપરી માન્યું; તપ, ત્યાગ કર્યા અને બલિદાન આપ્યું**



અમૃત મહોત્સવમાં મંગલ પાંડે, ડૉ. ખૂબચંદ બઘેલ, અરુણા આસફ અલી, અબ્દુલ હમીર કૈસરની ગાથા વાંચો | 49-52

**સમાચાર સાર** | 4-5

**વ્યક્તિત્વ - નિર્મલજીતસિંહ સેખોં**
ભારતીય વાયુદળના એકમાત્ર પરમવીર | 6

**શેરડીના લઘુતમ ટેકાનો ભાવ વધારવાનો નિર્ણય**
કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયથી 5 કરોડ ખેડૂતોને લાભ થશે | 7

**નવા ભારતના નવનિર્માણમાં અમૃત પેઢી મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા જઈ રહી છે**
કેન્દ્રીય શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનો ઈન્ટરવ્યુ | 30-32

**શિખર સંમેલન માટે G-20 મંત્રીઓ ઘોષણાઓને અંતિમ રૂપ આપી રહ્યા છે**
G-20ની ત્રણ મંત્રી સ્તરીય બેઠકને પ્રધાનમંત્રીએ સંબોધિત કરી | 33-37

**કૉપિરાઈટ, પેટન્ટ, રોયલ્ટીથી મુક્ત યોગ બન્યા વૈશ્વિક આંદોલન**
આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે સંયુક્ત રાષ્ટ્રમાં પ્રધાનમંત્રી મોદી | 38-39

**વિકસિત ભારતના લક્ષ્યને ગતિ આપતી 'વંદે ભારત ટ્રેન'**



ભોપાલના રાણી કમલાપતિ રેલ્વે સ્ટેશનથી દેશના પાંચ રૂટ પર વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવાઈ | 47-48



પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ, મુખ્ય મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે

## યુવાનો માટે નવી સંભાવનાઓ અને નવી તકોના દ્વાર ખુલ્યા

સાદર નમસ્કાર,

**આ જ સમય છે, યોગ્ય સમય છે, ભારતનો અમૂલ્ય સમય છે!** લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલો આ ઉદ્ઘોષ આગામી 25 વર્ષની અમૃત યાત્રાનો આધાર છે. તેને સાકાર કરવાની જવાબદારી યુવાનોના ખભા પર છે. સંકલ્પથી સિદ્ધિની જે સફર પર દેશ આગળ વધી રહ્યો છે, ન્યૂ ઇન્ડિયાનું જે સપનું સાકાર કરવા માટે તે આગેકૂચ કરી રહ્યો છે, તેની મોટી જવાબદારી દેશના યુવાનો પર રહેલી છે. આજે 21મી સદીમાં ભારત જે મુકામ પર આવી પહોંચ્યું છે, તે યોગ્ય સમય સદીઓ પછી આવ્યો છે. તેનું સૌથી મોટું કારણ છે ભારતના યુવાનોનું સામર્થ્ય, ભારતના યુવાનોની શક્તિ.

આજે ભારતમાં યુવાનોનાં સપનાંઓ અને આકાંક્ષાઓને નવી તકો મળી રહી છે અને અપેક્ષિત પરિણામો પણ જોવા મળી રહ્યાં છે. ત્રણ વર્ષ પહેલાં 29 જુલાઈના રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા સ્વીકૃતી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારે આધુનિક અને વિકસિત ભારતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં મૂકી છે. આ નીતિ બાળકોના સર્વાંગી વિકાસ, જ્ઞાન, કૌશલ્ય, સંસ્કાર અને ભારતીય મૂલ્યોના સંવર્ધન પર ભાર મૂકે છે. શિક્ષણની સાથે સાથે કૌશલ્ય, રોજગાર-સ્વ-રોજગાર, સ્ટાર્ટઅપથી લઈને યુનિકોર્ન સુધીની સફર, રમતગમતને નવી ઓળખ, ટેક્નોલોજી - સંશોધન અને સાથે જ અન્ય ક્ષેત્રોમાં નવી તકોએ યુવાનોને માત્ર પોતાના જ નહીં પરંતુ સમગ્ર દેશના સર્વાંગી વિકાસમાં સહભાગી બનાવી દીધા છે. દેશના અલગ અલગ ભાગોમાં, એક પછી એક, યુવાનોની પ્રતિભા અને ક્ષમતાના અકલ્પનીય ઉદાહરણોનો ઢગલો થઈ રહ્યો છે. આજે પણ, જ્યારે ગણિતથી લઈને વિજ્ઞાન સુધી વૈશ્વિક મંચો પર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, ત્યારે ભારતીય યુવાનોની આવડત દુનિયાને અચંબામાં મૂકી દે છે.

યુવાનો માટે કરવામાં આવેલી પહેલ અને ભવિષ્યના ભારતનો દૃષ્ટિકોણ જ આ વખતની આપણી કવર સ્ટોરી બની છે કારણ કે આજની યુવા પેઢી નવા ભારત માટે અમૃત પેઢી છે, જે આવનારા 25 વર્ષમાં દેશને નવી ઊંચાઈએ લઈ જશે. ભારતને આત્મનિર્ભર અને વિકસિત બનાવશે.

આ ઉપરાંત, આ અંકમાં વ્યક્તિત્વ શ્રેણીમાં પરમવીર નિર્મલજીતસિંહ સેખોંની વીરતા, અમૃત મહોત્સવની શ્રેણીમાં મહાન વીરોની પ્રેરણાદાયી ગાથાનો સમાવેશ કરવામાં આવ્યો છે. G-20 સાથે સંકળાયેલા કાર્યક્રમો, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, પ્રધાનમંત્રીની અમેરિકા અને ઈજિપ્તની મુલાકાત આ અંકની વિશિષ્ટતા બની ગયા છે.

આપના સૂચનો અમને મોકલતા રહો.

(રાજેશ મલ્હોત્રા)

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...




### 'નવું ભારત, નવી સંસદ' કવર સ્ટોરી સારી લાગી

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનના 16-30 જૂનના અંકમાં પ્રકાશિત થયેલી 'નવું ભારત, નવી સંસદ' શીર્ષકવાળી કવર સ્ટોરી ઘણી સારી લાગી. નવી સંસદની આ કવર સ્ટોરીમાં જે રીતે દરેક મુદ્દાને સામાન્ય માણસ સુધી પહોંચાડવા માટે રજૂ કરવામાં આવ્યા છે, તેની હું પ્રશંસા કરું છું. પ્રેઝન્ટેશનની દૃષ્ટિએ તે અજોડ છે. મેગેઝિનમાં અન્ય લેખો પણ ઉત્તમ લાગ્યા.


શાલિની ભટનાગર

sbhatnagar1971@gmail.com


### સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે વાંચીને ખૂબ જ સારું લાગે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનમાં આમ તો બધા જ લેખ પોતપોતાના સ્થાને મહત્વપૂર્ણ છે, જેની મદદથી સામાન્ય જ્ઞાન અને નવા સમાચારો વિશેની માહિતી મળતી રહે છે. જો કે, મને વ્યક્તિગત રીતે આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેણીમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે વાંચવાનું ખૂબ જ ગમે છે. આવી દુર્લભ માહિતી ભેગી કરીને તેને પ્રકાશિત કરવા બદલ તમારો અને તમારી સમગ્ર ટીમનો ખૂબ ખૂબ આભાર. અમૃત મહોત્સવ પછી પણ આ કોલમને સતત ચાલુ રાખો તેવી વિનંતી છે.


ડૉ. અરવિંદ કુમાર ગુપ્તા

akg454@gmail.com


### મેગેઝિનમાં પ્રકાશિત થતા લેખો યુવા પેઢીને પ્રેરણા આપે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનમાં પ્રકાશિત થઈ રહેલા લેખો નવા ભારતના સાંસ્કૃતિક, પરંપરાગત, ઔદ્યોગિક અને ડિજિટલ પરિવર્તન પર પ્રકાશ પાડે છે, જે ચોક્કસપણે ભારતની નવી યુવા પેઢીને પ્રેરણા આપે છે. વરિષ્ઠ નાગરિકો પર પ્રકાશિત કવર સ્ટોરી મહત્વપૂર્ણ લાગી. ધ એક્શન ફોર લાઈફ, એક્શન ફોર લાઈફસ્ટાઈલ લેખ ખરેખરમાં ગ્રીન એનર્જીના વિચારોને ઉજાગર કરે છે. છેલ્લા પાના પર ગૌરવપૂર્ણ વારસા અંતર્ગત ડેક્કનના મંદિરની તસવીર ખરેખર આપણા પૌરાણિક વારસાની ઝલક આપે છે.


હેમન વી. મજેઠીયા

heman16@gmail.com


### કવર સ્ટોરીમાં આપવામાં આવેલી તમામ માહિતી મહત્વની લાગી

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનના 1-15 જૂનના અંકમાં 'વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતિ દિવસ' કવર સ્ટોરીમાં આપવામાં આવેલી તમામ માહિતી ખૂબ જ દમદાર લાગી. મેગેઝિન વાંચીને એવું લાગે છે કે, સમાજમાં વરિષ્ઠોની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. તેને ભૂલી શકાય તેમ નથી. પરિવાર અને સમાજમાં તેમને યોગ્ય સન્માન આપવું જોઈએ. વરિષ્ઠ નાગરિકોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ચલાવવામાં આવતી તમામ યોજનાઓ તેમને બહુ-આયામી લાભો આપનારી યોજનાઓ છે. ગૌરવપૂર્ણ વારસા અંતર્ગત રામપ્પા મંદિર વિશે વાંચીને તેના ગૌરવપૂર્ણ ઈતિહાસ પર ગર્વનો અનુભવ થયો. યુનેસ્કોની 2021ની વર્લ્ડ હેરિટેજની યાદીમાં સમાવિષ્ટ આ 'રુદ્રેશ્વર મંદિર'ને તેના શિલ્પીના નામે યાદ રાખવામાં આવે છે, તે કલાકાર અને તેની કળાને દેશ દ્વારા આપવામાં આવેલી સાચી શ્રદ્ધાંજલિ છે.


નરેશ કાનૂનગો

kanungo.naresh@gmail.com


**અમને ફોલો કરો @NISPIBIndia**


**પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું: રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 ઈમેઈલ - response-nis@pib.gov.in**

# ગીતા પ્રેસને વર્ષ 2021નો ગાંધી શાંતિ પુરસ્કાર




શાંતિ અને ગાંધીવાદી આદર્શોને પ્રોત્સાહન આપવાની સાથે સાથે સામૂહિક ઉત્કર્ષમાં યોગદાન આપવા બદલ વર્ષ 2021 માટેનો ગાંધી શાંતિ પુરસ્કાર ગીતા પ્રેસને આપવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળની જ્યુરીએ ચર્ચા-વિચારણા કર્યા પછી 18 જૂન 2023ના રોજ સર્વસંમતિથી વર્ષ 2021ના ગાંધી શાંતિ પુરસ્કાર માટે ગીતા પ્રેસ, ગોરખપુરની પસંદગી કરવામાં આવી છે.

આ પુરસ્કારમાં એક કરોડ રૂપિયાની રકમ, પ્રમાણપત્ર, એક તક્તિ અને ઉત્કૃષ્ટ પરંપરાગત હસ્તકળાની કૃતિ એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર ગીતા પ્રેસને અહિંસા અને અન્ય ગાંધીવાદી આદર્શોના માધ્યમથી સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન લાવવામાં તેમણે આપેલા ઉત્કૃષ્ટ યોગદાન બદલ આપવામાં આવી રહ્યો છે. અગાઉ વર્ષ 2019માં ઓમાનના સુલતાન કબૂસ બિન સૈદ અલ સૈદ અને વર્ષ 2020માં બાંગ્લાદેશના બંગબંધુ શેખ મુજીબુર્રહેમાનને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું છે કે, ગીતા પ્રેસને તેની સ્થાપનાના 100 વર્ષ પૂર્ણ થવાના અવસરે ગાંધી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો એ સંસ્થા દ્વારા સમાજની સેવામાં કરવામાં આવેલા કાર્યોને બિરદાવવા માટે છે. વર્ષ 1923માં સ્થાપવામાં આવેલું ગીતા પ્રેસ વિશ્વના સૌથી મોટા પ્રકાશકો પૈકી એક છે. આ સંસ્થાએ 14 ભાષાઓમાં 41.7 કરોડ પુસ્તકોનું પ્રકાશન કર્યું છે, જેમાં 16.21 કરોડ શ્રીમદ ભગવદ્ ગીતા પુસ્તકોનો સમાવેશ થાય છે. ગાંધી શાંતિ પુરસ્કાર એ ભારત સરકાર દ્વારા સ્થાપિત એક વાર્ષિક પુરસ્કાર છે. આ પુરસ્કારની સ્થાપના વર્ષ 1995માં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 125મી જન્મજયંતિના અવસર પર તેમના આદર્શોને શ્રદ્ધાંજલિ તરીકે કરવામાં આવી હતી. આ પુરસ્કાર રાષ્ટ્રીયતા, વંશીયતા, ભાષા, જાતિ, સંપ્રદાય અથવા લૈંગિક ભેદભાવ રાખ્યા વિના તમામ વ્યક્તિઓ માટે ખુલ્લો છે.

# ઈમ્પોર્ટ ડ્યૂટીમાં પાંચ ટકાના ઘટાડાથી ખાદ્યતેલ સસ્તું થશે



ગ્રાહકોને સસ્તી અને ગુણવત્તાપૂર્ણ ખાદ્ય ચીજો ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર સરકાર નિરંતર પગલાં લઈ રહી છે. નિકાસ પર નિયંત્રણ લગાવવાનું હોય કે ઈમ્પોર્ટ ડ્યૂટીમાં ઘટાડો કરવાનો હોય, સરકાર દરેક સ્તરે મોંઘવારી ઓછી કરવાનો પ્રયાસ કરી રહી છે. સ્થાનિક બજારમાં ખાદ્યતેલના ભાવમાં ઘટાડો કરવા અને ગ્રાહકોને પરવડે તેવા ભાવે ખાદ્યતેલની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાના પ્રયાસરૂપે કેન્દ્ર સરકારે હવે ખાદ્યતેલ પરની બેઝિક ઈમ્પોર્ટ ડ્યૂટીમાં પાંચ ટકાનો ઘટાડો કર્યો છે.

રિફાઈન્ડ સોયાબીન તેલ અને રિફાઈન્ડ સૂર્યમુખી પર બેઝિક ઈમ્પોર્ટ ડ્યૂટી 17.5%થી ઘટાડીને 12.5% કરવામાં આવી છે. સરકારનો આ આદેશ 31 માર્ચ 2024 સુધી લાગુ રહેશે. ખાદ્યતેલના ભાવમાં બેઝિક ઈમ્પોર્ટ ડ્યૂટી મહત્વનું પરિબળ છે જેના કારણે દરેક તબક્કે કિંમત પર અસર પડે છે. અગાઉ ઓક્ટોબર 2021માં રિફાઈન્ડ સોયાબીન તેલ અને રિફાઈન્ડ સૂર્યમુખીના તેલ પરની ઈમ્પોર્ટ ડ્યૂટી 32.5 ટકાથી ઘટાડીને 17.5 ટકા કરવામાં આવી હતી. આવું એટલા માટે કરવામાં આવ્યું કારણ કે, વર્ષ 2021 દરમિયાન આંતરરાષ્ટ્રીય કિંમતો ઘણી ઊંચી હતી, જેની અસર સ્થાનિક કિંમતો પર પણ જોવા મળી રહી હતી.



## 'દૂધ સંકલન સાથી મોબાઈલ એપ' લોન્ચ

દૂધની ગુણવત્તા સુધારો કરવા, દૂધના ઉત્પાદકોને સીધો લાભ ટ્રાન્સફર કરવા અને હિતધારકો વચ્ચે પારદર્શિતાને પ્રોત્સાહન આપવાની સરકારની પ્રતિબદ્ધતાને સાકાર કરવાની દિશામાં તે અનેક પગલાં લઈ રહી છે. આ ક્રમમાં, કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રી ડૉ. મહેન્દ્ર નાથ પાંડેયે ભારતીય ડેરી ઉદ્યોગમાં પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે ઉત્તરાખંડના મસૂરીમાં 'દૂધ સંકલન સાથી મોબાઈલ એપ' લોન્ચ કરી છે. આ એપ્લિકેશનનો ઉદ્દેશ્ય દૂધની ગુણવત્તામાં સુધારો કરવા અને દૂધ સહકારી સમિતિઓ સહિત ગ્રામ્ય સ્તરે સંચાલનને સુવ્યવસ્થિત કરવાનો છે.

રાજસ્થાન ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ લિમિટેડ (REIL) એ આ એપને ડિઝાઈન અને ડેવલપ કરી છે. દૂધ એકત્ર કરવાની પ્રક્રિયામાં હાલમાં આવતા પડકારોનો આ એપ દ્વારા ઉકેલ લાવવામાં આવશે. આ એપ્લિકેશન દૂધ ઉત્પાદકો, દૂધ સહકારી મંડળીઓ, દૂધ સંગઠન અને રાજ્ય સંઘો સહિત તમામ સહભાગીઓમાં પાયાના સ્તરે સંચાલનમાં સુધારો લાવવા માટે સક્રિય થશે. આ મોબાઈલ એપ દૂધ ઉત્પાદકોને તમામ સેવાઓ વિશે અંગ્રેજી, હિન્દી, પંજાબી, તેલુગુ અને અન્ય ભાષાઓમાં માહિતી આપશે. આ ઉપરાંત, આ એપની મદદથી વધારાની દૂધ સહકારી મંડળીઓને મોકલવામાં આવતા દૈનિક દૂધનું ઓનલાઈન મોનિટરિંગ, ક્લાઉડ સર્વર પરથી વાસ્તવિક સમયમાં દૂધના ભાવના અપડેટ, માનવીય ભૂલો દૂર કરવાની કામગીરી, દૂધ ઉત્પાદકોને ચુકવણી અને સરકારી સબસિડી સીધી જ લાભાર્થીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. દૂધના એકત્રીકરણ માટે દૂધ ઉત્પાદકોને આ એપ દ્વારા સૂચનાઓ પણ મોકલવામાં આવશે.



## રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના બ્લેક સ્પોટ સુધારવાની પહેલ

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરોના અહેવાલ અનુસાર, વર્ષ 2021માં સમગ્ર દેશમાં 4.22 લાખ માર્ગ અકસ્માતો થયા હતા અને આ અકસ્માતોમાં 1.73 લાખ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ અકસ્માતોનાં કારણો અલગ અલગ હતા, પરંતુ મુખ્ય કારણોમાં રોડ પર વાહન ચલાવતા ચાલકોની બેદરકારી તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવું અને ધોરીમાર્ગો પરના કેટલાક અકસ્માત સંભવિત સ્થળો પણ સામેલ છે. આ જ કારણ છે કે ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળે માર્ગ સલામતી વધારવા માટે પહેલ કરી છે અને ટૂંકાગાળાના ઉપાયો અમલમાં મૂકવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર અકસ્માત સંભવિત સ્થળો સુધારવા માટે દિશાનિર્દેશો પણ બહાર પાડ્યા છે.

ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ (NHAI)ના પ્રોજેક્ટ નિદેશકોને સંબંધિત રાજ્ય પોલીસ અથવા જિલ્લા માર્ગ સલામતી સમિતિ દ્વારા ઓળખી કાઢવામાં આવેલા અકસ્માત સંભવિત સ્થળોમાં સુધારો કરવા માટે દરેક સ્થળ દીઠ મહત્તમ રૂ. 10 લાખ સુધીના ભંડોળનો અધિકાર આપવામાં આવ્યો છે. સાથે જ, રૂ. 10 લાખથી વધુ અને રૂ. 25 લાખ સુધીના ખર્ચ વાળા ટૂંકાગાળાના ઉપાયોનો અધિકાર સંબંધિત પ્રાદેશિક કચેરીને આપવામાં આવ્યો છે. આ નાણાકીય અધિકારો ભૂતકાળમાં NHAI દ્વારા બહાર પાડવામાં આવેલા દિશા-નિર્દેશોથી અલગ છે જેમાં પ્રોજેક્ટ નિદેશકો દરેક બ્લેક સ્પોટ દીઠ 25 લાખ રૂપિયા સુધીના ખર્ચ વાળા ટૂંકાગાળાના ઉપાયોના માધ્યમથી માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા અધિસૂચિત બ્લેક સ્પોટને સુધારવાની મંજૂરી આપી શકે છે. ટૂંકાગાળાના ઉપાયોમાં આગોતરી ચેતવણી આપનારા સંકેતોમાં ઝેબ્રા ક્રોસિંગ, ક્રેશ બેરિયર્સ અને રેલિંગ, જંકશન સુધારણા, સોલાર લાઈટ અને બ્લિંકર, રોડ સાઈનેજ અને ટ્રાફિક નિયંત્રણના પગલાં લાગુ કરવા જેવી પદયાત્રીઓની સુવિધાઓને ઉપલબ્ધ કરાવવાનું પણ સામેલ છે. ●

# ભારતીય વાયુદળના એકમાત્ર પરમવીર ફ્લાઈંગ ઓફિસર

# નિર્મલજીતસિંહ સેખોં



જન્મ: 17 જુલાઈ 1943, અવસાન: 14 ડિસેમ્બર 1971

**ભારતના સૌથી વિશિષ્ટ યુદ્ધ વીરો પૈકી એક, ભારતીય વાયુદળના પ્રથમ અને એકમાત્ર પરમવીર ફ્લાઈંગ ઓફિસર નિર્મલજીતસિંહ સેખોં, જેમની હિંમત અને સર્વોચ્ચ બલિદાન લાખો લોકોને પ્રેરણા આપે છે. દુશ્મનના બોમ્બમારા વચ્ચે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પોતાનું ફાઈટર પ્લેન ઉડાડીને પછી દુશ્મનોના બે ફાઈટર જેટને તોડી પાડનારા સેખોં જેવા શૂરવીરોને 1971ના ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં નીડરતાપૂર્ણ સાહસિક કાર્ય બદલ દેશ હંમેશા યાદ કરતો રહેશે...**

પંજાબના લુધિયાણા જિલ્લાના રૂરકા ઈસેબલ ગામમાં 17 જુલાઈ 1943ના રોજ નિર્મલજીતસિંહ સેખોંનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ સરદાર ત્રિલોકસિંહ અને માતાનું નામ હરબંસ કૌર હતું. પિતા વાયુદળમાં વોરંટ ઓફિસર હતા જેઓ ફ્લાઈંગ લેફ્ટનન્ટ (માનદ) તરીકે સેવાનિવૃત્ત થયા હતા. નિર્મલજીતસિંહને બાળપણથી જ વિમાન અને વાયુદળ પ્રત્યે વિશેષ આકર્ષણ હતું. લુધિયાણામાં અજિતસર મોહી હાઈસ્કૂલમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેમણે 1962માં દયાલબાગ એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ લીધો. જો કે, તેમણે તેમનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો અને 4 જૂન, 1967ના રોજ ફાઈટર પાઈલટ તરીકે વાયુદળમાં નિયુક્ત થયા.

આકરી તાલીમ લીધા બાદ ઓક્ટોબર, 1968માં 18 સ્ક્વૉડ્રનમાં સામેલ થયા. તેમણે વર્ષ 1971માં લગ્ન કર્યા હતા. તે જ સમયે, પાકિસ્તાન-ભારત વચ્ચે યુદ્ધ વિશે માહિતી મળી, જેની શરૂઆત પાકિસ્તાન દ્વારા 3 ડિસેમ્બર, 1971ના રોજ કરવામાં આવી હતી. સેખોંએ મોરચો સંભાળવાનું નક્કી કર્યું. તે સમય દરમિયાન, સેખોં શ્રીનગરમાં જી-નેટ વિમાનની ટૂકડીના સહ-પાઈલટ હતા, તેમણે તરત જ શ્રીનગર એરબેઝ પર તાત્કાલિક રિપોર્ટિંગ કર્યું.

પાકિસ્તાન તરફથી થતા હુમલામાં એરસ્પેસની સુરક્ષાની જવાબદારી 18 સ્ક્વૉડ્રનને સોંપવામાં આવી હતી. જેમાં ફ્લાઈંગ ઓફિસર નિર્મલજીતસિંહ સેખોંને તૈનાત કરવામાં આવ્યા હતા. 14 ડિસેમ્બર, 1971ના રોજ સેખોં તૈયાર બેઠા હતા. ત્યારે જ, પાકિસ્તાનના પેશાવરથી 6 F-86 જેટે શ્રીનગર એરબેઝ પર હુમલો કર્યો હતો. દુશ્મનના વિમાનો સ્ટ્રીપ પર ઉડાવા લાગ્યા અને જમીન પર રહેલા ઠેકાણાઓ પર ગોળીઓનો વરસાદ થવા લાગ્યો. આવી સ્થિતિમાં ઉડાન ભરવી એ મૃત્યુને આમંત્રણ આપવા જેવું હતું. તેમ છતાં સેખોંએ નેટ ઉડાન ભરી અને એક વિમાનને તોડી પાડ્યું તેમજ બીજામાં આગ લગાવી દીધી. આ દરમિયાન લીડ ભૂમિકા વાળા ફ્લાઈંગ લેફ્ટેનન્ટ ઘુમ્મન સાથે સેખોંનો સંપર્ક તૂટી ગયો અને તેઓ એકલા જ દુશ્મન સામે ટક્કર લઈ રહ્યા હતા.

આ દરમિયાન, પાકિસ્તાનના અન્ય 4 સૈબર વિમાનોએ નિર્મલજીતસિંહ સેખોંના વિમાનને ઘેરી લીધું હતું. સેખોં તો પણ હિંમત હાર્યા નહોતા. ઝાડ જેટલી ઊંચાઈએ ચાલી રહેલી લડાઈમાં દુશ્મનો સાથે ટક્કર લેવાનું ચાલુ રાખ્યું હતું. સેખોંના વિમાન પર હુમલો થયો અને વિમાન ક્રેશ થઈ ગયું જેમાં તેઓ શહીદ થયા હતા. બાદમાં તેમના વિમાનના ટુકડા ચોક્કસપણે મળી આવ્યા હતા પરંતુ ફ્લાઈંગ ઓફિસર સેખોંનો મૃતદેહ મળ્યો ન હતો. મરણોત્તર, 28 વર્ષની ઉંમરે, શેખોંને સર્વોચ્ચ સૈન્ય સન્માન પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## કૃતજ્ઞ દેશ આ રીતે યાદ કરે છે

આંદામાન અને નિકોબાર ટાપુઓના એકવીસ મોટા અજ્ઞાત ટાપુઓનું નામ પરવીર ચક્ર વિજેતાઓના નામ પર રાખવામાં આવ્યું છે, જેમાં ફ્લાઈંગ ઓફિસર નિર્મલજીતસિંહ સેખોંના નામનો એક ટાપુ પણ સામેલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, "આ 21 નવા નામકરણ કરવામાં આવેલા ટાપુઓ યુવા પેઢીઓ માટે સતત પ્રેરણા સ્રોત બની રહેશે." રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, લુધિયાણા જિલ્લા અદાલત અને શાળામાં પણ સેખોંની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. દેશના તત્કાલિન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ જાન્યુઆરી 2000માં ભારતના પ્રજાસત્તાકના 50 વર્ષ નિમિત્તે ભારતીય સશસ્ત્ર દળોના વીરતા પુરસ્કાર વિજેતાઓને શ્રદ્ધાંજલિ રૂપે પાંચ ટપાલ ટિકિટોનો સમૂહ બહાર પાડ્યો હતો, જેમાં ફ્લાઈંગ ઓફિસરનું નિર્મલજીતસિંહ સેખોંના નામ વાળી ટપાલ ટિકિટ પણ સામેલ હતી.●



કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

# શેરડીના લઘુતમ ટેકાનો ભાવ વધારવાનો નિર્ણય, 5 કરોડ ખેડૂતોને લાભ થશે

**ભારત સરકાર શેરડીનું વાવેતર કરતા ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા અને તેમના જીવનમાં મીઠાશ લાવવા માટે પ્રતિબદ્ધ છે. આ શ્રેણીમાં આગળ વધીને, વર્ષ 2023-24 માટે શેરડીનો ભાવ વધારીને 315 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ ભાવ છે. આનાથી સમગ્ર દેશમાં શેરડીનું વાવેતર કરતા કરોડ ખેડૂતોને ફાયદો થશે. આ દિશામાં સરકારે યુરિયા સબસિડી યોજનાની મુદત વધુ 3 વર્ષ સુધી લંબાવી છે. સાથે જ, કેન્દ્રીય મંત્રીમંડળે પીએમ-પ્રણામ સહિત અન્નદાતાઓના કલ્યાણ સાથે સંકળાયેલા અન્ય ઘણા કાર્યક્રમોને પણ મંજૂરી આપી છે...**

**નિર્ણયઃ સરકારે ખાંડની સિઝન 2023-24માં શેરડીના ખેડૂતો માટે અત્યાર સુધીના સૌથી વાજબી અને લાભદાયી ભાવ 315 રૂપિયા/ક્વિન્ટલને મંજૂરી આપી દીધી છે.**

**અસરઃ** આ નિર્ણયથી શેરડીનું વાવેતર કરતા લગભગ 5 કરોડ ખેડૂતો અને ખાંડની મિલોમાં કામ કરતા લાખો કામદારોને ફાયદો થશે. ગત સિઝનમાં શેરડીનો લઘુતમ ભાવ 305 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતો. આ ઉપરાંત, સરકારે નિર્ણય લીધો છે કે, જ્યાં રિકવરી 9.5 ટકાથી ઓછી હોય તેવી ખાંડ મિલોના કેસમાં કોઈ કપાત કરવામાં નહીં આવે.

**નિર્ણયઃ ખેડૂતોના ઉત્કર્ષ માટે, માટીની ઉત્પાદકતામાં વૃદ્ધિ કરવા અને પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યોજનાઓના એક વ્યાપક પેકેજની મંજૂરી આપવામાં આવી.**

**અસરઃ** 3,70,128.7 કરોડ રૂપિયાના કુલ ખર્ચ સાથે ખેડૂતો માટે નવીન યોજનાઓનું એક વિશેષ પેકેજ મંજૂર કરવામાં આવ્યું છે. યોજનાઓના સમૂહમાં ટકાઉક્ષમ કૃષિને પ્રોત્સાહન આપીને ખેડૂતોની એકંદર સુખાકારી અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પહેલ ખેડૂતોની આવકમાં વધારો કરશે, કુદરતી અને જૈવિક ખેતીને મજબૂતી આપશે, જમીનની ઉત્પાદકતાને પુનર્જીવિત કરશે અને ખાદ્ય સુરક્ષા પણ સુનિશ્ચિત કરશે.

- યુરિયા સબસિડી યોજના ચાલુ રાખવાની મંજૂરી.
- જમીનમાં સલ્ફરની ઉણપને દૂર કરવા અને ખેડૂતોનો ઈનપુટ ખર્ચ ઓછો કરવા માટે સલ્ફર કોટેડ યુરિયા (યુરિયા ગોલ્ડ)ની રજૂઆત.
- 2025-26 સુધીમાં, 195 LMT પરંપરાગત યુરિયાની સમકક્ષ 44 કરોડ બોટલની ઉત્પાદન ક્ષમતા ધરાવતા આઠ નેનો યુરિયા પ્લાન્ટ ચાલુ કરવામાં આવશે.

**નિર્ણયઃ દેશમાં સંશોધનની ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે સંસદમાં રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશન વિધેયક, 2023 રજૂ કરવાની મંજૂરી આપવામાં આવી.**

**અસરઃ** મંજૂર કરવામાં આવેલું વિધેયક રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશનની સ્થાપના કરવા માટેનો માર્ગ મોકળો કરશે. આ ફાઉન્ડેશન સંશોધન અને વિકાસનું બીજારોપણ કરશે, તેનો વિકાસ કરશે અને પ્રોત્સાહન આપશે. સાથે જ, સમગ્ર દેશની યુનિવર્સિટીઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ અને વિકાસ પ્રયોગશાળાઓમાં સંશોધન અને આવિષ્કારની સંસ્કૃતિમાં પણ તે વધારો કરશે.

**નિર્ણયઃ ભારત સરકાર અને આપદા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધન વચ્ચે 22 ઓગસ્ટ, 2022ના રોજ કરાયેલા કરારને મંજૂરી આપવામાં આવી.**


**અસરઃ** આ કરારને મંજૂરી આપવાથી આપદા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધનને સંયુક્ત રાષ્ટ્ર (વિશેષાધિકાર અને પ્રતિરોધકતા) અધિનિયમ, 1947ની કલમ-3 હેઠળ અપેક્ષિત છૂટ, પ્રતિરોધકતા અને વિશેષાધિકારો મેળવવાની સુવિધા પ્રાપ્ત થશે, જેના આધારે તે કાયદેસર રીતે એક સ્વતંત્ર અને એકમ તરીકે પોતાના કાર્યોને આંતરરાષ્ટ્રીય સ્તરે પર વધુ કૌશલ્ય સાથે અમલમાં મૂકી શકશે.●



# સશક્ત બની રહી છે ભારતની 'અમૃત પેઢી'

**ભારત સમગ્ર વિશ્વનો સૌથી યુવા દેશ છે જેની સરેરાશ ઉંમર 29 વર્ષની છે. લગભગ 65 ટકા વસ્તી 35 વર્ષથી ઓછી ઉંમરની છે, જ્યારે 50 ટકા વસ્તી 25 વર્ષથી ઓછી વયની છે. આવી સ્થિતિમાં, ડેમોગ્રાફી (જનસમુદાય) અને ડેમોક્રેસી (લોકશાહી)ના રૂપમાં અપાર શક્તિઓ ધરાવતો દેશ યુવાનોનાં સપનાંઓને નવી ઉડાન આપી રહ્યો છે. ત્રણ વર્ષ પહેલાં 29 જુલાઈના રોજ રાષ્ટ્રની સમક્ષ આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા જ્ઞાનનું વૈશ્વિક હબ બનાવવાની પહેલ હોય કે પછી એક મિશનના રૂપમાં યુવાનોને કૌશલ્યોથી સજ્જ કરવાના હોય, સ્ટાર્ટઅપથી યુનિકોર્નની પહેલને સંસ્કૃતિ બનાવવાની હોય કે ટેકનોલોજી- ડિજિટલ સાથે યુવાનોને જોડવાના હોય, સેના અને અન્ય સ્થળોએ યુવાનોને નવી તકો આપવાની હોય કે પછી રમતગમતને કારકિર્દી સાથે જોડીને સામાજિક વિચારસરણીમાં પરિવર્તન લાવવાનું હોય, રાષ્ટ્રીય યુવા નીતિ દ્વારા અમૃતકાળની દિશામાં આગળ વધવાનું હોય કે પછી રોજગાર- સ્વ-રોજગાર સાથે જોડીને ક્રાંતિકારી પહેલને સાકાર કરવાની હોય. અમૃત પેઢી તરીકે ઓળખાતી યુવા શક્તિ ભારતની વિકાસ યાત્રાનું પ્રેરક બળ બની ગઈ છે જે આવનારા 25 વર્ષમાં દેશને નવી ઊંચાઈએ લઈ જશે અને ભારતને આત્મનિર્ભર તેમજ વિકસિત રાષ્ટ્ર બનાવશે...**





*ભારતના માણસો પણ યુવાન છે*

*અને ભારતનું માનસ પણ યુવાન છે*

*ભારત તેના સામર્થ્યથી પણ યુવાન છે*

*ભારત તેના સપનાંથી પણ યુવાન છે*

*ભારત તેના ચિંતનથી પણ યુવાન છે*

*ભારત તેની ચેતનાથી પણ યુવાન છે*

***આ વિશેષતાઓના કારણે જ આજે સમગ્ર દુનિયા ભારતને આશાભરી દૃષ્ટિથી, વિશ્વાસની દૃષ્ટિથી જુએ છે. ભારત યુવાન છે કારણ કે ભારતની દૃષ્ટિએ હંમેશા આધુનિકતાને સ્વીકારી છે, ભારતની વિચારધારાએ હંમેશા પરિવર્તનને અંગીકાર કર્યું છે. ભારત એવી ભૂમિ છે, જેની પ્રાચીનતામાં પણ નવીનતા છે. વેદોમાં કહેવામાં આવ્યું છે કે - "અપિ યથા, યુવાનો મત્સથા, નો વિશ્વં જગત્, અભિપિત્વે મનીષા". મતલબ કે, યુવાનો જ વિશ્વમાં સુખથી સુરક્ષા સુધીનો સંચાર કરે છે. માત્ર યુવાનો જ નિશ્ચિતપણે ભારત માટે અને રાષ્ટ્ર માટે સુખ અને સુરક્ષાનો માર્ગ અવશ્ય મોકળો કરશે. તેથી જ, ભારતમાં એક-એક વ્યક્તિથી સમગ્ર જગત સુધીની યોગની યાત્રા હોય, ક્રાંતિ હોય કે ઉત્તરોત્તર વિકાસ હોય, સેવા માર્ગ હોય કે પછી સમર્પણ હોય, વાત પરિવર્તનની હોય કે પરાક્રમની હોય, સહકારનો માર્ગ હોય પછી સુધારણાનો હોય, વાત મૂળ સાથે જોડાયેલા રહેવાની હોય કે દુનિયામાં વિસ્તરણ કરવાની હોય, એવું કોઈ ક્ષેત્ર નથી કે જેમાં આપણા દેશના યુવાનોએ ઉત્સાહભેર સક્રિયપણે ભાગ ન લીધો હોય કારણ કે...***

તેમનું લક્ષ્ય હવે અનંત આકાશ છે. તેમણે પોતાની નવી ઓળખ બનાવી છે. કેન્દ્ર સરકારની નીતિઓને કારણે યુવાનોનો ઉત્સાહ ખૂબ જ ઉચ્ચતમ સ્તરે છે. ભારતના યુવાનોની નસોમાં આવિષ્કારનો જુસ્સો દોડે છે. તેના મગજમાં સર્જનાત્મકતાનો પ્રવાહ છે. ભારતના યુવાનો જે આવિષ્કાર અને સર્જનાત્મકતાની વાત કરી રહ્યા છે, તેને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવાનું કામ કેન્દ્ર સરકાર કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર 'કેન ડુ સ્પિરિટ, વિલ ડુ એપ્રોચ' (કરી શકાય છે તેવી ભાવના, કરી શકીશ તેવો અભિગમ) ધરાવતા ભારતના યુવાનોની પ્રતિભાનો દરેક સંભવિત ઉપયોગ કરી રહી છે અને તેમના માટે અનુકૂળ માહોલ ઊભો કરી રહી છે. પ્રધાનમંત્રી મોદી યુવાનોને ઉદ્યોગસાહસિક અને સ્વરોજગાર બનવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. તેથી જ આજના યુવાનો નોકરી શોધનારને બદલે નોકરી આપનારા બની રહ્યા છે. કેન્દ્ર સરકારની નીતિઓ અને યોજનાઓ સ્ટાર્ટ-અપ્સને સંપૂર્ણ સમર્થન આપી રહી છે, જેના કારણે યુવાનોમાં જોખમ ઉઠાવવાની હિંમત વધી છે. કોઈપણ સરકાર સુધારાત્મક પગલાં ભરે તો યુવાનો પરિણામ લાવે છે. સરકાર અને યુવાનો વચ્ચેની આ ભાગીદારી દેશના સંકલ્પોને





> આજે જ્યારે દુનિયા ભારત તરફ ખૂબ જ આશાભરી નજરે જોઈ રહી છે ત્યારે તેની પાછળનું કારણ યુવાનો છે. આજે આપણે વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ. ભારતનું લક્ષ્ય ટોપ-3માં સ્થાન મેળવવાનું છે. દેશનો આ આર્થિક વિકાસ યુવાનો માટે અપાર તકો લાવશે. ટેકનોલોજીની ક્રાંતિ અને કૃષિ ક્ષેત્રે આવિષ્કાર યુવાનો માટે નવી તકો ઊભી કરશે, નવા રસ્તાઓ ખુલશે. આજના યુવાનો આ પરિવર્તનના સાક્ષી બની રહ્યા છે અને આવતીકાલે તેઓ આ તાકાતથી જ ભવિષ્યનું નેતૃત્વ કરશે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

નવી ઉડાન આપી રહી છે.

### શિક્ષણનું વૈશ્વિક હબ બનવા તરફ આગેકૂચ

કોઈપણ દેશ પોતાના શિક્ષણ અને શિક્ષણ નીતિઓને કારણે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે. કેન્દ્ર સરકારે વિશ્વસ્તરીય શિક્ષણનું નિર્માણ કર્યું છે, જેના કારણે દેશના યુવાનો સશક્ત બની રહ્યા છે. પ્રધાનમંત્રી મોદી વધુ સારી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાવ્યા છે, જેથી શિક્ષણના ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય. આમાં હવે અંગ્રેજી ભાષાનું કોઈ બંધન નથી. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણના સ્તરે પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. એન્જિનિયરિંગ અને IT જેવા ટેકનિકલ વિષયોનો અભ્યાસ હવે પાંચ પ્રાદેશિક ભાષાઓમાં પણ થઈ શકે છે. આનાથી માત્ર રજિસ્ટ્રેશન જ નહીં પરંતુ વૈશ્વિક વિચારસરણી સાથે સ્થાનિક સમસ્યાઓ ઉકેલવાની વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓની ક્ષમતામાં પણ વધારો થશે. યુવાધનથી સમૃદ્ધ દરેક દેશમાં ત્રણ બાબતો ખૂબ મહત્વની હોય છે, જે યુવાનોની સાચી ઓળખ બની જાય છે. પ્રથમ બાબત છે- આઈડિયા અને ઈનોવેશન (વિચારો અને આવિષ્કાર). બીજી બાબત છે- જોખમ લેવાની હિંમત અને ત્રીજી બાબત છે, કેન ડુ સ્પિરિટ, એટલે કે કોઈપણ કાર્યને પૂર્ણ કરવાની જીદ, પછી ભલેને સંજોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય - જ્યારે આ ત્રણેય બાબતોને જોડવામાં આવે છે તો અભૂતપૂર્વ પરિણામો પ્રાપ્ત થાય છે. આમાં શિક્ષણનું યોગદાન મહત્વનું છે. આ જ કારણ છે કે લગભગ ત્રણ દાયકાની રાહ જોયા પછી, ત્રણ વર્ષ પહેલાં એટલે કે 29 જુલાઈ 2020ના રોજ, ભારતને આવી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મળી, જે ભારતને જ્ઞાનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા તરફ આગળ વધી છે. પ્રધાનમંત્રી મોદીની વિદ્યાર્થી આધારિત નીતિઓને કારણે ઘણા મોટા ફેરફારો થયા છે. દેશમાં એઈમ્સ, IIT, IIM અને મેડિકલ કોલેજોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે.

### કૌશલ્ય મિશનથી નવું ભારત કૌશલ્યવાન બની રહ્યું છે

યુવાનોને તેમના શિક્ષણ, કૌશલ્ય અને અપેક્ષાઓ અનુસાર રોજગાર મળી શકે, તે મોદી સરકારની પ્રાથમિકતા રહી છે. પ્રત્યક્ષ અને પરોક્ષ સૂચકાંકો દ્વારા જાણી શકાય છે કે, દેશની અંદર રોજગારની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. મજબૂત આર્થિક નીતિઓને કારણે લાખો નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી કૌશલ્ય યોજના હેઠળ લોકોને કૌશલ્ય શીખવવામાં આવી રહ્યા છે. સરકારના આ પ્રયાસોના પરિણામ સ્વરૂપે નવા ક્ષેત્રોમાં રોજગારીની નવી તકોનું સર્જન થઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, આપણે ફક્ત EPFOના આંકડાઓ પર જ નજર કરીએ, તો વર્ષ 2018-19 પછી સાડા ચાર કરોડથી વધુ લોકોને ઔપચારિક નોકરીઓ મળી છે. દેશમાં સ્વ-રોજગારની તકોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. આ બાબત મોદી સરકારમાં યુવાનોનો વિશ્વાસ હોવાનું બતાવે છે. યુવાનોને ભવિષ્યને અનુરૂપ તૈયાર કરવા માટે, તેમને સતત કૌશલ્યવાન બનાવવાની, તેમને પુનઃકૌશલ્ય આપવાની અને તેમના કૌશલ્યોનું નિર્માણ કરવાની જરૂર છે. આ વિચાર સાથે ભારતમાં સ્કિલ મેપિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આમાં, શિક્ષણ, કૌશલ્ય અને શ્રમ મંત્રાલયો સાથે મળીને કામ કરી રહ્યા છે. ભારતના યુવાનો માટે વિવિધ ક્ષેત્રોમાં કામ કરવાનું કૌશલ્ય હોવું પણ ખૂબ જ જરૂરી છે. આના માટે દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓનું નિર્માણ પણ યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યું છે.

2014 થી 2022 સુધીના સમયમાં દર વર્ષે એક નવી IIT અને નવી IIM તૈયાર કરવામાં આવી છે. છેલ્લા 9 વર્ષમાં સરેરાશ દર અઠવાડિયે એક યુનિવર્સિટી ખોલવામાં આવી છે અને દરરોજ બે કોલેજો ખોલવામાં આવી છે. કોલેજોની સંખ્યા વધવાથી આપોઆપ બેઠકોની સંખ્યા પણ વધે છે જેથી યુવાનો માટે ઉચ્ચ શિક્ષણની તકો વધે. કોઈપણ કાર્ય માટે કૌશલ્ય વિકસાવવામાં ITI પણ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. છેલ્લા 9 વર્ષોમાં દેશમાં લગભગ દરરોજ એક નવી ITIનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે દેશના અંદાજે 15 હજાર ITI અને નવી જરૂરિયાતો અનુસાર નવા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવી રહ્યા છે. કૌશલ્ય વિકાસની વિવિધ યોજનાઓ હેઠળ દેશમાં 6 કરોડથી વધુ યુવાનોને કૌશલ્ય તાલીમ આપવામાં આવી છે.

### રમતગમત હવે કારકિર્દીની નવી ઓળખ બની

છેલ્લા 9 વર્ષમાં ભારતમાં રમતગમતના નવા યુગનો ઉદય થયો છે. આ નવો યુગ માત્ર ભારતને વિશ્વની એક મોટી રમત શક્તિ બનાવવાનો નથી, પરંતુ તે રમતગમત દ્વારા સમાજના સશક્તિકરણનો પણ નવો યુગ છે. એક એવો સમય હતો જ્યારે દેશમાં રમતગમત પ્રત્યે ઉદાસીનતાની લાગણી જ જોવા મળતી હતી. બહુ ઓછા લોકોએ વિચારતા હતા કે, રમતગમતમાં કારકિર્દી પણ બની શકે છે. તેનું કારણ એ હતું કે રમતગમતને સરકારો તરફથી જે સમર્થન અને સહકાર મળવા જોઈએ તે મળતા નહોતા. તેથી જ ગરીબ, મધ્યમ વર્ગ અને ગામડાના બાળકો માટે રમતગમતમાં આગળ વધવું ખૂબ મુશ્કેલ હતું. મોટાભાગના મા-બાપને પણ લાગવા માંડ્યું હતું કે, બાળકોએ એવા વ્યવસાયમાં જ જવું જોઈએ, જેનાથી તેનું જીવન વ્યવસ્થિત બને, પરંતુ હવે સમાજના દષ્ટિકોણમાં મોટું પરિવર્તન આવ્યું છે. જીવનમાં આગળ વધવા માટે, રમતગમતને એક આકર્ષક પ્રોફેશન તરીકે જોવામાં આવે છે. આમાં ખેલો ઈન્ડિયા અભિયાને ઘણી મોટી ભૂમિકા ભજવી છે.

પ્રધાનમંત્રી મોદીના પ્રયાસોથી દેશના લોકોની વિચારસરણીમાં પરિવર્તન આવ્યું છે. કેન્દ્ર સરકારે એવી નીતિઓ બનાવી છે કે, જેનાથી રમતગમતમાં કારકિર્દી ઘડવાનો માર્ગ ખુલ્યો છે. તેનું પરિણામ એ આવ્યું છે કે, ટોક્યો ઓલિમ્પિકમાં ભારતે 7 ચંદ્રક જીતીને તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ભારતે પેરાલિમ્પિકમાં પણ 19 ચંદ્રક જીત્યા છે. નવા ભારતનો મંત્ર છે - એકજૂથ થાઓ અને જીતો. એકજૂથ થાઓ અને જંગ જીતો. પેરાલિમ્પિકમાં ભારતે જેટલા ચંદ્રક જીત્યા છે એટલા ચંદ્રક તેના અત્યાર સુધીના ઈતિહાસમાં નથી જીત્યા. ઓલિમ્પિકમાં ભારતનું પ્રદર્શન સર્વશ્રેષ્ઠ રહ્યું, કારણ કે યુવાનોમાં જીતનો વિશ્વાસ જન્મ્યો છે. કેન્દ્ર સરકારના TOPS કાર્યક્રમ દ્વારા ખેલાડીઓને તમામ પ્રકારની રમતો માટે સહકાર અને પ્રોત્સાહન મળી રહ્યું છે. નવી રમતોને પણ ઓળખ મળી રહી છે. આના કારણે ખેલાડીઓ ભારતને ગૌરવ અપાવવાની સાથે પોતાનું ભવિષ્ય પણ સુધારી રહ્યા છે.

> આજે દેશનું લક્ષ્ય છે - વિકસિત ભારત, સશક્ત ભારત! વિકસિત ભારતનું સપનું સાકાર કર્યા વિના આપણે અટકવાનું નથી. મને ખાતરી છે કે, દરેક યુવા આ સપનાંને પોતાનું સપનું બનાવશે, દેશની આ જવાબદારી પોતાના ખભા પર ઉપાડશે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



### સ્ટાર્ટઅપથી યુનિકોર્ન સુધીની સફર

છેલ્લા 9 વર્ષમાં નોકરીઓની પ્રકૃતિમાં પણ ખૂબ જ ઝડપથી પરિવર્તન આવ્યું છે. આ બદલાતા સંજોગોમાં યુવાનો માટે નવા ક્ષેત્રો ઉભા થયા છે. કેન્દ્ર સરકાર આ નવા ક્ષેત્રોને પણ સતત પ્રોત્સાહન આપી રહી છે. આ 9 વર્ષોમાં દેશે સ્ટાર્ટ-અપની સંસ્કૃતિમાં નવી ક્રાંતિ જોઈ છે. 2014માં, જ્યાં દેશમાં માત્ર અમુક સો જેટલા સ્ટાર્ટઅપ હતા, આજે તેમની સંખ્યા એક લાખથી ઉપર પહોંચી ગઈ છે. એક અંદાજ મુજબ આ સ્ટાર્ટઅપ્સે ઓછામાં ઓછા 10 લાખ યુવાનોને રોજગાર આપ્યા છે. આ 9 વર્ષોમાં ડ્રોન ક્ષેત્રમાં નવો ઉછાળો આવ્યો છે. ખાતરના છંટકાવથી લઈને દવાઓ પહોંચાડવા સુધીના કાર્યોમાં ડ્રોનનો ઉપયોગ વધી રહ્યો છે. છેલ્લા 9 વર્ષમાં ભારત સરકારે મુદ્રા યોજના હેઠળ દેશના યુવાનોને 23 લાખ કરોડ રૂપિયા આપ્યા છે. અંદાજે 8 થી 9 કરોડ લોકો એવા છે કે




જેમણે મુદ્રા યોજનાની મદદથી પ્રથમ વખત પોતાનું સ્વતંત્ર કામ શરૂ કર્યું છે. આજે જે આત્મનિર્ભર ભારત અભિયાન ચાલી રહ્યું છે, તેનો આધાર દેશમાં મેન્યુફેક્ચરિંગ દ્વારા રોજગારીનું સર્જન કરવાનો પણ છે. PLI યોજના હેઠળ કેન્દ્ર સરકાર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે લગભગ 2 લાખ કરોડ રૂપિયાની સહાય પૂરી પાડી રહી છે. આ રકમ ભારતને વિશ્વનું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા ઉપરાંત, લાખો યુવાનોને રોજગાર આપવામાં પણ મદદ કરશે.

### યુવા જોશને નવી તકો મળી રહી છે

જે દેશના યુવાનો જોશ અને ઉત્સાહથી ભરેલા હોય છે, તે દેશની પ્રાથમિકતા હંમેશા યુવાનો જ હશે. આજનું ભારત પણ તેના તમામ યુવા મિત્રોને તે પ્લેટફોર્મ પૂરું પાડવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે રાષ્ટ્રના સપનાંને સાકાર કરવામાં મદદ કરી શકે. આજે ભારતમાં યુવાનો માટે નવાં નવાં ક્ષેત્રો ખોલવામાં આવી રહ્યા છે. ભારતની ડિજિટલ ક્રાંતિ હોય, ભારતની સ્ટાર્ટ-અપ ક્રાંતિ હોય, આવિષ્કારની ક્રાંતિ હોય, આ બધાનો સૌથી મોટો ફાયદો યુવાનોને મળી રહ્યો છે. આજે જે રીતે ભારત પોતાના સંરક્ષણ ક્ષેત્રમાં નિરંતર સુધારો કરી રહ્યું છે, તેનો લાભ દેશના યુવાનોને પણ મળી રહ્યો છે. એક એવો સમય હતો જ્યારે એસોલ્ટ રાઇફલ્સ અને બુલેટ પ્રુફ જેકેટ પણ વિદેશોમાંથી આયાત કરવામાં આવતા હતા, પરંતુ આજે સેના માટે જરૂરી હોય એવી સેંકડો વસ્તુઓ છે, જેનું નિર્માણ ભારતમાં જ કરવામાં આવી રહ્યું છે. આ તમામ અભિયાનો ભારતના યુવાનો માટે નવી સંભાવનાઓ અને તકો લઈને આવ્યા છે. તાજેતરમાં જ, દેશે યુવા પ્રતિભાઓ માટે અવકાશ ક્ષેત્રના દરવાજા ખોલી દીધા છે. તેનું પરિણામ એ આવ્યું કે, જોત જોતામાં જ પ્રથમ ખાનગી ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો. એવી જ રીતે, એનિમેશન અને ગેમિંગ ક્ષેત્ર પ્રતિભાવાન યુવાનો માટે તકોનું વિસ્તરણ કરી રહ્યા છે. મનોરંજન હોય, લોજિસ્ટિક્સ હોય, કૃષિ હોય, દરેક જગ્યાએ ડ્રોન ટેકનોલોજી આવી રહી છે. આજે દેશના યુવાનો ભારતમાં તમામ પ્રકારના ડ્રોન તૈયાર કરવા માટે આગળ આવી રહ્યા છે.

> દુનિયાએ એ હકીકતને સ્વીકારી લીધી છે કે આજે ભારત પાસે બે અપાર શક્તિઓ છે - એક છે ડેમોગ્રાફી અને બીજી ડેમોક્રેસી. દેશમાં જેટલી વધુ યુવાન વસ્તી છે, તેટલું જ તેનું સામર્થ્ય પણ વધારે છે અને તેની સંભાવનાઓ પણ એટલી જ વ્યાપક માનવામાં આવે છે. પરંતુ ભારતના યુવાનો પાસે ડેમોગ્રાફી લાભાંશની સાથે સાથે ડેમોક્રેટિક મૂલ્ય પણ છે, તેમનો ડેમોક્રેડિક લાભાંશ અતુલ્ય છે. ભારત તેના યુવાનોને વિકાસના ચાલક પણ માને છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

છેલ્લા 8 વર્ષમાં પોલીસ અને અર્ધલશ્કરી દળોમાં દીકરીઓની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. સેનાની ત્રણેય પાંખમાં અગ્ર મોરચે મહિલાઓની તૈનાતી માટેનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો છે. આજે મહિલાઓ પહેલીવાર ભારતીય નૌકાદળમાં અગ્નિવીર

તરીકે, નાવિક તરીકે જોડાઈ છે. મહિલાઓએ પણ સશસ્ત્ર દળોમાં યૌદ્ધાની ભૂમિકામાં પ્રવેશ મેળવવાનું શરૂ કર્યું છે. પૂણેમાં NDAA મહિલા કેડેટ્સની પ્રથમ બેચની તાલીમ શરૂ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે સૈનિક શાળાઓમાં છોકરીઓને પ્રવેશ આપવાની પણ મંજૂરી આપી દીધી છે. સૈનિક શાળાઓમાં 1500 જેટલી વિદ્યાર્થિનીઓનો પ્રવેશ થઈ ગયો છે.

આજે યુવાનો માટે સ્વ-પ્રમાણીકરણની સુવિધા છે, જ્યારે અગાઉના સમયમાં પ્રમાણપત્રને ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરાવવું પડતું હતું. ગ્રુપ-સી, ડીની જગ્યાઓ પર ભરતી માટે ઈન્ટરવ્યુ પ્રથા નાબૂદ કરવામાં આવી છે. ટેક્નોલોજીના આ યુગમાં ગામડે ગામડે યુવાનો નવા ડિજિટલ ઉદ્યોગસાહસિક બની રહ્યા છે. કેન્દ્ર સરકારની યોજનાઓને કારણે દેશમાં રોજગાર અને સ્વરોજગારની તકો સતત વધી રહી છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકાર યુવાનોને 10 લાખ કાયમી સરકારી નોકરીઓ આપવા માટે રોજગાર મેળાનું પણ આયોજન કરી રહી છે. જ્યારે આટલી વિશાળ યુવા શક્તિ રાષ્ટ્ર નિર્માણમાં, દેશના વિકાસમાં જોડાઈ જશે, ત્યારે કોઈપણ લક્ષ્ય અસંભવ નહીં રહે.

વાસ્તવમાં, કોઈપણ રાષ્ટ્રને ચલાવવા માટે સૌથી મહત્વની જે ઉર્જા હોય છે તે યુવાનોની ઉર્જા છે. ઉંમરના આ મુકામ પર તેમનામાં એક ઉત્સાહ અને જોશ હોય છે. મનમાં ઘણાં સપનાં હોય છે અને જ્યારે સપનાં સંકલ્પ બની જાય છે અને સંકલ્પ માટે જીવન જોડાઈ થાય છે ત્યારે જીંદગી સફળ થઈ જાય છે. ભારતના યુવાનો માટે આ નવી તકોનો સમય છે. દરેક જગ્યાએ એક જ ચર્ચા છે કે, ભારતનો સમય આવી ગયો છે, આજે આખી દુનિયા ભારત તરફ મીટ માંડી રહી છે. તેની પાછળનું સૌથી મોટું કારણ ભારતનું યુવાધન છે. ખરા અર્થમાં યુવાશક્તિ એ ભારતની વિકાસ યાત્રાનું પ્રેરક બળ છે. આવી સ્થિતિમાં, જે રાષ્ટ્ર સર્વસમાવેશી પ્રગતિનું લક્ષ્ય રાખે છે તે તેની યુવા શક્તિના સર્વાંગી વિકાસમાં રોકાણ ન કરવાનું જોખમ ન લઈ શકે. ભારત વિશ્વમાં સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ છે. આટલું વિશાળ યુવાધન ધરાવતો દેશ નાનું સપનું ન જોઈ શકે. તેથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી મુજબ, યુવાનોને મોટું વિચારવાની તક મળી રહી છે, જેથી તેઓ મોટા સપનાંઓ જોઈ શકે અને તેને પૂરાં કરી શકે. આ વિચાર સાથે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તેની યુવા કલ્યાણ નીતિઓ અને દૂરદર્શિતા દ્વારા તેમની ક્ષમતાને ઓળખી રહી છે અને તેમને પોતાના સપનાં પૂરા કરવાની તકો પણ પૂરી પાડી રહી છે.

*ચાલો આપણે જાણીએ, કેવી રીતે કેન્દ્ર સરકારની નીતિઓ, ઉદ્દેશ્યો અને નવી તકોની મદદથી યુવાનો દેશની પ્રગતિના સારથી બની રહ્યા છે, જેથી તેઓ સંકલ્પથી સિદ્ધિની સફર સાકાર કરે અને વિકસિત તેમજ સશક્ત ભારતનું સપનું પૂરું કરી શકે...*



આજે, એક રાષ્ટ્ર તરીકે, વિશ્વના સૌથી મોટા યુવા દેશ તરીકે, આપણે એક મુકામ પર છીએ. આ ભારત માટે નવા સપનાં, નવા સંકલ્પનો મુકામ છે. આવી સ્થિતિમાં, ભારતના યુવાનોનું સામર્થ્ય ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

# અમૃત પેઢીના સંકલ્પો સિદ્ધ કરવાનો માર્ગ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

**અમૃતકાળમાં દેશના અમૃત સંકલ્પોને પરિપૂર્ણ કરવાની મોટી જવાબદારી શિક્ષણ પ્રણાલી અને યુવા પેઢી પર છે. આપણે ત્યાં ઉપનિષદોમાં પણ કહેવામાં આવ્યું છે કે – વિદ્યયા અમૃતમ્ અશ્નુતે. એટલે કે, વિદ્યા જ અમરત્વ અને અમૃત સુધી લઈ જાય છે. જ્ઞાન અને વિદ્યાને જ મુક્તિનો માર્ગ પણ માનવામાં આવે છે. તેથી, 29 જુલાઈ, 2020ના રોજ, ત્રણ દાયકા પછી, સરકારે ભવિષ્યલક્ષી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ રજૂ કરી હતી. વિકસિત ભારતનો આધાર અમૃત પેઢીના સંકલ્પોને સિદ્ધ કરવાના માર્ગ પર ઝડપથી આગળ વધારનારું શિક્ષણ વ્યવહારુ અને ઉદ્યોગલક્ષી હોય તે માટેનો મજબૂત પાયો ચાલુ નાણાકીય વર્ષ 2023-24ના બજેટમાં પણ નાંખવામાં આવ્યો છે...**

દેશમાં ટેલેન્ટની ક્યારેય કોઈ કમી નથી રહી, પરંતુ કમનસીબે દેશમાં એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી જેમાં શિક્ષણનો અર્થ માત્ર અને માત્ર નોકરી જ માનવામાં આવતો હતો. શિક્ષણમાં આ વિકાર અંગ્રેજોએ ગુલામીના સમયમાં પોતાની જરૂરિયાતો પૂરી કરવા, પોતાના માટે એક સેવક વર્ગ ઉભો કરવા માટે કર્યો હતી. તેમાં થોડું પરિવર્તન આવ્યું પરંતુ ઘણું બધુ બાકી રહી ગયું હતું. વર્તમાન સરકારે તેને બદલવાનો પ્રયાસ કર્યો છે. યુવાનોની રુચિઓ અને ભવિષ્યની માંગ પ્રમાણે શિક્ષણ અને કૌશલ્યને ફરીથી વ્યવસ્થિત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ લર્નિંગ (અભ્યાસ) અને સ્કિલિંગ (કૌશલ્ય) બંને પર સમાન ભાર મૂકવામાં આવ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ યુવાનોને ઉભરતી પરિસ્થિતિઓ અનુસાર નિર્ણયો લેવાની વધુ સ્વતંત્રતા સુનિશ્ચિત કરે છે.

**નવી શિક્ષણ નીતિ અંતર્ગત, દેશની 90થી વધુ યુનિવર્સિટીઓએ NCCને વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરવાની શરૂઆત કરી છે.**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે, જુલાઈ, 2022 માં એક અખિલ ભારતીય શિક્ષણ પરિષદ યોજવામાં આવી





## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં

- NCERT એ મંત્રાલયો, વિભાગો, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત તમામ હિતધારકો પાસેથી ઈનપુટ લઈને રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.
- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પણ પ્રારંભિક બાળપણ અને શિક્ષણ, શાળાકીય શિક્ષણ, શિક્ષક અને પ્રૌઢ શિક્ષણ માટે જિલ્લા સ્તરે પરામર્શ સાથે કરીને NEPમાં ઓળખી કાઢવામાં આવેલા વિષયો મુજબ અભ્યાસક્રમ તૈયાર કરવાનું કામ શરૂ કરી દીધું છે.
- પ્રાથમિક સ્તરે પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું NCERT દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. ભારતમાં 3 થી 8 વર્ષની વયજૂથના બાળકો માટે આ પહેલી વખત સંકલિત અભ્યાસક્રમનું માળખું છે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સૂચવ્યા મુજબ શાળાકીય શિક્ષણ માટે 5+3+3+4 અભ્યાસક્રમ અને શૈક્ષણિક માળખાનું પ્રત્યક્ષ પરિણામ છે.



- ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણના અમલીકરણ માટે કેટલાક પરિવર્તનકારી વિચારોને ફ્રેમવર્કમાં સામેલ કરવામાં આવ્યા છે, જેમાં રમકડા આધારિત શિક્ષણ, રમત, પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અને બહારની દુનિયા વિશે શીખવાનો સમાવેશ થાય છે.
- વ્યવહારિક વિચારસરણી, સમસ્યાના ઉકેલ, નિર્ણય લેવા વગેરેના કૌશલ્ય સહિત મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનને સુદ્દઢ કરવા માટે રાષ્ટ્રીય સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન દક્ષતા પહેલ (NIPUN) ભારત મિશન શરૂ કરવામાં આવ્યું છે.
- મૂળભૂત શિક્ષણશાસ્ત્ર તરીકે રમત દ્વારા બાળકોના સર્વાંગી વિકાસમાં શિક્ષકોને મદદ કરવા માટે જાદુઈ પીટારા નામની અભ્યાસ શિક્ષણ સામગ્રીનું એકત્રીકરણ શરૂ કરવામાં આવ્યું છે.
- માધ્યમિક સ્તર, મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની ખાતરી એક એકીકૃત કાર્યક્રમ, શાળાના વડાઓ અને શિક્ષકોના સમગ્ર વિકાસ માટે રાષ્ટ્રીય પહેલ 'નિષ્ઠા' દ્વારા શરૂ કરવામાં આવી છે.
- કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા તેમની શાળાઓને 21મી સદીના કૌશલ્યો સાથે અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રને એકીકૃત કરવાની સલાહ આપવામાં આવી છે જેથી કરીને વિદ્યાર્થીઓ આ કૌશલ્યોનો વિકાસ થઈ શકે.
- શિક્ષકો માટે 21મી સદીના કૌશલ્યો સંબંધિત એક પુસ્તિકા પણ તૈયાર કરવામાં આવી છે.
- વિદ્યાર્થીઓને 21મી સદીમાં સફળ થવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિઝાઈન થિંકિંગ અને ડેટા સાયન્સ જેવા નવા વિષયો પણ બોર્ડે સામેલ કર્યા છે.
- વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્યો વિકસાવવા માટે બોર્ડ કિશોર સહકર્મી શિક્ષક નેતૃત્વ કાર્યક્રમનું આયોજન કરે છે.
- અભ્યાસક્રમનું ભારણ ઓછું કરવા માટે, CBSE દ્વારા વર્ષ 2022-23 માટેનો અભ્યાસક્રમ ઓછી કરેલી સામગ્રી સાથે બહાર પાડવામાં આવ્યો છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ લર્નિંગ (અભ્યાસ) અને સ્કિલિંગ (કૌશલ્ય) બંને પર સમાન ભાર મૂકવામાં આવ્યો છે, જેને શિક્ષકોનો ઘણો સહયોગ મળ્યો છે. આનાથી બાળકોને ભૂતકાળના બોજમાંથી મુક્ત કરવા માટે ઘણું પ્રોત્સાહિત મળ્યું છે.

હતી જેથી કરીને આ નીતિને અસરકારક દિશા મળે. અહીં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મૂળ આધાર શિક્ષણને સંકુચિત વિચારસરણીની મર્યાદામાંથી બહાર કાઢીને તેને 21મી સદીના આધુનિક વિચારો સાથે જોડવાનો છે." અત્યાર સુધી શાળાઓ, કોલેજો અને પુસ્તકો એ નક્કી કરતા હતા કે બાળકોએ કઈ દિશામાં જવું જોઈએ, પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પછી હવે યુવાનો પર જવાબદારી વધી ગઈ છે, તેથી સરકારની જવાબદારી પણ વધી ગઈ છે. હવે સંસ્થાઓ યુવાનોના મનને સમજે, તેમની આકાંક્ષાઓને સમજે તે જરૂરી છે. કંઈપણ સમજ્યા વિના કંઈપણ લાદવાનો જમાનો હવે જતો રહ્યો. આપણા યુવાનો

**નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ટેક્નોલોજી માટે જરૂરી માનસિકતા તૈયાર કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવવા જઈ રહી છે. દેશમાં અટલ ઈન્ક્યુબેશન સેન્ટરનું વિશાળ નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે.**



## વિશ્વસ્તરીય શિક્ષણ પર ભાર

**7** નવા IIT ખોલવામાં આવ્યા 2014 પછી


**7** નવા IIM ખોલવામાં આવ્યા 2014 પછી

**157** નવી મેડિકલ કોલેજોને મંજૂરી, 97 કાર્યરત પણ થઈ ગઈ

**14,500** પ્રધાનમંત્રી સ્કૂલ ઓફ રાઈઝિંગ ઈન્ડિયા, પીએમ શ્રી સ્કૂલ મોડેલ શાળાઓ તરીકે વિકસાવવામાં આવશે

### સિનિયર સેકન્ડરી શાળાની સંખ્યા

| 2013-14 | 2021-22 |
|---|---|
| 86,261 | 1,42,398 |







## ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન

પીએમ ઈ-વિદ્યાથી ઑનલાઈન શિક્ષણ સુવિધાની પહેલ.

377 NCERT પુસ્તકોનું ડિજિટલાઈઝેશન અને ઈ-પાઠશાળા મોબાઈલ એપની ઉપલબ્ધતા.

સ્વયંપ્રભા ચેનલો પર 24X7 શિક્ષણ સામગ્રીનું પ્રસારણ.

દીક્ષા પ્લેટફોર્મ, 33 ભાષાઓના શાળાકીય શિક્ષણ માટે ગુણવત્તાપૂર્ણ ઈ-સામગ્રી ઉપલબ્ધ કરાવે છે.

QR કોડ વાળા પાઠ્યપુસ્તકો તમામ ધોરણમાં ઉપલબ્ધ.

કૌશલ્યવાન બને, આત્મવિશ્વાસુ, વ્યવહારુ હોય, ગણતરીશીલ હોય તેના માટે શિક્ષણ નીતિ દ્વારા આધાર તૈયાર કરવામાં આવી રહ્યો છે.

દેશે ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાગુ કરવાની દિશામાં ઘણા નક્કર પગલાં લીધા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે આ નીતિ સંબંધિત 25થી વધુ સેમિનારમાં ભાગ લીધો છે અને તેના પર વાત કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના શિક્ષણ મંત્રીઓ અને શિક્ષણવિદો સાથે કરેલા સંવાદની મદદથી પણ તેની ગતિમાં વધારો થયો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ દેશભરના શિક્ષણ મંત્રીઓ સાથે સંવાદ કર્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નક્કી કરવામાં આવેલા વિષયોને સો ટકા સાકાર કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારોએ પણ

## જમ્મુ-કાશ્મીરમાં શિક્ષણની ઈકોસિસ્ટમ મજબૂત બની રહી છે

જમ્મુના IIM, IIT અને એઈમ્સ વચ્ચે સહયોગથી, એવા અભ્યાસક્રમો રજૂ કરવામાં આવી રહ્યા છે કે જેમાં એક સંસ્થાના વિદ્યાર્થીઓ બીજી સંસ્થામાં પ્રવેશ લઈ શકે.

હિમાયત યોજના, જમ્મુ અને કાશ્મીરના બેરોજગાર યુવાનો માટે એક અનોખી કૌશલ્ય તાલીમ પહેલ છે.

**4500**
યુથ ક્લબ, મિશન યુથ ક્લબ અંતર્ગત સ્થાપવામાં આવી રહી

**7** નવી મેડિકલ કોલેજોને મંજૂરી.

**5** નવી નર્સિંગ કોલેજોને મંજૂરી.

IIT અને IIM, IIT જમ્મુ પરિસરનું ઉદ્ઘાટન, IIM જમ્મુની કામગીરી શરૂ થઈ ગઈ.

**શિક્ષણ મંત્રાલયનું બજેટ ચાલુ નાણાકીય વર્ષ 2023-24માં 1,12,899 કરોડ રૂપિયા રાખવામાં આવ્યું છે, જે 2021-22માં 93,224 કરોડ રૂપિયા હતું.**

**ઉચ્ચ શિક્ષણને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર તૈયાર કરવા માટે નવા દિશાનિર્દેશ બહાર પાડવામાં આવ્યા છે. લગભગ 180 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આંતરરાષ્ટ્રીય બાબતો માટે વિશેષ કચેરીઓની પણ સ્થાપના કરવામાં આવી છે.**

**27** કરોડ જેટલા વિદ્યાર્થીઓ દેશમાં છે.

પોતપોતાના સ્તરે આ દિશામાં ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે, દેશમાં શિક્ષણના ક્ષેત્રે મોટાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે પણ કામ કરવામાં આવ્યું છે. દેશમાં મોટી સંખ્યામાં નવી કોલેજો ખુલી રહી છે, નવી યુનિવર્સિટીઓ ખુલી રહી છે. યુનિવર્સિટીના ધોરણોનું સ્તર સમાન હોય તેની ખાતરી કરવા માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET)નો અમલ કરવામાં આવ્યો છે. અન્ય ઘણા સુધારાઓ પણ કરવામાં આવ્યા છે જેના પરિણામે વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં ભારતીય સંસ્થાઓની સંખ્યા ઝડપથી વધી છે. હવે માતૃભાષામાં અભ્યાસ કરવાનો માર્ગ ખુલી રહ્યો છે, સંસ્કૃત જેવી ભારતીય ભાષાઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની અમેરિકાની મુલાકાત દરમિયાન સ્પષ્ટતા કરી હતી કે, અમેરિકન યુનિવર્સિટી સાથે એક કરાર કરવામાં આવ્યો છે જેમાં તમિલ ભાષાને પ્રોત્સાહન આપવામાં આવશે. આ શરૂઆત ચોક્કસપણે ભારતીય ભાષાઓ અને ભારતીય સંકલ્પોને નવી ઉર્જા આપવાનું કામ કરશે.


## યુવા સંગમઃ ભારતને જોવા અને સમજવાની તક

ભારતની તાકાત તેની વિવિધતામાં રહેલી છે. શિક્ષણ મંત્રાલય યુવા સંગમ નામની એક પહેલ લઈને આવ્યું છે જેનો ઉદ્દેશ્ય પારસ્પરિક સંપર્ક વધારવાનો અને યુવાનોને એકબીજા સાથે હળવા-મળવાની તક આપવાનો છે. આઠ પૂર્વોત્તર રાજ્યોની 11 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને અન્ય રાજ્યોની 14 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સાંકળી લેવામાં આવી છે. યુવા સંગમના પ્રથમ રાઉન્ડમાં 1200 યુવાનોએ 22 રાજ્યોની મુલાકાત લીધી છે. યુવાનોને સામેલ કરીને 10 મંત્રાલયો દ્વારા 10 હજારથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. એક ભારત, શ્રેષ્ઠ ભારત અંતર્ગત કાશી સંગમમ્ અને સૌરાષ્ટ્ર સંગમમ્ જેવી પહેલ પણ કરવામાં આવી છે.

> આ સમય, આ સમયગાળો, ભારતના યુવાન દીકરાઓ અને દીકરીઓનો છે. છેલ્લા 9 વર્ષ ભારતનો આત્મવિશ્વાસ પરત કરવાના હતા, હવે આઝાદીનો અમૃતકાળ છે, અમૃત પેઢીના સંકલ્પોને સિદ્ધ કરવાનો સમય છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



# ભારત બન્યું સ્ટાર્ટઅપ્સનું સુપર પાવર



**પૂણેના મયુર પાટીલે વાહનોમાંથી કાર્બન ઉત્સર્જન ઘટે અને બળતણનો વપરાશ ઓછો થાય તેવી ટેક્નોલોજી વિકસાવી છે. તેમણે આ ટેક્નોલોજીની પેટન્ટ કરી અને સાથીદારો સાથે મળીને અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ પહેલની ગ્રાન્ટથી સ્ટાર્ટઅપ અને ફેક્ટરી શરૂ કરી. એવી જ રીતે, પ્રજાસત્તાક દિવસની પરેડમાં સામેલ પર્પલ રિવોલ્યુશનની સફળ ગાથા રચનારા એન્જિનિયરિંગના ત્રણ વિદ્યાર્થીઓએ પોતાનું સ્ટાર્ટઅપ વેન્ચર શરૂ કરવા માટે તેમની નોકરી છોડી દીધી હતી. દેશના યુવાનોના સામર્થ્ય, સ્ટાર્ટઅપ ઈન્ડિયાની સાથે કેન્દ્રની નિર્ણાયક સરકારે હાથ ધરેલા પ્રયાસોના કારણે માત્ર નવ વર્ષમાં સ્ટાર્ટઅપની સંખ્યા 442થી વધીને એક લાખથી વધુ થઈ ગઈ છે, જેમાં લગભગ 9 લાખ નોકરીઓનું સર્જન થયું છે...**

ભારત અત્યારે G-20ની અધ્યક્ષતા કરી રહ્યું છે, ત્યારે વૈશ્વિક સ્તરે સ્ટાર્ટઅપ્સને મજબૂત કરવા માટે એક નવું સ્ટાર્ટઅપ-20 જૂથ પણ શરૂ કરવામાં આવ્યું છે. આ જૂથ વૈશ્વિક નેતાઓ માટે એક એજન્ડા તૈયાર કરી રહ્યું છે, જે સ્ટાર્ટઅપ ક્રાંતિની જ્યોત પ્રગટાવશે. ભારતના રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મને કારણે દેશમાં રોકાણ માટે સહાયક માહોલ તૈયાર થયો છે.

## સ્ટાર્ટઅપ ક્રાંતિને વેગ આપવા માટેની પહેલ

- એન્જલ ટેક્સ સહિત 32 નિયમો સરળ કરવામાં આવ્યા.
- સ્થાનિક વેન્ચર કેપિટલ એકત્ર કરવા માટે 1,000 કરોડનું ફંડ ઓફ ફંડ્સ.
- 9 શ્રમ અને 3 પર્યાવરણ સંબંધિત કાયદાના પાલન માટે સ્વ-પ્રમાણપત્રની વ્યવસ્થા કરવામાં આવી.

## સ્ટાર્ટઅપ્સની વધી રહેલી શક્તિને આ રીતે સમજો

- છેલ્લા 8 વર્ષમાં ભારતમાં દર કલાકે 4 સ્ટાર્ટઅપ્સની નોંધણી થઈ.
- ઈન્ક્યુબેટર્સની સંખ્યામાં 7 ગણો વધારો થયો.
- રોકાણકારોની સંખ્યામાં 9 ગણો વધારો થયો.
- સ્ટાર્ટઅપ્સ માટે ફંડિંગમાં 15 ગણો વધારો થયો.
- 47% સ્ટાર્ટઅપ્સ ટિઅર 2 અને ટિઅર 3 શહેરોમાં છે.
- મહિલાઓના નેતૃત્વમાં 45% કરતાં વધુ સ્ટાર્ટઅપ ચાલે છે.


## યુનિકોર્નમાં વધારો

### વિશ્વના ટોચના દેશોમાં ભારત ત્રીજા સ્થાને છે

- યુનિકોર્નની સંખ્યા 108 છે જેનું સંયુક્ત મૂલ્ય 340.79 અબજ ડૉલર છે. વર્ષ 2022માં જ 23 યુનિકોર્ન બન્યા હતા.
- અત્યાર સુધીમાં 94 અબજ ડૉલર મૂડી એકત્ર કરવામાં આવી છે.
- વિશ્વસ્તરે દર દસ યુનિકોર્નમાંથી એક ભારતીય છે, દેશમાં દર મહિને એક યુનિકોર્ન બને છે.

## સ્ટાર્ટઅપ્સથી લગભગ 9 લાખ નોકરીઓનું સર્જન

- સ્ટાર્ટઅપ ઈન્ડિયાની શરૂઆતથી જૂન, 2023 સુધીમાં સ્ટાર્ટઅપ્સ અને યુનિકોર્ન દ્વારા 9 લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું છે.
- સ્ટાર્ટઅપ્સ દ્વારા ઉભી થયેલી નોકરીઓની સંખ્યામાં 525%નો વધારો.




**અમૃતકાળમાં વિકસિત ભારતના મજબૂત પાયા પર આપણે જે પણ કરીશું, તેનાથી નવા ભારતનું ભવિષ્ય નિર્ધારિત થશે, દેશની દિશા નક્કી થશે. ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિ આ અમૃતકાળની ખૂબ જ મહત્વપૂર્ણ ઓળખ બની જશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**





# આધુનિક, આત્મનિર્ભર અને ટેકનોલોજીથી સંપન્ન થઈ રહેલી સેના

**દેશની સુરક્ષા એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની પ્રાથમિકતા રહી છે. સેના અને સશસ્ત્ર દળોને આધુનિક બનાવવાની સાથે સાથે તેમને આત્મનિર્ભર બનાવવાનું કામ પણ કરવામાં આવી રહ્યું છે. ભારત ટેન્ક, વિમાન વાહક યુદ્ધ જહાજો, સબમરીન સહિત વિવિધ પ્રકારના હથિયારોનું નિર્માણ કરી રહ્યું છે. 2014માં નિકાસ 900 કરોડ રૂપિયા હતી જે હવે વધીને 20 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. 21મી સદીમાં યુદ્ધ લડવાની રીતોમાં જે પરિવર્તન આવી રહ્યું છે તેમાં સંપર્કરહિત યુદ્ધના નવા મોરચા અને સાઈબર યુદ્ધના પડકારોમાં ટેકનોલોજીની રીતે સક્ષમ સૈનિકો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ટેકનોલોજીની રીતે સંપન્ન અને યુવા સશસ્ત્ર દળોને નવી અગ્નિપથ યોજના, રાષ્ટ્રીય સુરક્ષા એકેડમીમાં છોકરીઓનો પ્રવેશ મજબૂતી આપશે...**

ભારતના F-414 ફાઈટર જેટ એન્જિનના સહ-ઉત્પાદન માટે જનરલ ઈલેક્ટ્રિક એરોસ્પેસ અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વચ્ચે કરાર કરવામાં આવ્યો છે જેના કારણે ભારત જેટ એન્જિનનું ઉત્પાદન કરતો ચોથો દેશ બનશે. સશસ્ત્ર દળોને યુવા અને વધુમાં વધુ ટેકનિકલ જ્ઞાનથી ભરપૂર બનાવવા માટે સરકાર અનેક પગલાં લઈ રહી છે. અગ્નિપથ યોજના હેઠળ, સમયની જરૂરિયાત મુજબ ત્રણેય સેનાઓમાં ટેકનોલોજીની રીતે સંપન્ન યુવાનોની ભરતી કરવામાં આવી રહી છે. અગ્નિવીરોની ભરતી કરવાથી, સશસ્ત્ર દળોમાં સેવા આપતા લોકોની સરેરાશ ઉંમર થોડા વર્ષોમાં 32 વર્ષથી ઘટીને 26 વર્ષ થઈ જશે. અગ્નિવીર યોજના મહિલાઓનું સશક્તિકરણ પણ કરશે.

## અગ્નિપથ:
### એક યુવાન અને ગતિશીલ સશસ્ત્ર દળ તરફ

- 14 જૂન, 2022ના રોજ અગ્નિપથ યોજના શરૂ કરવામાં આવી.
- 17 વર્ષ 6 મહિનાથી 21 વર્ષની ઉંમર સુધીના યુવાનો અને યુવતીઓ પાત્ર છે.
- વધુ ટેકનોલોજી પ્રેમી સેના તરફ પરિવર્તન.
- યોગ્યતાના આધારે 25% સુધી અગ્નિવીરોને નિયમિત કેડરમાં સામેલ કરવામાં આવશે.
- જે અગ્નિવીરો સેવામાં આગળ ન વધી શકે તેઓને 4 વર્ષની સેવા પૂરી કર્યા પછી ડિગ્રી અને લગભગ રૂ. 12 લાખનું ટેક્સ ફ્રી સર્વિસ ફંડ પેકેજ આપવામાં આવશે.
- કાર્યકાળ દરમિયાન કોઈપણ અંશદાન વગર રૂ. 48 લાખનો વીમો મળશે.
- નૌકાદળના અગ્નિવીરોની પ્રથમ બેચમાં 273 મહિલા અગ્નિવીરોને સામેલ કરવામાં આવી છે.



## સૈન્યમાં મહિલાઓની ભાગીદારી, સૈનિક શાળાઓમાં પ્રવેશને મંજૂરી

- તમામ સૈનિક શાળાઓમાં, સત્ર 2021-22થી ધોરણ 6માં ખાલી પડેલી 10% બેઠકો પર કન્યાઓનો પ્રવેશ શરૂ કરવામાં આવ્યો છે.
- નવેમ્બર 2021માં NDA-2022 માટે છોકરીઓનો પ્રવેશ શરૂ કરવામાં આવ્યો હતો.
- સેનામાં ફરજ બજાવતી મહિલા અધિકારીઓની સંખ્યા 10,493 છે, જેમાંથી 4734 સૈન્ય નર્સિંગ સર્વિસ અધિકારી છે.
- ભારતીય વાયુસેનાએ 28 માર્ચ 2022 સુધીમાં 15 મહિલા ફાઈટર પાઈલટને નિયુક્ત કરી છે.
- નૌકાસેનામાં 28 મહિલા અધિકારીઓને જહાજો પર તૈનાત કરવામાં આવી છે.
- ભારતીય સેનામાં સૈન્ય પોલીસ કોરમાં અન્ય રેન્ક માટે મહિલાઓની ભરતીની જોગવાઈ 2019માં શરૂ કરવામાં આવી હતી.




'કૌશલ્ય વિકાસ' એ સન્માન આપ્યું! 'આત્મનિર્ભર' બનાવ્યું

# કૌશલ્યથી જીવન સરળ અને સહજ બને છે

**કૌશલ્ય એક એવી યોગ્યતા છે જે કોઈપણ વ્યક્તિને વર્તમાન અને ભવિષ્યના પડકારોને ઉકેલવા માટે સહજ બનાવે છે. કૌશલ્યમાં માત્ર પુસ્તકીયું જ્ઞાન જ નથી હોતું, પરંતુ કોઈ નવું કૌશલ્ય શીખવા મળે છે જે આગળ જતા રોજગારનું સાધન બની જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી વિચારસરણીના પરિણામ સ્વરૂપે જ સચિન અને પ્રિન્સ જેવા અનેક યુવક-યુવતીઓ છે જેમને મફત તાલીમ બાદ રોજગારનાં સાધનો પણ મળ્યાં છે...**

બિહારના પટણાના રહેવાસી સચિનને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના કેન્દ્રમાંથી સેલ્સ એસોસિયેટ તરીકે 90 દિવસની તાલીમ મળ્યા બાદ રોજગાર મેળા દ્વારા નોકરી મળી છે. સચિન કહે છે કે, જો આ યોજના ન હોત તો, મફત તાલીમ ન મળી હોત અને નોકરી પણ ન મળી હોત. હવે હું નોકરી કરું છું અને આત્મનિર્ભર પણ બની ગયો છું. ઉત્તરપ્રદેશના ફૈઝાબાદની રહેવાસી પ્રિન્સી કહે છે કે, પહેલાં મને કોમ્પ્યૂટરનું બિલકુલ જ્ઞાન નહોતું, પરંતુ પીએમ કૌશલ્ય વિકાસ યોજના દ્વારા મેં ડેટા એન્ટ્રી ઓપરેટરની તાલીમ લીધી અને પ્રમાણપત્ર પણ મળ્યું છે. હવે મને કોમ્પ્યૂટરનું સંપૂર્ણ જ્ઞાન છે અને હું ગમે ત્યાં કોમ્પ્યૂટર સંબંધિત કોઈપણ પ્રકારનું કામ કરી શકું છું. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાની આવી ઘણી સફળતાની ગાથાઓ છે જેણે માત્ર યુવાનોને જ નહીં પરંતુ તેમના પરિવારોને પણ આર્થિક મદદ પૂરી પાડી છે.

કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલય (MSME) દ્વારા દેશભરના યુવાનોને કૌશલ્યની તાલીમ આપવામાં આવી રહી છે. આ એક પ્રકારની એવી પહેલ છે જેણે વર્તમાન કૌશલ્યવાન વર્ગને પ્રમાણીકરણની સાથે માન્યતા પણ આપી છે અને તેમની કાર્યક્ષમતા વધારવામાં પણ મદદ કરી છે. શાળા-કોલેજમાં





## ટૂંક સમયમાં PMKVY 4.0 શરૂ થશે

- પીએમ કૌશલ્ય વિકાસ યોજના 3.0 હેઠળ, કોવિડ વોરિયર્સ માટે કસ્ટમાઈઝ્ડ ક્રેશ કોર્સ પ્રોગ્રામ દ્વારા આરોગ્ય સંભાળ ક્ષેત્રને તાત્કાલિક સહાય પૂરી પાડવામાં આવી હતી.
- આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં કામ કરી રહેલા ડૉક્ટરો અને નર્સો પરના બોજને ઓછો કરવા માટે, આશરે 1.20 લાખ ઉમેદવારોને પ્રાસંગિક આરોગ્ય સંભાળ ક્ષેત્રની નોકરીની ભૂમિકાઓ હેઠળ તાલીમ આપવામાં આવી હતી.
- વર્ષ 2015 થી ડિસેમ્બર 2022 સુધીમાં, સમગ્ર દેશમાં 1.37 કરોડ ઉમેદવારોને PMKVY હેઠળ ત્રણ તબક્કામાં તાલીમ આપવામાં આવી હતી. પીએમ કૌશલ્ય વિકાસ યોજના હેઠળ 23 લાખ યુવાનોને સફળતાપૂર્વક રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- યુવાનોને રોજગારની તકો મળી રહે તે માટે કૌશલ્ય પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 4.0 ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે, જેમાં દેશભરમાં 30 સ્કિલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટરોની સ્થાપના કરવામાં આવશે.
- પીએમ કૌશલ્ય વિકાસ યોજનાની વિશેષતા એ છે કે, યુવાનોને સંપૂર્ણપણે મફતમાં તાલીમ આપવામાં આવે છે અને તેની ચુકવણી સરકાર દ્વારા કરવામાં આવે છે, સાથે જ યુવાનોને ઈનામની રકમ પણ આપવામાં આવે છે.

## ઉદ્યોગ, બજાર અને જરૂરિયાતો અનુસાર માનવ સંસાધન તૈયાર થઈ રહ્યું છે

દેશમાં ચાલી રહેલા ઉદ્યોગો અને ધંધાઓ માટે કેવા માનવ સંસાધનની જરૂર છે, તે જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કામદારો અને યુવાનોને તાલીમ આપવામાં આવી રહી છે જેથી તાલીમ લીધા પછી વધુને વધુ લોકોને તેમની આવડત મુજબ કામ મળે અને યોગ્ય વેતન પણ મળે. આ ક્રમમાં મંત્રાલય દ્વારા ડ્રોન, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), રોબોટિક્સ, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ (EV), આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ, 5G ટેક્નોલોજી, મેકાટ્રોનિક્સ, ક્લાઉડ કોમ્પ્યૂટિંગ, બ્લોકચેઈન, સાઈબર સિક્યોરિટી, 3D પ્રિન્ટિંગ, VLSI ડિઝાઈન સામેલ કરવામાં આવ્યા છે. ભવિષ્યમાં તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકાર આ ક્ષેત્રો પર વિશેષ ધ્યાન આપી રહી છે. રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ (NSDC) દ્વારા ઈન્ડિયન એગ્રો ફોરેસ્ટ્રી ડેવલપમેન્ટ કોઓરેટીવ (IFFCO) અને WWF ફેક્ટર્સ ઈન્ડિયા સાથે કરાર કરવામાં આવ્યો છે. આનાથી વૈકલ્પિક ખાતરો જેમ કે નેનો યુરિયા અને અન્ય જૈવિક ખાતરો માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે અને તેને પ્રોત્સાહન આપવા માટે ખેડૂતો અને અન્ય ઉમેદવારોને કાર્યક્ષમ બનાવવા માટેના વિકલ્પો શોધવામાં આવશે. આનાથી ખેડૂતોને ઘણો ફાયદો થશે.

## એપ્રેન્ટિસશીપ તાલીમ

એપ્રેન્ટિસશીપ એ એક પ્રકારનો તાલીમ કાર્યક્રમ છે જેમાં ઉમેદવારોને ઔદ્યોગિક કાર્ય માટે તાલીમ આપવામાં આવે છે. રેલ્વેથી લઈને ઘણી સરકારી અને ખાનગી કંપનીઓમાં એપ્રેન્ટિસશીપની તાલીમ આપવામાં આવે છે. આમાં, તાલીમ દરમિયાન, સરકાર અને સંબંધિત કંપની દ્વારા ઉમેદવારોને દર મહિને એક નિશ્ચિત રકમ પણ એપ્રેન્ટિસશીપ તરીકે આપવામાં આવે છે. સમગ્ર દેશમાં એપ્રેન્ટિસશીપ તાલીમને પ્રોત્સાહન આપવું એ કૌશલ્ય વિકાસના સૌથી ટકાઉક્ષમ સ્વરૂપોમાંથી એક છે.

## 9,25,260 એપ્રેન્ટિસની તાલીમ અત્યાર સુધીમાં પૂરી કરવામાં આવી છે.

- હાલમાં, દેશમાં લગભગ 6.41 લાખ એપ્રેન્ટિસ વિવિધ સંસ્થાઓમાં કામ કરી રહ્યા છે.
- 21 મે 2023 સુધીમાં, 19,88,139 એપ્રેન્ટિસે તાલીમ માટે નોંધણી કરાવી છે.
- એવી આશા છે કે, વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન એપ્રેન્ટિસશીપ તાલીમ પ્રોગ્રામ હેઠળ સંસ્થાઓ દ્વારા 15 લાખ એપ્રેન્ટિસની ભરતી કરવામાં આવશે.
- એપ્રેન્ટિસશીપ પોર્ટલ (www.apprenticeshipindia.gov.in) પર 1,72,809 સંસ્થાઓની નોંધણી કરવામાં આવી છે.
- પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ માટે 6-12 મહિનાની ઓન-ધ-જોબ (નોકરી સાથે) તાલીમ આપવામાં આવે છે.

અધવચ્ચે જ અભ્યાસ છોડી ગયેલા વિદ્યાર્થીઓની સાથે સાથે જે કામદારો જે ક્ષેત્રમાં કામ કરતા હોય તેમાં તેમને ગુણવત્તાયુક્ત તાલીમ આપીને પ્રમાણપત્ર આપવામાં આવી રહ્યું છે. હવે સરકાર ન માત્ર તેનો વ્યાપ વધારી રહી છે પરંતુ તેને ટેક્નોલોજી સાથે જોડવાનું કામ પણ રહી છે. કેન્દ્રીય બજેટ 2023-24માં કૌશલ્ય વિકાસ અને ડિજિટલ ટેકનોલોજીને વધુ પ્રોત્સાહન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 'અમૃત પેઢી' અથવા 'યુવા શક્તિ' સાથે યુવા કેન્દ્રિત બજેટ તરીકે ઓળખાતા, આ બજેટમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY 4.0)ના ચોથા તબક્કાના પ્રારંભની જાહેરાત કરવામાં આવી હતી અને 30 કૌશલ્ય ભારત આંતરરાષ્ટ્રીય કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ શ્રેણીમાં, નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ડિજિટલ કૌશલ્ય ઈકોસિસ્ટમ તંત્ર માટે એક સંકલિત કૌશલ્ય ભારત ડિજિટલ પ્લેટફોર્મ શરૂ કરવાની જાહેરાત કરી છે.

# ઔદ્યોગિક તાલીમ વ્યવસ્થાતંત્રને મજબૂત કરીને કૌશલ્યોમાં વૃદ્ધિ

**116** સરકારી ITIને ડ્રોનના અભ્યાસક્રમ ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે.

- ITI તાલીમાર્થીઓ માટે પરીક્ષાનો પરંપરાગત મોડ બદલીને કોમ્પ્યૂટર આધારિત ટેસ્ટ અમલમાં મૂકવામાં આવી છે.
- સત્ર 2022-23 માટે 73 નવી સરકારી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્સ્ટ્રક્ટર ટ્રેનિંગ (ITOT) સંલગ્ન કરવામાં આવી હતી.
- રાષ્ટ્રીય, રાજ્ય અને ITI સ્તરે 14,000થી વધુ ITI માટે સપ્ટેમ્બર 2022માં 8.5 લાખથી વધુ તાલીમાર્થીઓ માટે પ્રથમ વર્ચ્યુઅલ દીક્ષાંત સમારંભ યોજાયો.


**274** સરકારી ITI ને ડ્યૂઅલ સિસ્ટમ તાલીમની મંજૂરી.

- રેકગ્નિશન ઓફ પ્રાયર લર્નિંગ સ્કીમના સત્ર 2022-23 માટે ઑનલાઈન પોર્ટલ પર કુલ 8,292 ઉમેદવારોએ નોંધણી કરાવી.
- 35 NSTIને NIOS અને IGNOU કેન્દ્રો તરીકે ઉચ્ચ શિક્ષણ પ્રમાણપત્ર અને ડિગ્રી પ્રમાણપત્ર અભ્યાસક્રમો માટે નોંધવામાં આવ્યા છે.
- સ્કિલ હબ પહેલ અને PMKVY 3.0 હેઠળ સ્ટ્રાઈવ ITI દ્વારા 15,000થી વધુ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે.

## દેશના યુવાનોને 21મી સદીની જરૂર મુજબ રોજગાર યોગ્ય બનાવાય છે

- NSDC અને અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન (AIF) એ ઈ-સ્કિલ ઈન્ડિયાના માધ્યમથી રોજગાર યોગ્યતા વધારવા માટે ડિજિટલ અભ્યાસક્રમ દ્વારા એક લાખ ભારતીય યુવાનોની રોજગાર ક્ષમતા વધારવા માટે સ્કિલ ઈન્ડિયા મિશન સાથે જોડાણ કર્યું છે.
- ઈ-સ્કિલ ઈન્ડિયા દ્વારા પાવર લિન્ક માટે 400 ઉમેદવારોનું ડિજિટલ સ્કિલિંગ સક્ષમ કરવામાં આવ્યું છે.
- NTPC સાથે જોડાયેલા 3040 ઉમેદવારો અને SBI કાર્ડ ધરાવતા 240 ઉમેદવારોને ઑનલાઈન આકારણી અને ઈ-સર્ટિફિકેશન સાથે રોજગારી વધારનારી કીટ પર ભરપાઈપાત્ર ડિજિટલ કૌશલ્ય આપવામાં આવ્યા હતા.
- ઈ-સ્કિલ ઈન્ડિયાએ નેશનલ સ્ટાર કોલેજ, યુકે અને FCDO-યુકેના સહયોગથી મફતમાં સુલભ 'દિવ્યાંગ લોકો પ્રત્યે સંવેદનશીલતા' પર ઈ-લર્નિંગ મોડ્યૂલ લોન્ચ કર્યું છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની શક્તિમાં વધારો




2014 સુધીમાં 10,119 સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી, હવે કુલ સંખ્યા 14,953 થઈ ગઈ છે.

Skill India
कौशल भारत - कुशल भारत

- સત્ર 2021-23 માટે 25 લાખથી વધુ બેઠકો, 2014 પછી તેમાં પાંચ લાખથી વધુ બેઠકો ઉમેરવામાં આવી.
- 2014 પછી 60 નવા અભ્યાસક્રમો ઉમેરવામાં આવ્યા. હવે અભ્યાસક્રમની કુલ સંખ્યા 222 છે (150 CTS, 54 CITS, 14 STT અને 4 એડવાન્સ ડિપ્લોમા).
- કૌશલ્ય વિકાસનું વિકેન્દ્રીકરણ કરવા માટે રાજ્ય કૌશલ્ય વિકાસ અધિકાર પ્રાપ્ત સમિતિની રચના કરવામાં આવી છે.

**414**

ITIને PMKVY 3.0 હેઠળ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો માટે સંલગ્ન કરવામાં આવી છે.



# કૌશલ્ય વિકાસ દ્વારા મહિલાઓનું સશક્તિકરણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી કાર્યક્રમ 'મિશન કર્મયોગી'ને અનુરૂપ, કૌશલ્ય વિકાસ મંત્રાલયે 'મારી સુરક્ષા, મારી જવાબદારી' કાર્યક્રમ હેઠળ મહિલાઓને આત્મરક્ષણની તાલીમ આપી હતી.

MSDEની મદદથી 16 દિવસીય મોડ્યૂલ જેન્ડર સેન્સિટાઈઝેશન પૉશ (POSH) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

MSDE એ સ્પોર્ટ્સ, ફિઝિકલ એજ્યુકેશન, ફિટનેસ અને લેસર સ્કીલ્સ કાઉન્સિલ સાથે એક સમજૂતી કરી છે, જે અંતર્ગત 10,000 વર્કિંગ વુમન અને ITI વિદ્યાર્થિનીઓને આત્મરક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે.

મહિલાઓ હવે કૌશલ્ય મેળવીને મોટી સંખ્યામાં સ્વ-રોજગારથી લઈને કૌશલ્યવાન કામદારો તરીકે કામ કરી રહી છે.

## જન શિક્ષણ સંસ્થાન (JSS) દ્વારા સશક્ત થઈ રહેલું ગ્રામીણ ભારત

- જન શિક્ષણ સંસ્થાન (સેન્ટ્રલ સેક્ટર સ્કીમ) યોજનાઃ બિન-સાક્ષર, નવા થયેલા સાક્ષર અને પ્રાથમિક સ્તરનું શિક્ષણ ધરાવતા વ્યક્તિઓ કે જેમાં 15-45 વર્ષની ઉંમરમાં 12મા ધોરણ સુધીમાં શાળા છોડી દેનારાઓને બિન-સરકારી સંસ્થાઓ દ્વારા લાભાર્થીઓના ઘરઆંગણે આવીને વ્યાવસાયિક કૌશલ્ય અને તાલીમ આપવામાં આવી રહી છે.
- હાલમાં, 26 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોના 295 જિલ્લાઓમાં 301 JSS યોજનાઓ ચલાવવામાં આવી રહી છે.

**31.08**

લાખ લાભાર્થીઓને 2014-15 થી 15 માર્ચ 2023 સુધીમાં JSS યોજના હેઠળ તાલીમ આપવામાં આવી છે, જેમાં 85% મહિલા લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

“

દેશમાં સર્જાઈ રહેલી નવી શક્યતાઓ માટે મોટાપાયા પર કૌશલ્યવાન માનવબળ તૈયાર કરવાની જરૂર છે. યુવાનોના કૌશલ્યના બળથી જ ભારત, વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું લક્ષ્ય હાંસલ કરી શકે છે. અમારો પ્રયાસ છે કે, સમાજના દરેક વર્ગને કૌશલ્ય વિકાસનો લાભ મળે. આમાં આપણા દલિત ભાઈ-બહેનો હોય, આદિવાસી ભાઈ-બહેનો હોય, વંચિત વર્ગ હોય, આપણી માતા-બહેનો હોય, દરેકને આગળ વધવાની સમાન તક મળશે. આ વાતને ધ્યાનમાં રાખીને યુવાનોના કૌશલ્ય વિકાસને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




# ખેલો ઈન્ડિયાથી ભારત ખીલી રહ્યું છે

**પ્રતિભા જ્યારે યોગ્ય તકો સાથે જોડાઈ જાય છે, ત્યારે સફળતાનું શિખર પોતે જ નમીને સ્વાગત કરે છે. રમતગમતની દુનિયામાં એક નવી તાકાત બનીને ઉભરી રહેલા ભારતના તિરંગાને હવે દુનિયાભરના સ્ટેડિયમ સલામી આપી રહ્યા છે. ભારતીય રમતગમતનું આ પરિવર્તન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશીપૂર્ણ ખેલો ઈન્ડિયા અથવા ટોપ્સ જેવી પહેલોને કારણે આવ્યું છે. એક સમય એવો હતો જ્યારે ભારતની ઓળખ માત્ર એક કે બે રમત પુરતી મર્યાદિત હતી. આજે યુવાનો વિવિધ ક્ષેત્રોમાં આપણને ગૌરવ અપાવી રહ્યા છે. આપણા દેશની પ્રતિભાઓ રોજેરોજ નવા કીર્તિમાન સ્થાપી રહી છે...**

## 'ખેલો ઈન્ડિયા' રમતગમતની ઈકોસિસ્ટમને મજબૂત બનાવે છે

1. **25,027** રમત પ્રતિભાઓએ ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સના 5 સંસ્કરણમાં ભાગ લીધો.
2. **733** ખેલો ઈન્ડિયા સેન્ટર, 491 જિલ્લા આવરી લેવામાં આવ્યા.
3. **2,759** એથલિટને તાલીમ અને આર્થિક સહાય માટે આવરી લેવામાં આવ્યા.
4. **226** માન્યતા પ્રાપ્ત સ્પોર્ટ્સ એકેડેમી.
5. **2,791** કરોડ રૂપિયા કરતાં વધુ ખેલો ઈન્ડિયા યોજના હેઠળ છેલ્લા છ વર્ષમાં ઈશ્યુ કરાયા.

# રમતગમત માટે બજેટમાં ત્રણ ગણો વધારો


છેલ્લા 9 વર્ષમાં રમતગમત માટેનું બજેટ 864 કરોડ રૂપિયાથી વધારીને લગભગ 2700 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. આ વધારો ત્રણ ગણા કરતાં પણ વધુ છે. ખેલો ઈન્ડિયા, યુથ ગેમ્સ, યુનિવર્સિટી ગેમ્સ અને વિન્ટર ગેમ્સમાં 15,000થી વધુ ખેલાડીઓએ ભાગ લઈ ચુક્યા છે. આ વર્ષે ખેલો ઈન્ડિયા ગેમ્સમાં 25 નવા રાષ્ટ્રીય રેકોર્ડ બન્યા છે, જેમાંથી 21 રેકોર્ડ ભારતની દીકરીઓએ કર્યા છે.

- દેશની પ્રથમ રાષ્ટ્રીય સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના 2018માં મણિપુરમાં કરવામાં આવી હતી.
- રમતગમતમાં ઉચ્ચ શિક્ષણ માટે ઉત્તરપ્રદેશમાં પણ ટૂંક સમયમાં મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટી શરૂ કરવામાં આવશે એવી વાત ચાલી રહી છે.
- સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંબંધિત 400 કરોડથી વધુના પ્રોજેક્ટ્સ હાલના સમયમાં પૂર્વોત્તરના વિકાસને નવી દિશા આપી રહ્યા છે.
- પૂર્વોત્તરના દરેક જિલ્લામાં ઓછામાં ઓછા 2 ખેલો ઈન્ડિયા કેન્દ્રો અને દરેક રાજ્યમાં ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી રહી છે.
- ભારતે ટોક્યો ઓલિમ્પિક અને પેરાલિમ્પિક્સમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ચંદ્રક જીત્યા છે.


## પ્રયાસ

- ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (ટોપ્સ)થી ભારતીય રમતવીરોને મોટી મદદ મળી છે.
- ટોપ્સ પ્રોગ્રામ હેઠળ ટોપ્સ કોર ગ્રુપમાં 98 અને ટોપ્સ ડેવલપમેન્ટ ગ્રુપમાં 182 એથ્લેટ્સને મદદ કરી.
- કોમનવેલ્થ ગેમ્સ 2022માં 61 ચંદ્રક.
- 1000 ખેલો ઈન્ડિયા કેન્દ્રો પાયાના સ્તરે પ્રતિભાઓને શોધવા માટે સ્થાપિત કરવામાં આવી રહ્યાં છે.
- ખેલો ઈન્ડિયા હેઠળ 4639થી વધુ રમતવીરોની પસંદગી કરવામાં આવી છે અને દર વર્ષે 6.28 લાખ રૂપિયાની સહાય પૂરી પાડવામાં આવી છે.

## પરિણામ




(અત્યાર સુધીમાં સૌથી વધુ ચંદ્રક)






"જ્યારે રાષ્ટ્ર નિર્માણની વાત આવે છે ત્યારે દેશ અને દુનિયામાં દરેકનું ધ્યાન યુવાનો તરફ જ જાય છે. યુવાન મતલબ ઝડપી, સપના, નવી ઉર્જા, નવી વિચારસરણી, નવાં લક્ષ્યો, ભવિષ્ય, આશાનું કિરણ અને સૂર્ય. વિશ્વને પ્રકાશ આપવા માટે સૂર્ય પોતે પણ તપે છે. આપણા યુવાનો પણ તપ કરીને દેશના નિર્માણ માટે આગળ વધી રહ્યા છે."

- અનુરાગ ઠાકુર, કેન્દ્રીય માહિતી પ્રસારણ અને રમતગમત અને યુવા બાબતોના મંત્રી



# યુવા શક્તિ માટે રોજગારીની પુષ્કળ તકો

**કેન્દ્ર સરકાર વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે યુવાનોની પ્રતિભા અને ઊર્જાને યોગ્ય તકો આપવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાના કારણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના નવ વર્ષમાં રોજગાર સર્જનમાં નોંધપાત્ર વધારો થયો છે. આગામી કેટલાક વર્ષોમાં 10 લાખ સરકારી નોકરીઓ આપવા માટે લેવામાં આવેલા સંકલ્પ હેઠળ છ રોજગાર મેળાઓમાં લગભગ 4.20 લાખ નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે. છેલ્લા નવ વર્ષમાં કેન્દ્ર સરકારની 8,82,191 જગ્યાઓ પર ભરતી કરવામાં આવી છે...**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રોજગાર મેળામાં 10 લાખ યુવાનોને રોજગાર આપવાનું લક્ષ્ય રાખ્યું છે જેને મિશન મોડ પર પૂરું કરવામાં આવી રહ્યું છે. આ રોજગાર મેળાઓ હવે કેન્દ્ર સરકારની નવી ઓળખ બની ગયા છે. રોજગાર મેળાઓ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર દર મહિને હજારો નિમણૂક પત્રો આપી રહી છે. રોજગાર મેળાઓ દ્વારા યુવાનોના સશક્તિકરણ અને રાષ્ટ્રીય વિકાસમાં તેમની ભાગીદારી માટે સાર્થક તકો મળી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 13 જૂનના રોજ 6ઠ્ઠા રાષ્ટ્રીય રોજગાર મેળામાં 70,000થી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું.

## પીએમ મોદીએ રોજગારી સર્જન માટે યુવાનોને જાગૃત કર્યા

- પ્રધાનમંત્રી મોદીએ યુવાનોને માત્ર સરકારી નોકરીઓ પર નિર્ભર રહેવા માટે જ નહીં પરંતુ રોજગારી સર્જન કરવા માટે પણ જાગૃત કર્યા છે. જેના કારણે યુવાનો સ્વરોજગારી તરફ વળ્યા છે.
- જ્યારે અરોમા મિશન શરૂ કરવામાં આવ્યું ત્યાં સુધીમાં દક્ષિણ પૂર્વ એશિયામાંથી અગરબત્તીની આયાત કરવામાં આવતી હતી, પરંતુ તે પછી ભારતીય વન અધિનિયમ 1927માં સુધારા દ્વારા સ્થાનિક વાંસની ખેતીને તેમાંથી બહાર કાઢવામાં આવી હતી.
- વાંસ ઉદ્યોગને વૈશ્વિક ઓળખ માટે તક પૂરી પાડવા માટે આયાત ડ્યૂટી વધારીને 25% કરવામાં આવી.
- એવી જ રીતે આજે ખાદી એક લાખ કરોડ રૂપિયાના ટર્નઓવર સાથે ડિઝાઈનર આઈટમ બની ગઈ છે.





## ૯ વર્ષમાં ૯ લાખ સરકારી નોકરીઓ આપવામાં આવી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે 2014 થી 2023 સુધીમાં 9 લાખ સરકારી નોકરીઓ પ્રદાન કરી છે જ્યારે 2004 થી 2013ના સમયગાળામાં 6 લાખ સરકારી નોકરીઓ આપવામાં આવી હતી.
- 2004 થી 2013 સુધીના નવ વર્ષમાં 6,02,045 જગ્યાઓ ભરવામાં આવી હતી જ્યારે છેલ્લા નવ વર્ષમાં વર્તમાન કેન્દ્ર સરકારે 8,82,191 જગ્યાઓ ભરી છે.
- કેન્દ્રીય જાહેર સેવા કમિશને 2004-13 દરમિયાન 45,431ની સરખામણીમાં 2014-23 દરમિયાન 50,906 ઉમેદવારની ભરતી કરી હતી.
- સ્ટાફ સિલેક્શન કમિશને (SSC) 2004 થી 2013 દરમિયાન 2,07,563 ભરતીઓ કરી હતી જ્યારે છેલ્લા 9 વર્ષમાં 4,00,691 ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. છેલ્લા 9 વર્ષમાં માર્ચ 2023 સુધીમાં SSC દ્વારા ભરતીમાં 58%નો વધારો થયો છે.
- પ્રાદેશિક ભરતી બોર્ડે 2004 થી 2013ના સમયગાળા દરમિયાન 3,47,251 ભરતી કરી હતી તેની સરખામણીએ 2014 થી 2023 દરમિયાન 4,30,592 યુવાનોને સરકારી નોકરીઓ આપવામાં આવી છે.
- ગયા વર્ષે 9,000 કર્મચારીઓને પણ એકસાથે પ્રમોટ બઢતી આપવામાં આવી હતી. તે પહેલાં, છેલ્લા ત્રણ વર્ષમાં DOPTએ 4,000 બઢતી આપી હતી અને તે આ વર્ષે પણ 4,000 બઢતી આપવાનું આયોજન કરી રહ્યું છે.
- ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ (DoPT), કાર્મિક મંત્રાલયે 27 જૂનના રોજ સહાયક સેક્શન ઓફિસર્સ (ASO)ના હોદ્દા પર કામ કરતા 1,592 અધિકારીઓને તાત્કાલિક અસરથી સેક્શન ઓફિસરના હોદ્દા પર એડ-હોક ધોરણે બઢતીને મંજૂરી આપી હતી.
- કેન્દ્ર સરકારે ભરતી પ્રક્રિયા ઝડપી, વધુ પારદર્શક અને નિષ્પક્ષ બનાવી છે. અગાઉ કર્મચારી પસંદગી કમિશનની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં 15 થી 18 મહિનાનો સમય લાગતો હતો, પરંતુ આજે આ પ્રક્રિયા છથી આઠ મહિનામાં પૂરી થઈ જાય છે.
- કોઈપણ ગેરંટી વગર બેંકમાંથી મદદ અપાવનારી મુદ્રા યોજનાએ કરોડો યુવાનોને મદદ કરી છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવી ઝુંબેશોએ યુવાનોની ક્ષમતામાં વધુ વધારો કર્યો છે. સરકાર તરફથી મદદ મેળવનારા આ યુવાનો હવે પોતે જ અનેક યુવાનોને નોકરી આપી રહ્યા છે.

### રોજગારઃ સરકારની પ્રતિબદ્ધતા


- ઑનલાઈન સિસ્ટમ દ્વારા ભરતી પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી.
- તમામ નોકરીઓ સંબંધિત ખાલી જગ્યાની માહિતી ઑનલાઈન ઉપલબ્ધ.
- SSC, RRB અને UPSC દ્વારા ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને સમયબદ્ધતા.


### અત્યાર સુધીમાં 4 લાખ કરતાં વધુ યુવાનોને નોકરી મળી

| રોજગાર મેળો | ક્યારે યોજાયો | નિયુક્તિ પત્ર આપ્યા |
|---|---|---|
| પહેલો | 22 ઑક્ટોબર 2022 | 75 હજારથી વધારે |
| બીજો | 22 નવેમ્બર 2022 | 71 હજારથી વધારે |
| ત્રીજો | 20 જાન્યુઆરી 2023 | 71 હજારથી વધારે |
| ચોથો | 13 એપ્રિલ 2023 | 71 હજારથી વધારે |
| પાંચમો | 16 મે 2023 | 70 હજારથી વધારે |
| છઠ્ઠો | 13 જૂન 2023 | 70 હજારથી વધારે |

### બેરોજગારી દરમાં ઘટાડો થયો

સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા 2017-18થી સમયાંતરે હાથ ધરવામાં આવતા શ્રમ દળ સર્વેમાંથી રોજગાર અને બેરોજગારી સંબંધિત એકઠા કરવામાં આવેલા ડેટા પરથી સ્પષ્ટ થાય છે કે દેશમાં 15 વર્ષ અને તેથી વધુ વયના લોકોની દેશની સાથે સાથે શહેરી વિસ્તારોમાં પણ બેરોજગારીના દરમાં ઘટાડો થયો છે. આમાં, સર્વેક્ષણનો સમયગાળો જુલાઈથી આગામી વર્ષના જૂન સુધીનો છે.







### ટેક્નોલોજી + ડિજિટલ ઈન્ડિયા

# યુવાનોને પારદર્શિતાનો સાથ મળ્યો

**ડિજિટલ ઈન્ડિયા અને ટેક્નોલોજીની તાકાતથી આવિષ્કારી ભારત સશક્ત થઈ રહ્યું છે. આ ટેક ક્રાંતિએ વિકાસ પ્રોજેક્ટ્સની ઝડપ અને વ્યાપકતામાં અનેક ગણો વધાર્યો છે. કોવિડના સમયગાળામાં આરોગ્ય સેતુ અને કોવિન માર્ગ બતાવનારા રહ્યા છે. 10,000થી વધુ અટલ ટિંકરિંગ લેબ સાથે 75 લાખથી વધુ વિદ્યાર્થીઓ જોડાઈને આવિષ્કાર કરી રહ્યા છે. DBTના ઉપયોગથી 2.73 લાખ કરોડ રૂપિયા ભ્રષ્ટાચારીઓના હાથમાં જતા બચી ગયા છે. ફિનટેક ક્રાંતિએ વચેટિયાઓના નેટવર્કને દૂર કરીને જીવનની સરળતા વધારી દીધી છે. નવા ભારતના મજબૂત સ્તંભ ડિજિટલ ઈન્ડિયા અને ટેકનોલોજીથી યુવાનોને આગળ વધવા માટે પારદર્શિતાનો સાથ મળ્યો છે...**

## ભારત ડિજિટલ ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યું છે

**135** કરોડ કરતાં વધુ આધાર કાર્ડથી ડિજિટલ ઓળખ બની

**49** કરોડ કરતાં વધુ નવા પીએમ જન ધન યોજના ખાતા ખુલ્યા

**4.23** લાખ કરોડ રૂપિયા કરતાં વધારેનો સામાન GeM પર ઓર્ડર કરાયો, 31 લાખથી વધુ ઉત્પાદન અને 2.5 લાખથી વધુ સેવાઓ ઉપલબ્ધ.

**80** કરોડ કરતાં વધુ ઈન્ટરનેટ યુઝર સાથે વિશ્વમાં બીજા નંબર પર.

**40** કરોડ કરતાં વધુ આયુષ્માન ભારત ડિજિટલ ખાતા.



- 10 રૂપિયામાં 1GB ડેટા, વિશ્વમાં સૌથી સસ્તા ડેટા વાળા દેશોમાં સામેલ.
- ભારત નેટ હેઠળ ઓપ્ટિકલ ફાઈબર નાખીને 2 લાખ ગ્રામ પંચાયતોને જોડવામાં આવી છે.
- 2014માં 35% પુખ્ત લોકોના બેંક ખાતા હતા, હવે 90%થી વધુ પાસે છે.
- 562 કરોડથી વધુ દસ્તાવેજો ડિજિટલ રીતે આપવામાં આવ્યા છે.
- ઉમંગ એપ પર 5.2 કરોડથી વધુ વપરાશકર્તાઓ નોંધાયેલા છે, 22 હજારથી વધુ સેવાઓ ઉપલબ્ધ છે.
- DBT દ્વારા રૂ. 29 લાખ કરોડથી વધુ ટ્રાન્સફર, 2.73 લાખ કરોડ રૂપિયાથી વધુની બચત.
- એક જ ફ્લાઈટમાં 104 સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા.
- 2014 પછી 335 વિદેશી ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા, અગાઉ ફક્ત 35 જ લોન્ચ કરવામાં આવ્યા હતા.
- ઈ-સંજીવની દ્વારા 12 કરોડથી વધુ દર્દીઓની સારવાર કરવામાં આવી.
- પેટન્ટ ફાઈલિંગના ક્ષેત્રમાં ભારત વિશ્વમાં 9મા સ્થાને છે.




# રીઅલ-ટાઈમ ડિજિટલ વ્યવહારોમાં ભારત નંબર-1

46% વિશ્વસ્તરીય રીઅલ-ટાઈમ વ્યવહારોમાં ભારતની ભાગીદારી.

દર કલાકમાં એક કરોડ કરતાં વધારે વ્યવહાર થાય છે.

દર મિનિટમાં 2 લાખ કરતાં વધારે.

દર સેકન્ડમાં 3500 કરતાં વધારે વ્યવહાર.

UPI ગ્લોબલ થઈ રહ્યું છે, હવે UAE, સિંગાપોર, ભૂતાન અને નેપાળ સુધી ઉપલબ્ધતા.

## GeMની શક્તિથી સહકારી મંડળીઓનું સશક્તિકરણ

**550** સહકારી મંડળીઓ ખરીદદાર તરીકે સામેલ થઈ.

**63,000** કાર્યાન્વિત PACSને નાબાર્ડ સાથે જોડવામાં આવી રહ્યા છે.

**300** કરતાં વધારે ઈ-સેવાઓ પ્રાથમિક કૃષિ ધીરાણ મંડળીઓ ઉપલબ્ધ કરાવી રહી છે, જે નાગરિક સુવિધા કેન્દ્ર ઉપલબ્ધ કરાવે છે.



ભારતની આર્થિક વૃદ્ધિની વાત હોય, કે પછી દીર્ઘકાલિન વિકાસનાં લક્ષ્યો હોય કે આવિષ્કાર માટે સર્વસમાવેશી ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનું હોય, ડગલેને પગલે ટેકનોલોજી આપણા માટે જરૂરી છે. ભારત ટેક્નોલોજીને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટેનું માધ્યમ નથી માનતું, પરંતુ દેશની પ્રગતિને વેગ આપવાનું એક સાધન માને છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# "અમૃત પેઢી, જ્ઞાન સર્જન, વિદ્યા દાન અને વિશ્વ કલ્યાણના વિચાર સાથે નવા ભારતના નવનિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવવા જઈ રહી છે."



*શિક્ષણ એ માત્ર એવો પાયો નથી કે જેના પર આપણી સંસ્કૃતિનું નિર્માણ થયું છે, પરંતુ તે માનવજાતના ભવિષ્યનું શિલ્પી પણ છે. ભારતના યુવાનોમાં અલગ અલગ ક્ષેત્રોમાં કામ કરવાનું કૌશલ્ય હોય તે ખૂબ જ જરૂરી છે. આના માટે દેશમાં શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, કૌશલ્ય વિકાસ સંસ્થાઓનું પણ યુદ્ધના ધોરણે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. યુવાનો માટે દરેક ક્ષેત્રમાં નવી તકોનું પણ સર્જન થઈ રહ્યું છે. આજે યુવાનો પોતાની ઈચ્છા મુજબ આગળ વધવાની આઝાદી ધરાવે છે. કૌશલ્ય ભારત મિશન, અટલ ઈનોવેશન મિશન અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, રમતગમત અને સ્ટાર્ટઅપ્સ એ યુવાનોના સામર્થ્યને આગળ વધારવાના પ્રયાસો છે, જેણે 21મી સદીને ભારતની સદી બનાવી દીધી છે. આવી સ્થિતિમાં એક યુવાન રાષ્ટ્ર તરીકે ભારત કેવી રીતે નવનિર્માણની દિશામાં આગળ વધી રહ્યું છે તે અંગે* ***ન્યૂ ઈન્ડિયા સમાચારના સિનિયર સલાહકાર સંપાદક સંતોષ કુમારે કેન્દ્રીય શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે ખાસ વાતચીત કરી હતી.*** *તેના અંશો અહીં રજૂ કર્યા છેઃ*

● **વિકસિત ભારતની સૌથી મોટી જવાબદારી યુવાનો અને શિક્ષણ પર છે. આના માટે કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે છેલ્લા ત્રણ વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યાં છે?**

● ભારત એ શિક્ષણની એક મોટી ઈકોસિસ્ટમ છે, જ્યાં લગભગ 15 લાખ શાળાઓ, 95 લાખ શિક્ષકો અને 26.5 કરોડ વિદ્યાર્થીઓ છે. અમે શિક્ષણ માટે સતત વિક્રમી પ્રમાણમાં બજેટમાં વધારો કર્યો છે. શિક્ષણને છેવાડા સુધી લઈ જવા માટે વ્યવહારુ અભિગમ અપનાવવામાં આવ્યો છે, અભ્યાસક્રમમાં વ્યવહારિકતા અને કૌશલ્ય વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે. નિષ્ણાતો પણ એવું કહે છે કે, 6 વર્ષની ઉંમર સુધીમાં બાળકોના મગજનો વિકાસ 80 ટકા સુધી થઈ જાય છે, તેથી જ અમે ફાઉન્ડેશન લર્નિંગ પર વિશેષ ભાર મૂક્યો છે. અગાઉ ભારતની શિક્ષણ પ્રણાલી માત્ર નોકરી માંગનારા જ્ઞાનને પ્રોત્સાહન આપતી હતી, પરંતુ નવી નીતિ યુવાનોને રોજગારી યોગ્ય બનાવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી મુજબ નવી શિક્ષણ વ્યવસ્થા યુવાનો માટે નવી તકો લઈને આવી છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની યોજના છે. વિદ્યાર્થીઓ અધવચ્ચે અભ્યાસ છોડી ન દે તે માટે આમાં પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ પણ ઉમેરવામાં આવ્યું છે. દેશની 14 હજારથી વધુ શાળાઓને પીએમ-શ્રી યોજના સાથે જોડવામાં આવી રહી છે અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર તૈયાર કરવામાં આવી રહી છે. ન્યૂ ઈન્ડિયા સાક્ષરતા પ્રોગ્રામ, ગિફ્ટેડ બાળકો માટે નવી નીતિમાં વિશેષ ધ્યાન આપીને સાંકેતિક ભાષા અને તેને સંબંધિત પુસ્તકો તૈયાર કરવામાં આવ્યા છે.

● **નવા ભારતનો ઉદ્દેશ્ય ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કેવી રીતે આ દિશામાં પરિવર્તનનો માર્ગ નક્કી કરી રહી છે?**

● ભારતને જ્ઞાન આધારિત સમાજ બનાવવા માટે ત્રણ દાયકા કરતાં વધુ સમયની રાહ જોયા પછી, અમારી સરકાર નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લઈને આવી છે. યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને કૌશલ્યોથી સજ્જ કરવાની જોગવાઈઓ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કરવામાં આવી છે. સ્થાનિક ભાષા અને માતૃભાષામાં શિક્ષણ પર ભાર મૂકવાથી ઘણો ફાયદો થયો છે. બાળકોની સંભાળની સાથે સાથે, પ્રથમ વખત ઔપચારિક શિક્ષણની શરૂઆત ત્રણ વર્ષની ઉંમરથી કરવામાં આવી છે. બાળકો માટે વાર્તા સંભળાવવી, રમકડાં આધારિત શિક્ષણ જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વૈજ્ઞાનિક વિચારધારાની સાથે આવિષ્કાર અને ઉદ્યમિતાની માનસિકતા વિકસાવવામાં આવી રહી છે.

● **રાષ્ટ્રને શિક્ષણનું વૈશ્વિક હબ બનાવવાની દિશામાં આગળ વધી રહેલું ભારત પોતાને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર કેવી રીતે તૈયાર કરી રહ્યું છે?**

● ભારત સદીઓથી જ્ઞાન-સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું છે. આપણે વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે આગળ વધીએ છીએ. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના વિચાર મુજબ, શિક્ષણ પ્રણાલીને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર તૈયાર કરવા માટે, વિદેશી યુનિવર્સિટીઓ સાથે સંયુક્ત ડિગ્રી, ભારતમાં અભ્યાસ કરવા પ્રેરિત કરવા માટે લેવામાં આવતાં પગલાં, ભારતની બહાર ભારતીય યુનિવર્સિટીઓના કેમ્પસ બનાવવા, વિદેશની યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ બનાવવા માટે, બંને જગ્યાની યોગ્યના માન્ય બનાવવા માટે કરારો કરવામાં આવ્યા છે.

● **કોવિડ પછી શિક્ષણનું ડિજિટલાઈઝેશન આવશ્યક અંગ બની ગયું છે. આ દિશામાં શિક્ષણ મંત્રાલયના મહત્વના પ્રયાસો કયા છે?**

● ડિજિટલ શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે સ્વયં (SWAYAM), N-DEAR, NETF, ડિજિટલ યુનિવર્સિટી, નેશનલ ડિજિટલ લાઈબ્રેરી, સમર્થ, NTA, ITEP, પીએમ ઈ-વિદ્યા દીક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર સ્વયંપ્રભા જેવી ઘણી પહેલ હાથ ધરવામાં આવી છે. શિક્ષણમાં સંશોધનને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓને બાળપણથી જ તકો મળી રહે છે.

● **યુવાનોમાં ઈનોવેશન-ટેક્નોલોજીને બાબતે એક અલગ જ પ્રકારનો ઉત્સાહ જોવા મળે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ પોતાની યોજનાઓમાં તેને પ્રાથમિકતા આપતા રહ્યા છે. તમે કેવી રીતે જુઓ છો?**

● દેશમાં અત્યાર સુધીમાં 10,000 અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરવામાં આવી છે, જ્યાં વિદ્યાર્થીઓ રમતા રમતા આવિષ્કાર કરે છે. સમગ્ર દેશમાં અટલ ઈન્ક્યુબેશન કેન્દ્રો શરૂઆતથી જ ઉદ્યમિતાને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહ્યાં છે. વર્ચ્યુઅલ લેબ્સની સ્થાપના કરવામાં આવી રહી છે. નવા જમાના પ્રમાણે અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે. 125 નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક શરૂ કરવામાં આવી રહ્યાં છે.

● **દેશમાં અભ્યાસક્રમમાં ફેરફારને બાબતે અવાર-નવાર ચર્ચા થઈ રહી છે. શું સરકારે નવી પરિસ્થિતિઓ અને નવા જમાના પ્રમાણે અભ્યાસક્રમમાં કેટલાક ફેરફારો કર્યા છે?**

● પ્રારંભિક પાયાને મજબૂત કરવા માટે, બાળવાટિકાની રૂપરેખા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં છે. 49 કેન્દ્રીય વિદ્યાલયોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે તેની શરૂઆત પણ કરવામાં આવી છે. આગામી સમયમાં તમામ કેન્દ્રીય વિદ્યાલયો અને CBSE શાળાઓમાં આ બાળવાટિકા શરૂ કરવામાં આવશે. પહેલા ધોરણ અને બીજા ધોરણ માટે પુસ્તકો તૈયાર છે, જેને આ શૈક્ષણિક સત્રમાં લોન્ચ કરવામાં આવશે. શાળાકીય શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્કમાં અનુમાન કરવામાં આવ્યું છે કે પ્રાથમિક, મધ્ય અને માધ્યમિક તબક્કામાં 150 નવા પાઠ્યપુસ્તકો હશે. નવા પાઠ્યપુસ્તકો પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવશે અને પીએમ ઈ-વિદ્યા દીક્ષા પર ડિજિટલ સંસ્કરણો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**2047 સુધીમાં, કેન્દ્ર સરકાર યુવા વસ્તીની આકાંક્ષાઓ, સપનાઓ અને સંકલ્પોને નવી તકો પૂરી પાડીને ભારતને વિકસિત અને આત્મનિર્ભર બનાવવા માટે સતત કામ કરી રહી છે.**

● **ભારત એક યુવા દેશ છે. ભારતની વધી રહેલી યુવા વસ્તીને તમે કેવી રીતે જુઓ છો? તે કેવી રીતે શિક્ષણ અને કૌશલ્યો માટે નવી તકો ઊભી કરી રહી છે?**

● ભારતની યુવા વસ્તી એક મોટી તાકાત છે. ભારતની વસ્તીની સરેરાશ ઉંમર 29 વર્ષ છે. સરેરાશ દરેક ભારતીય ચીન કરતા 10 વર્ષ નાનો છે. અમે યુવાનોની વધી રહેલી વસ્તીને તકમાં ફેરવી રહ્યા છીએ. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં અમે એ વાત પર ધ્યાન નથી આપી રહ્યા કે, એવા યુવાનોને તૈયાર કરવામાં આવે કે જેઓ નોકરી શોધનાર નહીં પણ નોકરી આપનાર બને. આપણા યુવાનોએ માત્ર નોકરીઓનું સર્જન જ નહીં પરંતુ પોતાના અને સમાજ માટે પણ કામ કરવું જોઈએ. હાલમાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી યુવાન વસ્તી ધરાવતો દેશ છે, પરંતુ આવનારા સમયમાં ભારતની વસ્તીમાં વૃદ્ધોની વસ્તી પણ વધશે. એટલા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી કહ્યું હતું અને વિવિધ મંચો પર તેઓ જે

કહેતા રહ્યા છે કે, આ ભારતનો સમય છે, યોગ્ય સમય છે, કિંમતી સમય છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે, પ્રધાનમંત્રીએ લાંબા ગાળાની દૂરંદેશીને પહેલાંથી જ અનુભવી લીધી છે, તેથી 2047 સુધીમાં યુવા વસ્તીની આકાંક્ષાઓ, સપનાઓ, સંકલ્પોને નવી તક આપીને ભારતને વિકસિત-આત્મનિર્ભર બનાવવાની દિશામાં કેન્દ્ર સરકાર સતત કામ કરી રહી છે.

● **કૌશલ્ય વિકાસ આજે દરેક યોજનાનો આધાર છે. પ્રથમ વખત પ્રધાનમંત્રી મોદીએ આના માટે અલગ વિશેષ મંત્રાલયની રચના કરી છે. અત્યાર સુધીમાં તેણે કેટલી પ્રગતિ કરી છે?**

● શિક્ષણ અને કૌશલ્ય વિકાસ ઉદ્યમિતા મંત્રાલયે કૌશલ્ય વિકાસ માટે સ્કિલ હબ કેન્દ્રોની પહેલ કરી છે. તેનો ઉદ્દેશ્ય ઉદ્યોગોની માંગ મુજબ કૌશલ્યવાન કાર્યબળ તૈયાર કરવાનો છે. કૌશલ્ય મિશન દ્વારા સ્કિલિંગ, રિસ્કિલિંગ, અપ-સ્કિલિંગ પર ભાર મૂકવામાં આવ્યો છે. કૌશલ્ય વિકાસ મંત્રાલય અને વિવિધ મંત્રાલયોની પહેલથી અત્યાર સુધીમાં 6.35 કરોડ લોકોને તાલીમ આપવામાં આવી છે. આ મિશનમાં યુવાનોને રિસ્કિલ્ડ અને અપ-સ્કિલ્ડ કરવામાં આવી રહ્યા છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મુદ્રા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયાના સહયોગથી યુવાનોને સ્વરોજગારની તકો મળી રહી છે.

● **તમે શિક્ષણની સાથે સાથે કૌશલ્ય વિકાસ મંત્રાલયમાં ફેરફાર કરી રહ્યા છો. તમે શિક્ષણ અને કૌશલ્યમાં કેવા ફેરફારો જોઈ રહ્યા છો. તમે બંનેમાંથી કોને વધુ મહત્વપૂર્ણ માનો છો?**

● હા, એ વાત સાચી છે કે સમાજ અને સંસ્થા બંને શિક્ષણને વધુ મહત્વ આપતા આવ્યા છે. જો કે, હવે આમાં પરિવર્તન આવી રહ્યું છે. આપણે અત્યારે ઘણી અલગ દુનિયામાં જીવી રહ્યા છીએ. જો કે, પ્રધાનમંત્રી જ્યારે કૌશલ્યના મહત્વ પર ભાર મૂકે છે ત્યારે તેઓ કહે છે કે, ભવિષ્યમાં જો કોઈ વિદ્યાર્થી પાસે ડિગ્રી ન હોય પણ થોડું કૌશલ્ય હોય તો તે પૂરતું હશે. આવી સ્થિતિમાં, હું શિક્ષણ અને કૌશલ્યને માત્ર એકબીજામાં સંમિલિત જોઉં છું. શિક્ષણ અને કૌશલ્ય વિકાસ બંનેનું મિશ્રણ એક એવી સર્વગ્રાહી ઈકોસિસ્ટમ તૈયાર કરી શકે છે જે વ્યક્તિને જ્ઞાન અને વ્યવહારુ કૌશલ્યોથી સજ્જ કરશે. તેનાથી તેમની રોજગારીમાં વધારો થશે અને ઉદ્યમિતાને પ્રોત્સાહન મળશે.

● **યુવાનો કેન્દ્ર સરકાર પાસેથી શિક્ષણની સારી તકો અને રોજગાર તેમજ સ્વરોજગાર માટે સહકારની અપેક્ષા રાખે છે. વિકસિત ભારત માટે આ અમૃત પેઢી વિશે કેન્દ્ર સરકાર શું વિચારે છે અને તે તેની પાસેથી શું અપેક્ષા રાખે છે?**

● દુનિયા ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ વધી રહી છે, જેમાં ભારત તેની 60 કરોડ યુવા વસ્તી દ્વારા નેતૃત્વ કરવાનું સામર્થ્ય ધરાવે છે. યુવાનોની જ્ઞાન ક્ષમતામાં વધારો કરીને આ કરવું શક્ય છે. પ્રથમ વખત એપ્રેન્ટિસશીપ પ્રોગ્રામને DBT સાથે જોડવામાં આવ્યો છે, હાલમાં દેશના વિવિધ ઔદ્યોગિક એકમોમાં 6.41 લાખ એપ્રેન્ટિસ કામ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં 2.41 લાખથી વધુ DBT ટ્રાન્સફર કરવામાં આવ્યા છે અને 35.02 કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે. દેશમાં 30 નવા સ્કિલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર સ્થાપવાની જાહેરાત વર્ષ 2023ના બજેટમાં કરવામાં આવી છે. સંપૂર્ણ સરકારની વિભાવના સાથે કામ કરવામાં આવી રહ્યું છે જેથી દેશના યુવાનોને તેમની ક્ષમતા અનુસાર તૈયાર કરી શકાય. ત્યારે જ 2047માં જ્યારે દેશ આઝાદીના 100 વર્ષ પૂરા કરશે, ત્યારે ભારત વિકસિત રાષ્ટ્રની શ્રેણીમાં ઊભું થશે.

● **તમે ભારતની G-20ની અધ્યક્ષતાને કેવી રીતે જુઓ છો. ખાસ કરીને એવા સંદર્ભમાં કે ભારતનો યુવા વર્ગ વિશ્વ માટે આશા બનીને ઉભરી રહ્યો છે?**

● ભારત 2025 સુધીમાં 5 ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. શિક્ષણ અને જ્ઞાનની ઈકોસિસ્ટમ આ લક્ષ્યને હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. દરેક રાષ્ટ્ર માટે એક એવો સમય આવે છે જ્યારે તે નવી દિશા નક્કી કરે છે અને તેને હાંસલ કરવાનો પ્રયાસ કરે છે. અમૃત મહોત્સવથી આગળ વધીને અમૃતકાળમાં અમૃત પેઢી જ્ઞાન સર્જન, વિદ્યા દાન અને વિશ્વ કલ્યાણના વિચાર સાથે નવા ભારતના નવનિર્માણમાં મહત્વનું યોગદાન આપવા જઈ રહી છે. પૂણેમાં તાજેતરમાં સંપન્ન થયેલી G-20 શિક્ષણ મંત્રીઓની બેઠકમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો દસ્તાવેજ દુનિયા સમક્ષ અને ખાસ કરીને દુનિયાની ઉભરતી અર્થવ્યવસ્થાઓ માટે એક આશા તરીકે ઉભરી આવ્યો છે. નવી નીતિ ભારતની જ્ઞાન આધારિત સામાજિક વ્યવસ્થા વિશે દુનિયાને માહિતગાર કરે છે. અમારું ધ્યાન વિશ્વ કલ્યાણ પર કેન્દ્રિત છે કારણ કે જેમ પ્રધાનમંત્રી મોદી કહે છે તે મુજબ, “જો ભારત આગળ વધશે, તો વિશ્વ પણ આગળ વધશે”. 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય માત્ર ભારતને જ વિકસિત બનાવવાનું નથી, અમે સમગ્ર વિશ્વની માનવજાતને સાથે લઈને આગળ વધવાની વાત કરીએ છીએ. નવી શિક્ષણ નીતિમાં “આપણા અધિકારો કયા છે?” તે વિચારધારાને “આપણી જવાબદારી શું છે?” તે વિચારધારામાં પરિવર્તિત કરવાની શરૂઆત કરવામાં આવી છે. આ નીતિનો સંદેશ સ્પષ્ટ છે કે કર્તવ્ય નિભાવો, જવાબદારી ઉપાડો. આ જ સમય છે, યોગ્ય સમય છે, આ વિચાર સાથે આગળ વધો.●

**ભારત એક ચોક્કસ સમયગાળામાં જ એક યુવા રાષ્ટ્ર છે, જેનો અહેસાસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને થઈ ગયો છે, તેથી જ તેમણે આહ્વાન કર્યું છે કે - અમૃતકાળ માટે યોગ્ય સમય છે, ભારતનો કિંમતી સમય છે.**

## પીએમ મોદીએ કૃષિ, પર્યટન અને શિક્ષણ મંત્રીઓને સંબોધિત કર્યા

# શિખર સંમેલન માટે G-20 મંત્રીઓ ઘોષણાઓને અંતિમ રૂપ આપી રહ્યા છે

*ભારતની અધ્યક્ષતામાં G-20 દેશોના વડાઓ અને સરકારના વડાઓના શિખર સંમેલનની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે, એટલી જ ગતિથી શિખર સંમેલનમાં થનારી ઘોષણાઓને સંબંધિત ક્ષેત્રના G-20 મંત્રીઓ અંતિમ રૂપ આપી રહ્યા છે. 18નું શિખર સંમેલન નવી દિલ્હીમાં 9-10 સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવશે, જેમાં ભવિષ્યના રોડમેપની જાહેરાત કરવામાં આવશે. કૃષિ, પર્યટન, શિક્ષણ સહિત અન્ય કેટલાક વિષયોની ઘોષણાઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે, તેમજ જુલાઈના બીજા પખવાડિયામાં નાણાં મંત્રી અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો, શ્રમ મંત્રી, ઉર્જા મંત્રી, પર્યાવરણ અને આબોહવા સ્થિરતા મંત્રી સંબંધિત ક્ષેત્રની ઘોષણાઓને અંતિમ સ્વરૂપ આપશે...*



# 'મહર્ષિ' પહેલ અને ડેક્કન ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતો પર G-20 કૃષિ મંત્રીઓ સહમતી

હૈદરાબાદમાં 15 થી 17 જૂન દરમિયાન G-20 કૃષિ મંત્રીઓની બેઠક યોજવામાં આવી હતી, જેમાં 'આંતરરાષ્ટ્રીય મિલેટ્સ અને અન્ય પ્રાચીન અનાજ સંશોધન પહેલ' એટલે કે 'મહર્ષિ' અને 'ડેક્કન ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતો' પર સહમતી સાધવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 16 જૂને કૃષિ મંત્રીઓને સંબોધિત કર્યા હતા. કૃષિ ક્ષેત્રમાં ભારતના યોગદાન, સાઉથ ગ્લોબલના સીમાંત ખેડૂતો માટે ઉત્પાદકતા વાળા ઓછા ખર્ચાળ ઉકેલો આગળ મૂકવાના આહ્વાન સાથે જ, બરછટ અનાજને તેમની પસંદગીના ભોજન તરીકે અપનાવવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો.

G-20 કૃષિ મંત્રીઓને બરછટ અનાજ (શ્રી અન્ન) પર વૈશ્વિક ઉત્કૃષ્ટતા કેન્દ્ર (IIMR)ના એકમો અને ત્યાં ઉગાડવામાં આવતા આઠ પ્રકારના બરછટ ધાન્યના પાકો બતાવવામાં આવ્યા હતા. કૃષિ મંત્રીઓએ સામૂહિક પ્રતિબદ્ધતાના પ્રતીક તરીકે બરછટ ધાન્યના છોડનું વાવેતર પણ કર્યું હતું. બેઠકના નિષ્કર્ષ અને સારાંશ માટે લિંક પર ક્લિક કરો https://www.g20.org/content/dam/gtwenty/gtwenty_new/document/AMM-ODCS.pdf

G-20 કૃષિ મંત્રીઓની બેઠકમાં, અગાઉ યોજવામાં આવેલી કૃષિ સમૂહની બેઠકોમાં આવેલા તારણો અને પરિણામના દસ્તાવેજ પર ચર્ચા કરવામાં આવી હતી અને પછી તેને અપનાવવામાં આવ્યા હતા. કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે માહિતી આપી હતી કે, વારાણસીમાં 12મી મુખ્ય કૃષિ વૈજ્ઞાનિકોની બેઠકમાં શરૂ કરવામાં આવેલી 'આંતરરાષ્ટ્રીય મિલેટ્સ અને અન્ય પ્રાચીન અનાજ સંશોધન પહેલ' (મહર્ષિ)ને G-20 કૃષિ મંત્રીઓની બેઠકમાં સર્વસંમતિથી મંજૂરી મળી છે. છે. ભારતની આ પહેલનો ઉદ્દેશ્ય દેશ અને વિશ્વમાં બરછટ અનાજ (શ્રી અન્ન) અને અન્ય પરંપરાગત અનાજની ખેતી અને વપરાશ વધારવાનો છે, જે ઉચ્ચ પોષક મૂલ્ય ધરાવે છે અને ખાદ્ય સુરક્ષામાં યોગદાન આપે છે. આ બેઠકમાં, સભ્ય દેશોએ સર્વસંમતીથા 'ડેક્કન ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતો' પર પણ સહમતી વ્યક્ત કરી છે. આ સિદ્ધાંતો ટકાઉક્ષમ અને સમાવેશી કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે સીમાચિહ્નરૂપ કાર્ય કરે છે.

કૃષિ ક્ષેત્રમાં ભારતના યોગદાન અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, ભારતની નીતિ 'મૂળ બાબતો પર પાછા ફરવું' (બેક ટુ બેઝિક્સ) અને 'ભવિષ્યની દિશામાં આગેકૂચ' (માર્ચ ટુ ફ્યુચર)નું મિશ્રણ છે. ભારત, કુદરતની ખેતી સાથે સાથે, ટેકનોલોજીની દષ્ટિએ સમર્થ ખેતીને પણ પ્રોત્સાહન આપી રહ્યું છે. દેશભરના ખેડૂતો હવે કુદરતી ખેતી અપનાવી રહ્યા છે. જમીનના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે, 'દરેક ટીપે, વધુ પાક' (પર ડ્રોપ, મોર કોર્પ)નું ઉત્પાદન કરવા અને જૈવિક ખાતરો તેમજ જીવાંત નિયંત્રણના પગલાંને પ્રોત્સાહન આપવા પર પણ ભાર મૂકવામાં આવે છે. ભારતના ખેડૂતો ઉત્પાદકતા વધારવા માટે તેમના ખેતરોમાં સૌર ઉર્જા ઉત્પન્ન કરવા અને તેનો ઉપયોગ કરવા, પાકની પસંદગીને શ્રેષ્ઠ બનાવવા માટે સોઈલ હેલ્થ કાર્ડનો ઉપયોગ કરે છે અને પોષક તત્વોના છંટકાવ તેમજ પોતાના પાક પર દેખરેખ માટે ડ્રોન જેવી ટેકનોલોજીઓનો ઉપયોગ પણ કરે છે.



> કૃષિ ક્ષેત્રમાં ભારતની G-20 સંબંધિત પ્રાથમિકતાઓ આપણી 'એક પૃથ્વી'ને ઠીક કરવા, આપણા 'એક પરિવાર'માં સદ્ભાવ ઉભો કરવા અને એક ઉજ્જવળ 'એક ભવિષ્ય' માટે આશા જગાવવા પર કેન્દ્રિત છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૃષિ મંત્રીઓને જણાવ્યું હતું કે, જમીનના સ્વાસ્થ્ય, પાકના સ્વાસ્થ્ય અને ઉપજ માટે યોગ્ય વધુ સારી કૃષિ પદ્ધતિઓ અપનાવો. વિશ્વના વિવિધ ભાગોમાંથી પરંપરાગત પ્રથાઓ આપણને પુનરુત્પાદક કૃષિના વિકલ્પો વિકસાવવા માટે પ્રેરણા આપી શકે છે. ખેડૂતોને આવિષ્કાર અને ડિજિટલ ટેક્નોલોજીથી સજ્જ કરીને સશક્ત બનાવો. સાઉથ ગ્લોબલના દેશોમાં નાના અને સીમાંત ખેડૂતો માટે ઓછા ખર્ચાળ ઉકેલો તૈયાર કરો.

# પ્રધાનમંત્રી મોદીએ લોકશાહીનો ઉત્સવ જોવાનું આમંત્રણ આપ્યું

પર્યટન કાર્ય સમૂહની ચોથી બેઠક અને પર્યટન મંત્રીઓની બેઠક ગોવામાં સંપન્ન થઈ હતી જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G-20 પર્યટન મંત્રીઓને આગામી વર્ષે યોજનારી સામાન્ય ચૂંટણીના પર્વ માટે મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું. સાથે જ એવું પણ આહ્વાન કર્યું હતું કે, ભારતની G-20ની અધ્યક્ષતાનું આદર્શ વાક્ય, "વસુધૈવ કુટુંબકમ્ - એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય" પોતાની રીતે જ વૈશ્વિક પર્યટન માટે પણ એક આદર્શ વાક્ય બની શકે છે.

પર્યટન મંત્રીઓની બેઠક પહેલાં પર્યટન કાર્ય સમૂહની 'પર્યટન ક્ષેત્રમાં પ્લાસ્ટિકની વલયાકાર અર્થવ્યવસ્થા તરફ - વૈશ્વિક પર્યટન પ્લાસ્ટિક પહેલ', 'ટકાઉક્ષમ અને જવાબદાર પર્યટન માટે ક્રુઝ પર્યટનને એક મોડેલ બનાવવું' વિષય પર એક સહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોવા રોડમેપ સહિત સમૂહ દ્વારા તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજને મંત્રીઓએ અંતિમ રૂપ આપીને તેનો સ્વીકાર કર્યો હતો. સંપૂર્ણ દસ્તાવેજ https://www.g20.org/content/dam/gtwenty/gtwenty_new/document/G20_Tourism_Outcome.pdf પર જુઓ.

પર્યટન અંગે ભારતની અધ્યક્ષતા હેઠળ G-20ની પાંચ પ્રાથમિકતાઓમાં ગ્રીન ટૂરિઝમ, ડિજિટાઈઝેશન, કૌશલ્ય વિકાસ, પર્યટન MSME અને ડેસ્ટિનેશન મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. આ પ્રાથમિકતાઓ ભારતીય અને ગ્લોબલ સાઉથની પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે. આના પર ચર્ચા કર્યા પછી, એક પરિણામી દસ્તાવેજ અપનાવવામાં આવ્યો, જેમાં ગોવા રોડમેપનો પણ સમાવેશ થાય છે. ભારત જે રીતે પર્યટનને પ્રોત્સાહન આપવા માટે આવિષ્કારનો ઉપયોગ કરી રહ્યું છે, એવી જ રીતે ઉભરતી ટેક્નોલોજીનો વધુમાં વધુ ઉપયોગ, નાણાંની સુલભતામાં વધારો, વેપારના નિયમો સરળ બનાવવા અને કૌશલ્ય વિકાસમાં રોકાણ બાબતે સાથે મળીને કામ કરવાનું આહ્વાન પણ G-20 પર્યટન મંત્રીઓને કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કેન્દ્રીય પર્યટન મંત્રી જી. કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે, દીર્ઘકાલિન વિકાસના લક્ષ્યોની પ્રગતિને વેગ આપવા માટે સામૂહિક પ્રયાસો દ્વારા પર્યટનની શક્તિનો ઉપયોગ કરી શકાય છે. પર્યટન કાર્ય સમૂહના બંને દસ્તાવેજોને મંત્રીઓ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા, જેના એક ભાગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલ 'પર્યાવરણ માટે જીવનશૈલી' પર આધારિત 'ટ્રાવેલ ફોર લાઈફ'નો સમાવેશ થાય છે.

પર્યટન પ્રત્યે આપણો અભિગમ 'અતિથિ દેવો ભવઃ' છે. આપણું પર્યટન માત્ર જાણવા અને જોવા પૂરતું મર્યાદિત નથી. તે ઓતપ્રોત કરી દેનારો એક અનુભવ છે. ભારતમાં દરેક માટે કંઈકને કંઈક રહેલું છે. G-20ની અધ્યક્ષતા દરમિયાન સમગ્ર દેશમાં લગભગ 100 સ્થળોએ ભારત દ્વારા 200 બેઠકોનું આયોજન કરવા અંગે, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, જેઓ અગાઉ બેઠકોમાં ભાગ લેવા માટે આવ્યા છે તેમના માટે કોઈપણ બે અનુભવો એક સરખા નહીં હોય. ભારતનું ધ્યાન આધ્યાત્મિક પર્યટન પર કેન્દ્રિત છે. વિશ્વના દરેક મોટા ધર્મના તીર્થયાત્રીઓ માટે ભારત પાસે કંઈક ને કંઈક છે, જે સૌને આકર્ષે છે. વારાણસીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કર્યા બાદ અત્યાર સુધીમાં 7 કરોડ તીર્થયાત્રીઓ તેની મુલાકાતે આવ્યા છે, જે પહેલાંની સરખામણીએ દસ ગણા વધારે છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોવા માટે એક વર્ષમાં 27 લાખ લોકો પહોંચ્યા છે. ભારતે છેલ્લા નવ વર્ષમાં દેશમાં પર્યટનની સમગ્ર ઈકો-સિસ્ટમ વિકસાવવા પર વિશેષ ભાર મૂક્યો છે. આતિથ્ય ક્ષેત્રમાં રોજગાર સર્જન, સામાજિક સમાવેશ અને આર્થિક પ્રગતિની ખૂબ જ સંભાવનાઓ રહેલી છે.




"ભારતમાં આવતા વર્ષે સામાન્ય ચૂંટણી યોજાવાની છે. એક મહિના કરતાં વધુ સમય સુધી, લગભગ એક અબજ મતદારો લોકશાહીના આ પર્વની ઉજવણી કરશે. આ તહેવાર જોવા માટે તમારી પાસે સ્થળોની કોઈ કમી નહીં હોય. હું આપ સૌને આ મહત્વપૂર્ણ વૈશ્વિક ઉત્સવ દરમિયાન ભારતમાં પધારવાનું આમંત્રણ આપું છું.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# અનુભવ અને સંસાધનનું પ્લેટફોર્મ શેર કરવા માટે ભારત તૈયાર

G-20 શિક્ષણ મંત્રીઓની બેઠક 22 જૂને પુણેમાં સંપન્ન થઈ હતી જેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધિત કરી હતી. 19 થી 21 જૂન દરમિયાન મળેલી શિક્ષણ કાર્ય સમૂહની બેઠકમાં જે નિષ્કર્ષો આવ્યા હતા તેને અંતિમ રૂપ આપવા માટે આ બેઠક યોજવામાં આવી હતી. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં આ બેઠક યોજવામાં આવી હતી જેમાં 14 મંત્રીઓ સહિત 150 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. પ્રતિનિધિઓએ ભારતના નેતૃત્વ હેઠળના 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે પરિવર્તનકારી માર્ગ તરીકે શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ભારતની અધ્યક્ષતામાં ઓળખી કાઢવામાં આવેલી 4 પ્રાથમિકતાઓનાં પરિણામો, શિક્ષણ કાર્ય સમૂહનો અહેવાલ અને G-20 દેશોની શિક્ષણ નીતિઓ અને કાર્યક્રમો અંગેના સમૂહના સંગ્રહનું સમર્થન કરવાની સાથે જ તેને અપનાવવામાં આવ્યા હતા. શિક્ષણ મંત્રીઓની બેઠકમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, વૈશ્વિક સ્તરે ગૌરવ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવામાં શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણાર્થીઓ માટે ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત અવરોધો, ડિજિટલ સમસ્યાઓ દૂર કરીને સ્થાનિક ભાષાઓ સહિત ટેક્નોલોજીની ઈકોસિસ્ટમ તૈયાર કરવા માટે સામૂહિક રીતે કામ કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. ડિજિટલ પરિવર્તન, મહિલાઓનાં નેતૃત્વ હેઠળ વિકાસ, હરિત વિકાસ અને જીવનશૈલી (LiFE)માં શિક્ષણના મહત્વની ભૂમિકાને સ્વીકારવામાં આવી હતી. તારણો વિગતવાર વાંચવા માટે https://www.g20.org/content/dam/gtwenty/gtwenty_new/document/G20-Education-WG-ODCS-22.pdf પર ક્લિક કરો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક વીડિયો સંબોધનમાં સ્પષ્ટ સમજાવ્યું હતું કે, શિક્ષણ એ માત્ર એવો પાયો નથી કે જેના પર આપણી સંસ્કૃતિનું નિર્માણ થયું છે, પરંતુ તે માનવજાતના ભવિષ્યનું શિલ્પી પણ છે. અમે મૂળભૂત સાક્ષરતાને ટેક્નોલોજી સાથે પણ જોડી રહ્યા છીએ. 'સમજદારી અને સંખ્યાત્મકતા સાથે અભ્યાસમાં પ્રવીણતા માટે રાષ્ટ્રીય પહેલ' અથવા 'નિપુણ ભારત' પહેલ આનો એક ભાગ છે.

ભારતનો હેતુ બહેતર પ્રશાસન સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો છે. આના માટે નવા ઈ-લર્નિંગને આવિષ્કારી રીતે અપનાવવું પડશે. ભારતે 'યુવા આકાંક્ષી વિચારો માટે સક્રીય અભ્યાસના સ્ટડી વેબ્સ' અથવા 'સ્વયં' પહેલની શરૂઆત કરી છે. તેમાં 9માથી અનુસ્નાતક સ્તર સુધીના અભ્યાસક્રમો સામેલ છે. 34 મિલિયન કરતાં વધુ નોંધણી અને નવ હજારથી વધુ અભ્યાસક્રમો સાથે, તે ખૂબ જ અસરકારક શિક્ષણ માધ્યમ બની ગયું છે. તેવી જ રીતે "નોલેજ શેરિંગ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર" અથવા દીક્ષા પોર્ટલ પણ છે. તે 29 ભારતીય ભાષાઓ અને 7 વિદેશી ભાષાઓમાં શીખવા માટે સમર્થન કરે છે. અહીં 13.7 કરોડથી વધુ અભ્યાસક્રમો પૂરા કરવામાં આવ્યા છે. આ અનુભવો અને સંસાધનોને, ખાસ કરીને વિકાસશીલ દેશો અને લોકો સાથે શેર કરવામાં ભારતને આનંદ થશે.

શિક્ષણ સમૂહે "મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન"ને પ્રાથમિકતા આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિક્ષણ મંત્રીઓને 2030 સુધીમાં સમયબદ્ધ રીતે આના પર કામ કરવાનો સંકલ્પ લેવાનું આહ્વાન કર્યું છે. આ સાથે પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું છે કે, શિક્ષણ, કૌશલ્ય અને શ્રમ મંત્રાલય ભારતમાં કૌશલ્ય મેપિંગ પર કામ કરી રહ્યું છે. G-20 દેશો દ્વારા વૈશ્વિક સ્તર પર કૌશલ્ય મેપિંગથી એવી ખામીઓને ઓળખી શકે છે જેને દૂર કરવાની જરૂર છે. કૌશલ્ય નિર્માણ અને શિક્ષણના ક્ષેત્રની સંભાવનાઓ અને ટેકનિકલ પડકારો વચ્ચે સંતુલનમાં G-20 મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે.

શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સંશોધન અને આવિષ્કારની નર્સરી બની રહેલી 10 હજાર 'અટલ ટિંકરિંગ લેબ'ની સ્થાપના કરવામાં આવી છે, જેમાં લગભગ 75 લાખ વિદ્યાર્થીઓ 12 લાખથી વધુ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા છે. G-20 દેશો, ખાસ કરીને વિકાસશીલ દેશો સંશોધન સહયોગમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું છે કે, શિક્ષણ જૂથે દીર્ઘકાલિન વિકાસનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ગ્રીન ટ્રાન્સફોર્મેશન, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને મહિલા સશક્તિકરણને પ્રવેગક તરીકે ઓળખ્યા છે. આ પ્રયાસોના મૂળમાં શિક્ષણ છે.



> ભારતીય શાસ્ત્રોમાં શિક્ષણની ભૂમિકાનું વર્ણન આનંદ આપનાર તરીકે કરવામાં આવ્યું છે. સાચું જ્ઞાન નમ્રતા આપે છે. નમ્રતામાંથી યોગ્યતા આવે છે, યોગ્યતામાંથી સંપત્તિ પ્રાપ્ત થાય છે. સંપત્તિ વ્યક્તિને સારાં કાર્યો કરવામાં સમર્થ બનાવે છે. આનાથી જ આનંદ આવે છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી









## ઈન્ડોનેશિયામાં આર્થિક સમાવેશીતા, મહાબલીપુરમમાં ટકાઉ ફાઈનાન્સ પર મથન

ભારતની અધ્યક્ષતામાં આર્થિક સમાવેશીતા કાર્ય સમૂહ (JPFI)ની ત્રીજી વૈશ્વિક સહભાગીતાની બેઠક 24 થી 26 જૂન સુધી ઈન્ડોનેશિયાના બાલીમાં અને ટકાઉક્ષમ ફાઈનાન્સ કાર્ય સમૂહની બેઠક તમિલનાડુના મહાબલીપુરમમાં 19 થી 21 જૂન દરમિયાન યોજાઈ હતી. JPFIની બેઠકના પાંચ સત્રોમાં આર્થિક સમાવેશીતા અને ઉત્પાદકતા લાભ માટે ડિજિટલ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ લેવા સહિતના પ્રાથમિકતા વાળા ક્ષેત્રોની ચર્ચા કરવામાં આવી હતી. આર્થિક સમાવેશીતા કાર્ય યોજના પર સહમતી સાધવામાં આવી હતી. 17-18 જુલાઈના રોજ ગાંધીનગરમાં યોજાનારી નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોની બેઠકમાં આ તારણોને વિચારણા માટે રજૂ કરવામાં આવશે.

સાથે જ, ટકાઉક્ષમ ફાઈનાન્સ કાર્ય સમૂહની બેઠકમાં, વર્ષ-2023 માટે નિર્ધારિત કરવામાં આવેલી કાર્ય યોજના અને પ્રાથમિકતા વાળા ત્રણ ક્ષેત્રોની ભલામણોને અંતિમ રૂપ આપવા માટે સમૂહ આગળ વધ્યું છે. આ સમૂહની સ્વૈચ્છિક ભલામણોને ગાંધીનગર ખાતેની બેઠકમાં સામેલ કરવામાં આવશે.

## શ્રમ-20 દ્વારા ટાસ્ક ફોર્સનો અહેવાલ સ્વીકારાયો, હવે શિખર સંમેલનમાં જશે

શ્રમ-20 શિખર સંમેલન 21 થી 23 જૂન દરમિયાન પટણામાં યોજાયું હતું. સામાજિક સુરક્ષા લાભોને શ્રમિકો માટે વધુ સુલભ બનાવવાની ક્ષમતા માટે G-20 સભ્યો અને આમંત્રિતોએ એક બહુપક્ષીય વ્યવસ્થાતંત્ર વિકસાવવાનો સંકલ્પ કર્યો હતો. આ પહેલાં, અમૃતસરમાં યોજાયેલી સ્થાપના બેઠકમાં કાર્યની દુનિયા સાથે સંબંધિત જ્વલંત મુદ્દાઓ સાથે સંકળાયેલી પાંચ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી, જેના અહેવાલો પર ચર્ચા કરવામાં આવી હતી. કૌશલ્ય વિકાસ ટાસ્ક ફોર્સના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમમાં ગ્રીન સ્કીલ્સનો સમાવેશ થવો જોઈએ.

'મહિલાઓ અને કાર્યનુ ભવિષ્ય' શીર્ષક હેઠળના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ખાનગી ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધારવા અને તેમની નેતૃત્વની ભૂમિકામાં વધારો કરવા માટે, સહાયક માહોલ ઊભો કરવામાં ઘરેથી કામ કરવાની સવલત આપવી, કામ માટેના અનુકૂળ કલાકોની સુવિધા કરી આપવી વગેરે રજૂ કરી શકાય. સંમેલનમાં જે મુદ્દાઓ સામે આવ્યા તેને શ્રમ અને રોજગાર મંત્રીઓની આગામી બેઠકની સાથે સાથે સપ્ટેમ્બરમાં યોજાનારા શિખર સંમેલનમાં પહોંચાડવામાં આવશે.

## પખવાડિયામાં યોજનારી બેઠકો

- રોજગાર કાર્ય સમૂહની ચોથી બેઠક, 19-20 જુલાઈ, ઈન્દોર.
- ઊર્જા ટ્રાન્સફોર્મેશન કાર્ય સમૂહની ચોથી બેઠક, 19-20 જુલાઈ, ગોવા.
- G-20 શ્રમ અને રોજગાર મંત્રીઓની બેઠક, 21 જુલાઈ, ઈન્દોર.
- G-20 ઊર્જા મંત્રીઓની બેઠક, 22 જુલાઈ, ગોવા.
- ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન કાર્ય સમૂહની ત્રીજી બેઠક, 24-26 જુલાઈ, ચેન્નઈ.
- પર્યાવરણ અને આબોહવા ટકાઉક્ષમતા કાર્ય સમૂહની ચોથી બેઠક, 26-27 જુલાઈ, ચેન્નઈ.
- G-20 પર્યાવરણ અને આબોહવા ટકાઉક્ષમતા મંત્રીઓની બેઠક, 28 જુલાઈ, ચેન્નઈ.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રાથમિકતાઓ વિશે ચર્ચા માટે ઋષિકેશમાં પ્રતિનિધિઓ ભેગા થયા

G-20 સભ્યો અને પ્રતિનિધિઓ 26 થી 28 જૂન દરમિયાન ઋષિકેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્ય સમૂહની ત્રીજી બેઠકમાં ચર્ચા કરવા માટે ભેગા થયા હતા. ભારતની અધ્યક્ષતામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર નિર્ધારિત પ્રાથમિકતાઓ અને માર્ચ 2023માં યોજાયેલી સમૂહની બીજી બેઠકમાં થયેલી ચર્ચાઓને આગળ વધારવા માટેની કાર્યવાહીમાં મૂળભૂત માળખાને એક પરિસંમતિ તરીકે તૈયાર કરવાનું, મૂળભૂત માળખા પર રોકાણ અને આર્થિક સંસાધનો એકઠા કરવા માટે માર્ગો ઓળખવાનું સામેલ છે. આ સમૂહનાં પરિણામોને ફાઈનાન્સ ટ્રેકની પ્રાથમિકતાઓમાં સામેલ કરવામાં આવશે. ભવિષ્યના શહેરોને ભંડોળ પૂરું પાડવા, સર્વસમાવેશી અને ટકાઉક્ષમ શહેરી વિકાસની ચર્ચાને સર્વોચ્ચ પ્રાથમિકતાના મુદ્દા તરીકે રાખવામાં આવ્યા છે. G-20 પ્રતિનિધિઓની સત્તાવાર બેઠકોની સાથે સાથે, સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા, જેમાં ઋષિકેશની સમૃદ્ધ સાંસ્કૃતિક અને કુદરતી સૌંદર્ય તેમજ યોગ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સમૂહની છેલ્લી બેઠક મધ્યપ્રદેશના ખજુરાહો ખાતે યોજાશે. ●



# કૉપિરાઈટ, પેટન્ટ, રોયલ્ટીથી મુક્ત
# યોગ બન્યા વૈશ્વિક આંદોલન

**યુજ્યતે એતદ્ ઈતિ યોગઃ - અર્થાત્, જે જોડે છે તે જ યોગ છે. યોગ એ ભારતની ખૂબ જ પ્રાચીન પરંપરા છે. 21 જૂનના રોજ 9મા વાર્ષિક આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટરમાં યોજવામાં આવેલા યોગ કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું જેમાં 135થી વધુ દેશોએ ભાગ લીધો હતો. અહીંયા જ, જ્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્રની સભામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રસ્તાવ મૂક્યો હતો, ત્યારે વિશ્વના 180થી વધુ દેશો એક સાથે આવ્યા હતા અને વિક્રમી સંખ્યામાં દેશોએ સમર્થન કર્યું હતું. ત્યારથી, આજદિન સુધી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દ્વારા, યોગ એક વૈશ્વિક આંદોલન બની ગયા છે...**

ગ્રંથોમાં યોગ વિશે કહેવામાં આવ્યું છે કે - વ્યાયામાત્ લભતે સ્વાસ્થ્યમ્, દીર્ઘ આયુષ્યમ્ બલમ્ સુખમ્! તેનો અર્થ એવો થાય છે કે, યોગ દ્વારા, વ્યાયામ દ્વારા આપણને સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને બળ મળે છે. યોગ એવા સ્વસ્થ અને મજબૂત સમાજનું નિર્માણ કરે છે, જેની સામૂહિક ઉર્જા અનેકગણી વધારે હોય છે. 9મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2023 પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "યોગ એ ભારતની ખૂબ જ પ્રાચીન પરંપરા છે. તમામ પ્રાચીન ભારતીય પરંપરાઓની જેમ, તે પણ જીવંત અને ગતિશીલ છે. યોગ નિઃશુલ્ક છે - કૉપિરાઈટથી મુક્ત, પેટન્ટથી મુક્ત અને રોયલ્ટીની ચુકવણીથી મુક્ત છે. તમારી ઉંમર,

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટરમાં યોગાભ્યાસમાં સૌથી વધુ દેશોની સહભાગીતા ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ.**

લૈંગિકતા અને ફિટનેસના આધારે સ્વીકાર કરવા યોગ્ય છે. યોગ પોર્ટેબલ છે - તમે તેને ઘરે અથવા કામ દરમિયાન અથવા મુસાફરી દરમિયાન પણ કરી શકો છો." આ વખતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'વસુધૈવ કુટુંબકમ માટે યોગ' એટલે કે 'એક પૃથ્વી - એક પરિવાર - એક ભવિષ્ય' રાખવામાં આવી હતી.

"

એક વિભાજિત દુનિયામાં, યોગ દુનિયાભરના લાખો લોકોને એકબીજા સાથે જોડે છે, જેમના માટે તે શક્તિ, સદ્ભાવ અને શાંતિનો સ્રોત છે.

**- એન્ટોનિયો ગુટેરેસ, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ**

"

યોગના મહત્વ અંગે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના મંતવ્ય સાથે સંપૂર્ણપણે સહમત છુ. યોગ દિવસ આપણને સૌને વધુ નજીક લાવે અને આપણા ગ્રહનું સ્વાસ્થ્ય સુધારે છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



**135**

કરતાં વધુ દેશોના હજારો લોકોએ યોગમાં જબરદસ્ત રસ લીધો.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 9મો વાર્ષિક આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 21 જૂન 2023ના રોજ ન્યૂયોર્ક શહેરમાં સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટર ખાતે નોર્થ લૉનમાં કરવામાં આવેલી 9મા વાર્ષિક આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું. આ કાર્યક્રમમાં 135થી વધુ દેશોના હજારો લોકોનો જબરદસ્ત રસ જોવા મળ્યો. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસનો એક વીડિયો સંદેશ પણ અહીં બતાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં 77મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ સાબા કોરોસી, ન્યૂયોર્ક શહેરના મેયર એરિક એડમ્સ, સંયુક્ત રાષ્ટ્રના ઉપસચિવ અને સંયુક્ત રાષ્ટ્ર દીર્ઘકાલિન વિકાસ લક્ષ્યોના સમૂહના અધ્યક્ષ અમીના જે. મોહમ્મદ સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. સાથે જ, તમામ ક્ષેત્રોની અગ્રણી હસ્તીઓ - રાજદ્વારીઓ, અધિકારીઓ, શિક્ષણવિદો, સ્વાસ્થ્ય પ્રોફેશનલો, ટેકનોલોજીવિદો, ઉદ્યોગજગતના અગ્રણીઓ, મીડિયાની હસ્તીઓ, કલાકારો, આધ્યાત્મિક ગુરુઓ અને યોગ સાધકોએ પણ ભાગ લીધો હતો. યોગ સત્ર પહેલાં પ્રધાનમંત્રી મોદીએ મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રતિમાનું ઉદ્ઘાટન ડિસેમ્બર 2022માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ભારતની અધ્યક્ષતા દરમિયાન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ નોર્થ લૉનમાં સ્થિત પીસકીપિંગ મેમોરિયલ પર પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ન્યૂયોર્ક શહેરમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયના પ્રતિષ્ઠિત નોર્થ લૉન ખાતે 9મા વાર્ષિક આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે મધ્યપ્રદેશના જબલપુરમાં રાષ્ટ્રીય યોગ મહોત્સવનું નેતૃત્વ કર્યું હતું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023 નિમિત્તે પ્રધાનમંત્રી મોદીએ પોતાના વીડિયો સંદેશમાં કહ્યું હતું કે, "ભારતની સંસ્કૃતિ હોય કે સામાજિક માળખું, ભારતનું દર્શન હોય કે દૃષ્ટિ, આપણે હંમેશા જોડાવા, અપનાવવા અને અંગીકાર કરવાની પરંપરાઓનું જતન કર્યું છે." યોગમાં વ્યક્તિ પોતાની જાતને પરિસ્થિતિ પ્રમાણે ઘડી શકે છે. તમે એકલા અથવા સમૂહમાં તેનો અભ્યાસ કરી શકો છો, શિક્ષક પાસેથી શીખી શકો છો અથવા સ્વ-શિક્ષણ કરી શકો છો. યોગ સૌને એકજૂથ કરે છે - તે સૌના માટે છે, તમામ જાતિઓ, ધર્મો અને સંસ્કૃતિઓ માટે છે. યોગ સાચા અર્થમાં સાર્વભૌમિક છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "યોગ માટે કહેવામાં આવ્યું છે કે - 'યોગઃ કર્મસુ કૌશલમ્'. એટલે કે કર્મમાં કૌશલ્ય જ યોગ છે. આઝાદીના અમૃતકાળમાં આ મંત્ર આપણા સૌના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યારે આપણે આપણી ફરજો પ્રત્યે સમર્પિત હોઈએ છીએ, ત્યારે આપણે યોગની સિદ્ધિ સુધી પહોંચી જઈએ છીએ."

**ગુજરાતના સુરતમાં એક યોગાભ્યાસ સત્રમાં એક જ સ્થળે સૌથી વધુ સંખ્યામાં લોકો સામેલ થયા હતા. આ બાબતની 'ગિનિસ વર્લ્ડ રેકોર્ડ'માં નોંધ લેવામાં આવી હતી.**

### ઓશન રિંગ ઓફ યોગથી યોગ દિવસને ખાસ બનાવ્યો

આ વર્ષે યોગ દિવસના કાર્યક્રમને ઓશન રિંગ ઓફ યોગ દ્વારા ખાસ બનાવવામાં આવ્યો હતો. ઓશન રિંગ ઓફ યોગ, આનો આઈડિયા યોગના વિચાર અને સમુદ્રના વિસ્તરણના આંતરસંબંધ પર આધારિત છે. સૈન્યના જવાનોએ પણ આપણા જળસ્રોતો સાથે 'યોગ ભારતમાલા અને યોગ સાગરમાલા' બનાવી. એવી જ રીતે, આર્કટિકથી એન્ટાર્કટિક સુધી, ભારતના બે રિસર્ચ બેઝ એટલે કે, પૃથ્વીના બે ધ્રુવો પણ યોગ સાથે સંકળાયા હતા. યોગની આ અનોખી ઉજવણીમાં દેશ અને દુનિયાના કરોડો લોકોએ આટલી સહજતાથી ભાગ લીધો તે બાબત યોગનો પ્રસાર, યોગની પ્રસિદ્ધિ અને તેની મહાનતાને ઉજાગર કરે છે. ●

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો અમેરિકા, ઈજિપ્તનો પ્રવાસ**

# પારસ્પરિક સંબંધોની નવી અને ગૌરવપૂર્ણ યાત્રાનો પ્રારંભ

**"The Future is AI - America and India", મતલબ કે ભવિષ્ય AI છે - અમેરિકા અને ભારત. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું આ વાક્ય ભારત અને અમેરિકા વચ્ચેની મજબૂત ભાગીદારી અને સહયોગને સ્પષ્ટ કરવા માટે પૂરતું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પ્રથમ મહિલા ડૉ. જીલ બાઈડેનનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રાજકીય મુલાકાત લેવાનું આમંત્રણ અને 21-24 જૂન સુધી અમેરિકાની સત્તાવાર રાજકીય મુલાકાતે આ કડીને વધારે મજબૂત બનાવી દીધી છે. આ મુલાકાત દરમિયાન અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધિત કરવાની સાથે સાથે રાષ્ટ્રપતિ બાઈડેન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો તેમજ AI, અવકાશ, ક્વોન્ટમ અને રોકાણ સંબંધે કરવામાં આવેલા કરારોથી સહકાર વધુ મજબૂત થયો છે. આ પછી, ઈજિપ્તની બે દિવસીય મુલાકાત દરમિયાન, રાષ્ટ્રહિતમાં ઘણી સમજૂતીઓ કરવામાં આવી હતી...**

ભારત-અમેરિકા વ્યાપક વ્યૂહાત્મક વૈશ્વિક ભાગીદારી સહિયારા લોકતાંત્રિક મૂલ્યો, સુરક્ષા અને વ્યૂહાત્મક મુદ્દાઓ પર સામંજસ્ય અને નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના સહિયારા દષ્ટિકોણ પર આધારિત છે. પારસ્પરિક જોડાણ અને સહયોગ દ્વારા દ્વિપક્ષીય સંબંધો આગળ વધી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન વચ્ચેની નિયમિત ઉચ્ચ સ્તરીય વાતચીતોએ બંને સરકારોને માર્ગદર્શન આપવામાં અને સહિયારી પ્રાથમિકતાના સમકાલીન મુદ્દાઓના સંદર્ભમાં દ્વિપક્ષીય એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. અમેરિકા, વસ્તુઓ અને સેવાઓમાં ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. બંને દેશો વિજ્ઞાન, ટેક્નોલોજી, શિક્ષણ, આરોગ્ય, સંરક્ષણ અને સુરક્ષાનાં ક્ષેત્રોમાં સહયોગી છે, તેથી નિર્ણાયક અને ઉભરતી ટેક્નોલોજીની પહેલે નવાં પરિમાણો ઉમેર્યા છે. સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ, અવકાશ, ટેલિકોમ્યુનિકેશન, ક્વોન્ટમ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બાયોટેક ક્ષેત્રોમાં સહકારને વ્યાપક બનાવવામાં આવ્યો છે.

## વ્હાઈટ હાઉસના રાજકીય સ્વાગતમાં પીએમ મોદીને 21 તોપોની સલામી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અમેરિકાના પ્રવાસ દરમિયાન વ્હાઈટ હાઉસમાં તેમનું રાજકીય સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં 21 તોપોની સલામી આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ જો બાઈડેન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યાં લૉન પર ઉપસ્થિત ભારતીય સમુદાયે ઉત્સાહપૂર્વક મોદી-મોદીના નારા લગાવ્યા હતા. વ્હાઈટ હાઉસમાં પ્રથમ વખત કરવામાં આવેલા સેરિમોનિયલ વેલકમ અંગે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "થેન્ક્યૂ પ્રેસિડેન્ટ બાઈડેન ફોર યોર ફ્રેન્ડશિપ". આટલી મોટી સંખ્યામાં ભારતીય-અમેરિકન સમુદાય માટે, વ્હાઈટ હાઉસને પહેલી વખત ખોલવામાં આવ્યું હતું. બંને દેશોની નવી ભાગીદારી અને સન્માનમાં ડીનરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.



# ભારત અને અમેરિકા વચ્ચે સમજૂતી કરાર

- સેમિકન્ડક્ટર અંગે સમજૂતી થઈ.
- ભારત-અમેરિકા વચ્ચે ડ્રોન સોદો.
- સંરક્ષણ ક્ષેત્રમાંમાં મોટો સોદો થયો.
- અવકાશ ક્ષેત્ર સાથે મળીને મિશન કરવાની જાહેરાત કરી.
- અમદાવાદ અને બેંગલુરુમાં અમેરિકા પોતાનું વાણિજ્ય દૂતાવાસ ખોલશે જ્યારે ભારત સિએટલમાં તેની તેનું વાણિજ્ય દૂતાવાસ ખોલશે.
- અમેરિકન રાષ્ટ્રપતિએ આફ્રિકન યુનિયનને G-20ના સંપૂર્ણ સભ્ય બનાવવાના ભારતના પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.

## અમેરિકામાં અનેક ક્ષેત્રના દિગ્ગજો સાથે પ્રધાનમંત્રી મોદીની મુલાકાત થઈ

- ટેકનોલોજી ક્ષેત્રના અગ્રણી, બિઝનેસમેન એલોન મસ્ક સાથે 21 જૂને અમેરિકાના ન્યૂયોર્કમાં મુલાકાત થઈ.
- ન્યૂયોર્કમાં અમેરિકન ગણિતશાસ્ત્રી આંકડાશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, જાહેર બુદ્ધિજીવી પ્રો. નિકોલસ તાલેબ સાથે 21 જૂને મુલાકાત થઈ.
- અમેરિકી રોકાણકાર, લેખક અને હેજ ફંડ બ્રિજવોટર એસોસિએટ્સના સહ-સ્થાપક રે ડેલિયો સાથે ન્યૂયોર્કમાં મુલાકાત થઈ.
- ન્યૂયોર્કમાં જાણીતા અમેરિકન ખગોળ વૈજ્ઞાનિક, લેખક અને વિજ્ઞાન કોમ્યુનિકેટર નીલ ડીગ્રાસે ટાયસન સાથે 21 જૂને મુલાકાત.
- પ્રતિષ્ઠિત અમેરિકન શિક્ષણવિદોના જૂથને મળ્યા. તેમાં કૃષિ, માર્કેટિંગ, એન્જિનિયરિંગ, આરોગ્ય, વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોના શિક્ષણવિદો હતા.
- ન્યૂયોર્કમાં અમેરિકાના નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અને નીતિગત ઉદ્યમી પ્રો. પોલ રોમર સાથે મુલાકાત કરી.
- ન્યૂયોર્કમાં ભારતીય અમેરિકન ગાયિકા, સંગીતકાર અને ગ્રેમી એવોર્ડ વિજેતા ફાલ્ગુની શાહને મળ્યા.
- એપ્લાઈડ મટિરિયલ્સના ચેરમેન અને CEO ગેરી ઈ. ડીકર્સન સાથે 22 જૂનના રોજ મુલાકાત કરી.
- જનરલ ઈલેક્ટ્રીકના CEO એચ. લોરેન્સ કલ્પ જુનિયર સાથે 22 જૂનના રોજ મુલાકાત કરી.
- વોશિંગ્ટન ડીસીમાં માઈક્રોનના CEO સંજય મેહરોત્રા સાથે મુલાકાત કરી.
- વોશિંગ્ટન ડીસીમાં બોઈંગના ચેરમેન અને CEO ડેવિડ એલ. કેલહોન સાથે મુલાકાત .
- એમેઝોનના ચેરમેન અને CEO એન્ડ્રુ આર. જેસ્સી સાથે મુલાકાત કરી.
- વોશિંગ્ટન ડીસીમાં આલ્ફાબેટ ઈન્ક અને ગૂગલના CEO સુંદર પિચાઈને સાથે મુલાકાત કરી.



અમેરિકાની મુલાકાત દરમિયાન એ નક્કી કરવામાં આવ્યું છે કે, બંને દેશો વેપાર સંબંધિત પડતર મુદ્દાઓનો અંત લાવીને નવેસરથી શરૂઆત કરશે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ વાત પર સહમત થયા છે કે, આપણી વ્યૂહાત્મક ભાગીદારીને સાર્થક બનાવવામાં સરકારો, વ્યવસાયો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે આવે તે મહત્વપૂર્ણ છે. ભારત અને અમેરિકાની વેપાર અને રોકાણની ભાગીદારી માત્ર બંને દેશો પૂરતી જ નહીં પરંતુ વૈશ્વિક અર્થતંત્ર માટે પણ મહત્વપૂર્ણ છે. આજે, અમેરિકા ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ભારત-અમેરિકાની મિત્રતા વિશ્વને વધુ સારી જગ્યા બનાવશે.

સંરક્ષણથી લઈને ઉડ્ડયન ક્ષેત્ર સુધી, એપ્લાઈડ મટિરિયલ્સથી મેન્યુફેક્ચરિંગ, IT ક્ષેત્રથી અવકાશ સુધી, ભારત-અમેરિકા હવે સૌથી ભરોસાપાત્ર ભાગીદારો તરીકે આગળ વધી રહ્યા છે. ભારત અને અમેરિકા વચ્ચેની આ ભાગીદારી બંને દેશોના હિતમાં છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વાગતમાં ન્યૂયોર્કની પ્રખ્યાત ઈમારતો તિરંગાના રંગોથી ઝગમગી ઉઠી હતી.**

એટલા માટે તેને મજબૂત બનાવવામાં આવે તે પણ એટલું જ જરૂરી છે. આ માટે ઘણાં ઐતિહાસિક પગલાં લેવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી મોદી કહે છે કે, આપણી ભાગીદારી 21મી સદીની દુનિયાનું ભાગ્ય બદલી શકે છે. આપણે AI, અવકાશ, ક્વોન્ટમ, સેમિકન્ડક્ટર અને ટેલિકોમ જેવા ક્ષેત્રોમાં સહયોગ કરીને મજબૂત અને ભવિષ્યલક્ષી સંબંધ બનાવી રહ્યા છીએ. ભારત અને યુએસ વચ્ચે આર્ટેમિસ સમજૂતી અવકાશ સંશોધનને નવી ઊંચાઈઓ પર લઈ જશે, જે એ હકીકતનું પ્રમાણ છે કે, 'સ્કાય ઈઝ નોટ ધ લિમિટ'. ભારત અને અમેરિકા આતંકવાદ અને કટ્ટરવાદ સામેની




## પીએમ મોદીને ખાસ ટી-શર્ટ ભેટમાં આપી

ભારત અને અમેરિકા વચ્ચે ટેક્નોલોજી સહયોગ નવી ઊંચાઈઓ સ્પર્શી રહ્યો છે તેના પ્રતીક તરીકે રાષ્ટ્રપતિ જો બાઈડેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એક ખાસ ટી-શર્ટ ભેટમાં આપી હતી જેમાં પ્રધાનમંત્રી મોદીનું પ્રખ્યાત ક્વોટ - "The Future is AI - America and India" લખેલું હતું. અમેરિકી કોંગ્રેસને બીજી વખત સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, સાત વર્ષ પહેલા હું અહીં આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં ઘણું બદલાઈ ગયું છે, પરંતુ ઘણું બધું હજુંય એવુંને એવું જ છે - જેમ કે ભારત અને અમેરિકા વચ્ચેની મિત્રતા વધુ ઘનિષ્ઠ કરવાની આપણી પ્રતિબદ્ધતા.

> ભારત અને અમેરિકાની મિત્રતા વિશ્વની ભલાઈ માટેની તાકાત છે. તે આપણી પૃથ્વીને વધુ સારી અને વધુ ટકાઉક્ષમ બનાવશે. મારી તાજેતરની મુલાકાતમાં જે બાબતો સામે આવી છે, તેનાથી આપણો સંબંધ વધુ મજબૂત થશે.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

> યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને ભારત વચ્ચેની મિત્રતા એ વિશ્વની સૌથી મહત્વપૂર્ણ મિત્રતાઓમાંની એક છે. તે પહેલાં કરતા વધુ મજબૂત, નજીક અને વધુ ગતિશીલ થઈ છે.
>
> - જો બાઈડેન, અમેરિકી પ્રમુખ



લડાઈમાં ખભાથી ખભો મિલાવીને ચાલી રહ્યા છે. ભારત-અમેરિકા એ વાત પર સહમત છે કે, સરહદ પારના આતંકવાદને ખતમ કરવા માટે સંયુક્ત કાર્યવાહી કરવી જરૂરી છે.

### સંબંધોની નવી પ્રભાતમાં ભારત-અમેરિકા એક સાથે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને બીજી વખત સંબોધતા કહ્યું હતું કે, "જ્યારે હું પ્રધાનમંત્રી તરીકે પહેલીવાર અમેરિકાની મુલાકાતે આવ્યો ત્યારે ભારત દસમા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા હતું, આજે ભારત પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને ટૂંક સમયમાં ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. આપણે માત્ર વિકાસ જ નથી કરી રહ્યા પરંતુ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. જ્યારે ભારત આગળ વધે છે, ત્યારે વિશ્વ આગળ વધે છે. છેવટે, અમે વિશ્વની વસ્તીનો છઠ્ઠો ભાગ છીએ."

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "અમેરિકા સૌથી જૂની છે અને ભારત સૌથી મોટી લોકશાહી છે. લોકશાહીના ભવિષ્ય માટે આપણી ભાગીદારી સારો સંકેત છે. આપણે સાથે મળીને વિશ્વને વધુ સારું ભવિષ્ય આપીશું અને ભવિષ્ય માટે વધુ સારી દુનિયા આપીશું." ભારતમાં આજે 2500થી વધુ રાજકીય પક્ષો છે.

## આ પહેલાં પીએમ મોદીને મળેલા મુખ્ય સન્માન

2016: પ્રધાનમંત્રી મોદી પહેલા એવા બિન-મુસ્લિમ છે જેમને સાઉદી અરબનું સર્વોચ્ચ સન્માન મળ્યું છે.

2016: અફઘાનિસ્તાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું.

2018: ફિલિપાઈન્સની બહારની પ્રથમ વ્યક્તિ જેને ત્યાંનું સર્વોચ્ચ સન્માન મળ્યું.

2019: સંયુક્ત આરબ અમીરાતનું સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું.

2019: રશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન મળ્યું.

2019: માલદીવે પ્રધાનમંત્રી મોદીનું સન્માન કર્યું. દેશની બહાર કોઈને મળેલું તે સૌથી મોટું સન્માન છે.

2019: બહેરીને સર્વોચ્ચ સન્માન આપ્યું. આ ખાડી દેશોનું સર્વોચ્ચ સન્માન છે.

2020: શ્રેષ્ઠ સેવાઓ અને સિદ્ધિઓ બદલ અમેરિકાએ સન્માનિત કર્યા.

2021: ભૂતાને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કર્યા.

2023: પાપુઆ ન્યુ ગિનીના ગ્રાન્ડ કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ લોગોહુથી સન્માનિત કરવામાં આવ્યા.

2023: ફિજી પ્રજાસત્તાકે પીએમ મોદીને સર્વોચ્ચ સન્માન 'ધ કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી'થી સન્માનિત કર્યા.

2023: પલાઉ પ્રજાસત્તાકનો એબાકાલ પુરસ્કાર: પીએમ મોદીને તેમની પાપુઆ ન્યુ ગિનીની મુલાકાત દરમિયાન એબાકાલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



## પીએમ મોદીને ઈજિપ્તનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ નાઈલ'

ઈજિપ્તના રાષ્ટ્રપતિ મહામહિમ અબ્દેલ ફતાહ અલ-સિસીએ 25 જૂન 2023ના રોજ કૈરોના પ્રેસિડેન્સી ખાતે આયોજિત એક વિશેષ સમારંભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઈજિપ્તના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ નાઈલ'થી સન્માનિત કર્યા હતા. મુસ્લિમ વસ્તીમાં છઠ્ઠા નંબર પર રહેલા ઈજિપ્તમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ સન્માન મળ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અત્યાર સુધીમાં 13 દેશો દ્વારા સર્વોચ્ચ સન્માન મળ્યું છે. પ્રધાનમંત્રી મોદી આ પુરસ્કાર મેળવનારા પ્રથમ ભારતીય છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રથમ મહિલા જીલ બાઈડેનને સુરતની લેબોરેટરીમાં બનાવવામાં આવેલો 7.5 કેરેટનો હીરો ભેટમાં આપ્યો હતો. આનાથી લેબમાં બનાવવામાં આવેલા હીરા ઉદ્યોગ માટે આશા જાગે છે.**

ભારતના વિવિધ રાજ્યોમાં લગભગ 20 જેટલા જુદા જુદા પક્ષો શાસન કરી રહ્યા છે. અમારી પાસે બાવીસ અધિકૃત ભાષાઓ અને હજારો બોલીઓ છે, તેમ છતાં પણ અમે એક સ્વરમાં વાત કરીએ છીએ. આજે વિશ્વ ભારત વિશે વધુ ને વધુ જાણવા માંગે છે.

ભારતની ડિજિટલ ક્રાંતિ વિશે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "અમે ડિજિટલ ઈન્ડિયા બનાવવા પર કામ કર્યું છે. દેશમાં 220 કરોડ સ્વદેશી કોવિડ રસીના ડોઝ વિનામૂલ્યે આપીને લોકોને સુરક્ષિત કરવામાં આવ્યા છે." ખેડૂતોને હવામાનની માહિતી, વડીલોને ઑનલાઈન સુરક્ષિત ચુકવણી, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ટેલિમેડિસિન પૂરી પાડતા ડૉક્ટરો, બધા જ મોબાઈલનો ઉપયોગ કરે છે અને માત્ર એક ક્લિકમાં આ સુવિધા તેમના સુધી પહોંચી જાય છે. આ જ ડિજિટલ ઈન્ડિયાની તાકાત છે.

મહિલાઓના સશક્તિકરણ દ્વારા રાષ્ટ્રના સશક્તિકરણ વિશે

## પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે ભારતનું કદ વધી રહ્યું છે



અમેરિકાના પ્રવાસ દરમિયાન પીએમ મોદીનું અમેરિકી કોંગ્રેસને આ બીજું અને વિદેશી સંસદમાં 12મું સંબોધન હતું.

2014 ભૂતાન
2014 નેપાળ
2014 ઓસ્ટ્રેલિયા
2014 ફિજી
2015 શ્રીલંકા
2015 મોંગોલિયા
2015 અફઘાનિસ્તાન
2016 અમેરિકા
2018 યુગાન્ડા
2019 માલદીવ્સ

## 'ભારત અને USA: ભવિષ્ય માટે કૌશલ્ય વિકાસ' કાર્યક્રમમાં પીએમ મોદીએ ભાગ લીધો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રથમ મહિલા ડૉ. જીલ બાઈડેન વોશિંગ્ટન ડીસીમાં આવેલા રાષ્ટ્રીય વિજ્ઞાન કેન્દ્ર ખાતે 'ભારત અને USA: ભવિષ્ય માટે કૌશલ્ય વિકાસ' થીમ પર યોજાયેલા એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. સમગ્ર સમાજમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચ વધારવા અને વિસ્તરણ કરવા માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કર્મચારીઓનો પુનઃવિકાસ કરવા પર આ કાર્યક્રમ કેન્દ્રિત હતો. તેમજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 21 જૂન, 2023ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પ્રથમ મહિલા ડૉ. જીલ બાઈડેન દ્વારા વ્હાઈટ હાઉસમાં આયોજિત એક ખાનગી કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પ્રધાનમંત્રી મોદી તેમના પરિવારના સભ્યોને પણ મળ્યા હતા.

પ્રધાનમંત્રીએ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ભારત-અમેરિકાના સહયોગને વેગ આપવા માટે 5-પોઈન્ટનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે નીચે મુજબ છે.

- સરકાર, ઉદ્યોગ અને શિક્ષણ જગત એક સાથે લાવવાનો સંકલિત અભિગમ.
- શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવું.
- બંને દેશો વચ્ચે વિવિધ વિષયો પર હેકાથોનનું આયોજન.
- વ્યાવસાયિક કૌશલ્ય યોગ્યતાઓને પરસ્પર માન્યતા આપવી.
- શિક્ષણ અને સંશોધન સાથે સંકળાયેલા લોકોના પ્રવાસને પ્રોત્સાહન આપવું.

વાત કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "ભારતમાં મહિલાઓ આજે અમને વધુ સારા ભવિષ્ય તરફ લઈ જઈ રહી છે. ભારતનું વિઝન માત્ર મહિલાઓનો વિકાસ કરવાનું નથી પરંતુ મહિલાઓના નેતૃત્વમાં વિકાસ કરવાનું છે."

પ્રધાનમંત્રી મોદી તેમની અમેરિકાની મુલાકાત દરમિયાન ભારતીય સમુદાયના સભ્યો અને ક્ષેત્રના નિષ્ણાતોને પણ મળ્યા હતા. અમેરિકા હવે ભારતના સૌથી મહત્વપૂર્ણ સંરક્ષણ ભાગીદારોમાંનું એક બની ગયું છે. આજે, ભારત અને અમેરિકા અવકાશ અને સમુદ્ર, વિજ્ઞાન અને સેમિકન્ડક્ટર, સ્ટાર્ટઅપ અને ટકાઉપણું, ટેક્નોલોજી અને વ્યવસાય, કૃષિ અને નાણાં, કળા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઊર્જા અને શિક્ષણ, સ્વાસ્થ્ય સંભાળ અને માનવતાવાદી પ્રયાસોમાં સાથે મળીને કામ કરી રહ્યા છે.

**અમેરિકી સરકારે ભારતની 100થી વધુ પ્રાચીન મહત્વ ધરાવતી વસ્તુઓ પરત કરવાનો નિર્ણય લીધો છે, જે ભારતમાંથી ચોરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય બજારમાં પહોંચી હતી.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના પ્રવાસની શરૂઆત અમેરિકાના ન્યૂયોર્કથી કરી હતી, જ્યાં તેમણે 21 જૂનના રોજ સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટર ખાતે સંયુક્ત રાષ્ટ્રના નેતૃત્વ અને



## ઈજિપ્તમાં પીએમ મોદીએ મહાનુભાવો સાથે મુલાકાત કરી

- 24 જૂને, ઈજિપ્તના ગ્રાન્ડ મુફ્તી મહામહિમ ડૉ. શૌકી ઈબ્રાહિમ અલ્લામને મળ્યા.
- કૈરોમાં ઈજિપ્તના પ્રસિદ્ધ લેખક અને પેટ્રોલિયમ વ્યૂહરચનાકાર તારેક હેગી સાથે મુલાકાત કરી.
- કૈરોમાં બે અગ્રણી યુવા યોગ પ્રશિક્ષકો, રીમ જબાક અને નાડા એડેલ સાથે મુલાકાત કરી.
- મધ્ય-પૂર્વ અને ઉત્તરીય આફ્રિકન ક્ષેત્રમાં કાર્યરત ઈજિપ્તની સૌથી મોટી કંપનીઓમાંની એક હસન અલ્લમ હોલ્ડિંગ કંપનીના CEO હસન અલ્લમ સાથે મુલાકાત કરી.

## ભારત અને ઈજિપ્ત વચ્ચે કરાર

- બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને 'વ્યૂહાત્મક ભાગીદારી' સુધી વધારવા માટેના કરાર પર હસ્તાક્ષર.
- કૃષિ, પુરાતત્વ અને પ્રાચીન વસ્તુઓ તેમજ પ્રતિસ્પર્ધા કાયદાના ક્ષેત્રોમાં પણ ત્રણ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.



**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈજિપ્તની રાજકીય મુલાકાત એ 26 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા લેવામાં આવેલી પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે. હવાઈમથક પર તેમના ઈજિપ્તના સમકક્ષ મુસ્તફા મેડબૌલીએ તેમનું સ્વાગત કર્યું હતું.**

આંતરરાષ્ટ્રીય સમુદાયના સભ્યો સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. ડિસેમ્બર 2014માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસને માન્યતા આપવાના ભારતના પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્રે સમર્થન આપ્યું હતું.

### ઈજિપ્તના રાષ્ટ્રપતિના આમંત્રણ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કૈરો ગયા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સિસીના આમંત્રણ પર વોશિંગ્ટન ડીસીથી કૈરોનો પ્રવાસ કર્યો હતો. ત્યાં, 25 જૂનના રોજ અલ-સિસીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું અલ-ઈત્તિહાદિયા પેલેસમાં સ્વાગત કર્યું હતું. બેઠકમાં, બંને નેતાઓએ ભારત અને ઈજિપ્ત વચ્ચેની ભાગીદારીને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરી હતી, જેમાં ખાસ કરીને વેપાર અને રોકાણ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સંરક્ષણ અને સુરક્ષા, અક્ષય ઉર્જા, કૃષિ, આરોગ્ય, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો જેવા ક્ષેત્રોમાં ચર્ચા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી મોદી અને પ્રમુખ અલ-સિસીએ G-20માં સહકાર વધારવાની રીતો પર પણ ચર્ચા કરી હતી જેમાં, ખાદ્ય અને ઊર્જાની અસુરક્ષા, આબોહવા પરિવર્તન અને ગ્લોબલ સાઉથ માટે સાથે મળીને અવાજ ઉઠાવવાની જરૂરિયાત જેવા મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ રાજકીય મુલાકાત દરમિયાન કૈરોની અલ-હકીમ મસ્જિદની પણ મુલાકાત લીધી હતી અને હેલિયોપોલિસ કોમનવેલ્થ વોર ગ્રેવ સેમેટરીની મુલાકાત લીધી હતી. તેમણે 4300થી વધુ બહાદુર ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી જેમણે પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન ઈજિપ્ત અને એડનમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ ઈજિપ્તની રાજકીય મુલાકાત દરમિયાન 24 જૂને કૈરોમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરી હતી. ●

# વિકસિત ભારતના લક્ષ્યને ગતિ આપતી 'વંદે ભારત ટ્રેન'

*'વંદે ભારત ટ્રેન' એ આજના આધુનિક અને વિકાસશીલ ભારતની શાનદાર તસવીર છે. તે ભારતની ગતિ, ભારતની વ્યાપકતા બંનેનું પ્રતિબિંબ છે. દેશ ખૂબ જ ઝડપથી વંદે ભારત ટ્રેન શરૂ કરી રહ્યો છે અને તે ઝડપની તાકાત સાથે દેશવાસીઓને વધુ નજીક લાવી રહ્યો છે. આ શ્રેણીમાં, ભારતીય રેલ્વે 27 જૂનના રોજ એક ઐતિહાસિક પ્રસંગનું સાક્ષી બન્યું, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભોપાલના રાણી કમલાપતિ સ્ટેશન પર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના પાંચ નવા રૂટને લીલી ઝંડી બતાવીને તેને રવાના કરી હતી...*




મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમય બચાવે છે અને દેશમાં વિકાસની ગતિને પણ ઝડપી બનાવે છે. આ જ કારણ છે કે, દેશમાં નવા જળમાર્ગો, વોટરવેઝ અને નવી નવી જગ્યાઓને સી-પ્લેનથી જોડવાનું કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. ભારતીય રેલ્વે પણ ઝડપથી આધુનિક અવતારમાં બદલાઈ રહી છે. વિકાસને ગતિ આપવા માટે, સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિ પર વિશેષ ભાર મૂકે છે. આ વાતને ધ્યાનમાં રાખીને, આજે દેશ વંદે ભારત ટ્રેન શરૂ કરી રહ્યો છે જે દેશના દરેક ભાગને ખૂબ જ ઝડપથી જોડશે. અત્યાર સુધીમાં દેશભરમાં આવી 23 ટ્રેનો શરૂ કરી દેવામાં આવી છે. 11,000 કિલોમીટરથી વધુના અંતરને આવરી લેતા 24 રાજ્યોને તેમાં સમાવી લેવામાં આવ્યા છે.


આરામદાયક અને ઉન્નત રેલ્વે મુસાફરીના અનુભવના નવા યુગની શરૂઆત કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાણી કમલાપતિ-જબલપુર, રાણી કમલાપતિ-ઈન્દોર, ગોવા મડગાંવ-મુંબઈ, રાંચી-પટણા અને ધારવાડ-બેંગલુરુ વચ્ચે પાંચ નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો શરૂ કરી છે. શરૂ કરવામાં આવેલી આ વંદે ભારત વિવિધ રાજ્યોના પાટનગરો અને અન્ય શહેરો વચ્ચેની કનેક્ટિવિટી સુધારશે, મુસાફરીનો સમય ઓછો કરશે, તેમજ પ્રવાસને વધુ આરામદાયક બનાવશે. વંદે ભારત ટ્રેન નવા ભારત,

> **ભોપાલમાં એક સાથે પાંચ વંદે ભારત ટ્રેનો શરૂ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ દર્શાવે છે કે, સમગ્ર દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીના ઝડપી વિકાસ બાબતે અમારી સરકાર કેટલી પ્રતિબદ્ધ છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

વિકસિત ભારતનો સંદેશ દેશના ખૂણે ખૂણે લઈ જઈ રહી છે. પ્રધાનમંત્રી મોદીએ રાણી કમલાપતિ-ઈન્દોર વંદે ભારત એક્સપ્રેસના પ્રથમ કોચનું નિરીક્ષણ કર્યું. તેમણે ટ્રેનમાં મુસાફરી કરી રહેલાં બાળકો અને ક્રૂ મેમ્બર્સ સાથે સંવાદ પણ કર્યો હતો.

### ઉત્કૃષ્ટ સુવિધાઓથી સજ્જ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અનેક પ્રકારની શ્રેષ્ઠ સુવિધાઓ પ્રદાન કરે છે. આ ટ્રેન મુસાફરોને વિશ્વકક્ષાની આરામદાયક મુસાફરીનો અનુભવ અને કવચ ટેકનોલોજી સહિત અદ્યતન અદ્યતન સુરક્ષા




### રાણી કમલાપતિ-જબલપુર વંદે ભારત એક્સપ્રેસ

રાણી કમલાપતિ - જબલપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન રાણી કમલાપતિ રેલ્વે સ્ટેશનથી ઉપડશે અને નરસિંહપુર, પીપરીયા અને નર્મદાપુરમ રેલ્વે સ્ટેશન પર રોકાઈને તે જ દિવસે જબલપુર સ્ટેશન પહોંચશે. વંદે ભારત ટ્રેન શરૂ થવાથી મધ્યપ્રદેશની સાંસ્કૃતિક રાજધાની જબલપુર, મધ્યપ્રદેશના પાટનગર ભોપાલ અને નજીકના ધાર્મિક અને પર્યટન સ્થળોની કનેક્ટિવિટી વધારશે તેમજ આ વિસ્તારનો સર્વાંગી વિકાસ પણ થશે.

### રાંચી-પટણા વંદે ભારત એક્સપ્રેસ

રાંચી-પટણા નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પટણાથી ઉપડશે અને ગયા, કોડરમા, હાજારીબાગ, બરકાકાના અને મેસરા રેલ્વે સ્ટેશનો પર રોકાઈને તે જ દિવસે રાંચી સ્ટેશન પર પહોંચશે.

### રાણી કમલાપતિ-ઈન્દોર વંદે ભારત એક્સપ્રેસ

ભોપાલ-ઈન્દોર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ભોપાલ રેલ્વે સ્ટેશનથી ઉપડશે અને ઉજ્જૈન રેલ્વે સ્ટેશન પર રોકાઈને તે જ દિવસે ઈન્દોર સ્ટેશન પર પહોંચશે. રાણી કમલાપતિ અને ઈન્દોર વચ્ચે વંદે ભારત ટ્રેન દોડાવવાથી પ્રવાસ વધુ સરળ અને ઝડપી બનશે. ઉપરાંત, તે આ પ્રદેશોની સંસ્કૃતિ, પર્યટન અને તીર્થસ્થળોને જોડવાનું મહત્વનું માધ્યમ બનશે.

### ગોવા (મડગાંવ) - મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ

ગોવા (મડગાંવ)-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન છત્રપતિ શિવાજી ટર્મિનસ સ્ટેશનથી ઉપડશે અને દાદર, થાણે, પનવેલ, ખેડ, રત્નાગિરી, કનકવલી અને થિવીમ રેલવે સ્ટેશનો પર રોકાઈને તે જ દિવસે મડગાંવ પહોંચશે. તેનાથી આ વિસ્તારમાં પ્રવાસનને પ્રોત્સાહન મળશે.

### ધારવાડ - બેંગલુરુ વંદે ભારત એક્સપ્રેસ

ધારવાડ - બેંગલુરુ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન કેએસઆર બેંગલુરુ સિટીથી ઉપડશે અને યશવંતપુર, દાવણગેરે તેમજ હુબલી રેલ્વે સ્ટેશનો પર રોકાઈને તે જ દિવસે ધારવાડ સ્ટેશન પહોંચશે. કર્ણાટકમાં, ધારવાડ - બેંગલુરુ વંદે ભારત ટ્રેન વિદ્યા કાશી ધારવાડ, વાણિજ્ય નગરી, હુબલી અને બેંગલુરુને જોડશે. આ વંદે ભારત ટ્રેન ઉત્તર કર્ણાટકને દક્ષિણ કર્ણાટક સાથે જોડશે.

સુવિધાઓ પ્રદાન કરે છે. દરેક ટ્રેનમાં 160 કિમી પ્રતિ કલાકની ઓપરેટિંગ સ્પીડ માટે સંપૂર્ણપણે સસ્પેન્ડેડ ટ્રેક્શન મોટરથી સજ્જ ડબાઓ લગાવવામાં આવ્યા છે. ઉન્નત અત્યાધુનિક સસ્પેન્શન સિસ્ટમ મુસાફરોને સુગમ-સુનિશ્ચિત મુસાફરી અને બહેતર આરામદાયક સવારી સુનિશ્ચિત કરે છે. આ ટ્રેનોને પાવર કાર અને અદ્યતન રિજનરેટિવ બ્રેકિંગ સિસ્ટમ સાથે ડિઝાઈન કરવામાં આવી છે જેનો ઉદ્દેશ્ય લગભગ 30 ટકા પાવરની બચત કરીને ભારતીય રેલ્વેના ગ્રીન ઉત્સર્જનને પ્રોત્સાહન આપવાનો છે.●

# આઝાદીના વીરોએ દેશહિતને સર્વોપરી માન્યું; તપ, ત્યાગ કર્યા અને બલિદાન આપ્યું

**પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ 1857માં શરૂ થયો હતો અને 1947 સુધી દેશના કોઈને કોઈ ખૂણે દરેક ક્ષણે ચાલુ રહ્યો હતો. આટલા લાંબા સમયગાળાએ દેશવાસીઓના હૃદયમાં આઝાદીની ઝંખના પેદા કરી. દરેક વ્યક્તિ કંઈકને કંઈક કરવા માટે પ્રતિબદ્ધ હતી. પેઢીઓ બદલાતી રહી, પણ સંકલ્પમાં કોઈ ઘટાડો થયો નહીં. લોકો આવતા ગયા, જોડાતા ગયા અને દેશ અંગ્રેજોના શાસનને હટાવવા માટે દરેક ક્ષણે પ્રયાસ કરતો રહ્યો. આ સ્વાતંત્ર્ય સેનાનીઓમાં મંગલ પાંડે, ડૉ. ખૂબચંદ બઘેલ, અરુણા આસફ અલી અને અબ્દુલ હમીદ કૈસરના નામ પણ સામેલ છે જેમણે હંમેશા રાષ્ટ્રહિતને સર્વોપરી માન્યું અને આઝાદી માટે સંઘર્ષ કરતા રહ્યા. આ સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભારતના સ્વાતંત્ર્યની ચળવળમાં માત્ર અથાક મહેનત જ નથી કરી, પરંતુ જ્યારે જરૂર પડી ત્યારે રાષ્ટ્રના હિતમાં તપ, ત્યાગ કર્યા અને બલિદાન પણ આપ્યું...**



મંગલ પાંડે

# ભારતની સ્વતંત્રતાના સંગ્રામના પહેલા ક્રાંતિવીર

**જન્મઃ** 19 જુલાઈ 1827, **અવસાનઃ** 8 એપ્રિલ 1857



બેરકપુરમાં 29 માર્ચ, 1857ની બપોરે તે સમયે, 34મી બંગાળ નેટિવ ઈન્ફન્ટ્રીમાં નિયુક્ત એક અધિકારી લેફ્ટનન્ટ જનરલ બી.એચ. બોને જાણ કરવામાં આવી હતી કે તેની રેજિમેન્ટમાં ઘણા જવાન ઉશ્કેરાયેલા છે. આ ઉપરાંત, એવી પણ માહિતી આપવામાં આવી હતી કે એક સિપાહી, મંગલ પાંડે એક લોડેડ મસ્કટ સાથે પરેડ ગ્રાઉન્ડમાંથી રેજિમેન્ટલ ગાર્ડ રૂમની સામે આવી રહ્યો હતો અને અન્ય સિપાહીઓને વિદ્રોહ કરવા માટે ઉશ્કેરી રહ્યો છે. તે ધમકી આપી રહ્યો છે કે, તેની સામે આવનાર પ્રથમ યુરોપિયનને તે પોતાની બંદૂકમાંથી ગોળીઓ મારીને ખતમ કરી નાખશે. બો ત્યાં પહોંચતા જ મંગલ પાંડેએ ગોળીબાર કર્યો હતો. આ ઘટના દરમિયાન બે બ્રિટિશ સૈનિકો પર હુમલો કરવા બદલ મંગલ પાંડેને 8 એપ્રિલ, 1857ના રોજ ફાંસી આપવામાં આવી હતી. ફાંસીની ઘટના બાદ અંગ્રેજી સેનામાં સિપાહી રહેલા મંગલ પાંડેએ દેશના લોકોમાં આઝાદીની એવી ભાવના જગાડી કે 90 વર્ષ પછી અંગ્રેજ સરકારને દેશ છોડવો પડ્યો.

1857માં ભારતની સ્વતંત્રતાની પહેલી લડાઈમાં મુખ્ય વ્યક્તિ રહેલા મંગલ પાંડેનો જન્મ 19 જુલાઈ 1827ના રોજ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લામાં થયો હતો. તેઓ 1857ની ક્રાંતિના અગ્રદૂત હતા. તેમણે લોકોમાં ક્રાંતિની જ્યોત પ્રજ્વલિત કરી હતી, જેના પ્રકાશ અને પ્રતાપથી વિદેશી શાસનના મૂળિયા હચમચી ગયા હતા. તેઓ બેરકપુર ખાતે 34મી બંગાળ ઈન્ફન્ટ્રીમાં સિપાહી હતા. 1857માં, બ્રિટિશ સૈન્યએ તેના સૈનિકોને એક નવી એનફિલ્ડ રાઈફલ આપી, જેને લોડ કરતી વખતે ગ્રીસ લાગેલા કારતૂસના ટોચના ભાગને દાંતથી ખેંચવો પડતો હતો. એવી અફવાઓ ફેલાઈ હતી કે કારતૂસને લુબ્રિકેટ કરવા માટે ગાય અથવા ડુક્કરની ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે. સૈનિકોને ખાતરી થઈ ગઈ હતી કે, અંગ્રેજોએ જાણીજોઈને કારતૂસ પર ચરબીનો ઉપયોગ કર્યો છે. 29 માર્ચ 1857ના રોજ, પાંડેએ તેના સાથી સૈનિકોને અંગ્રેજ અધિકારીઓ સામે વિદ્રોહ કરવા કહ્યું હતું. મંગલ પાંડેએ બે અધિકારીઓ પર હુમલો કર્યો અને જ્યારે પ્રતિકાર કર્યો ત્યારે પોતાને ગોળી મારવાનો પ્રયાસ કર્યો પરંતુ બ્રિટિશ સૈનિકોએ તેની ધરપકડ કરી. તરત જ કેસની સુનાવણી થઈ અને મંગલ પાંડેને ફાંસીની સજા ફટકારવામાં આવી. અગાઉ મંગલ પાંડેને ફાંસી આપવાની તારીખ 18 એપ્રિલ નક્કી કરવામાં આવી હતી. અંગ્રેજોને લાગ્યું કે, આ વિદ્રોહ અન્ય વિસ્તારોમાં ફેલાવો જોઈએ નહીં, તેથી તેમણે મંગલ પાંડેને દસ દિવસ અગાઉ 8 એપ્રિલે બેરકપુરમાં ફાંસી આપી હતી. મંગલ પાંડે 1857ના વિદ્રોહમાં મૃત્યુ પામનાર પ્રથમ ભારતીય હતા. આ ઘટનાના એક મહિના પછી, 10 મે, 1857ના રોજ, સિપાહીઓએ મેરઠમાં વિદ્રોહ કર્યો, જેણે 1857ના પ્રથમ સ્વતંત્રતા યુદ્ધને જન્મ આપ્યો.

તેમની દેશભક્તિ, ત્યાગ અને બલિદાનથી લાખો દેશવાસીઓને આઝાદીની ચળવળમાં ભાગ લેવાની પ્રેરણા મળી અને વૈચારિક ક્રાંતિએ લોકોમાં આઝાદીની ભાવનાને મૂર્તિમંત કરી હતી. 19 જુલાઈ, 2022ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય સેનાની મંગલ પાંડેને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને કહ્યું હતું કે, "મહાન મંગલ પાંડે હિંમત અને દૃઢ નિશ્ચયનો પર્યાય છે. તેમણે દેશભક્તિની ચિનગારી પ્રજ્વલિત કરી અને આપણા ઈતિહાસના ખૂબ જ મહત્વપૂર્ણ સમય દરમિયાન અસંખ્ય અન્ય લોકોને પ્રેરણા આપી હતી. તેમની જન્મજયંતિ પર હું તેમને યાદ કરુ છું." વર્ષ 2022ની શરૂઆતમાં પણ પ્રધાનમંત્રી મોદીએ મેરઠમાં મંગલ પાંડેની પ્રતિમાને શ્રદ્ધાંજલિ આપી હતી. ●



## ડૉ. ખૂબચંદ બઘેલ

# દેશની આઝાદી માટે નોકરી છોડી

**જન્મ:** 19 જુલાઈ 1900, **અવસાન:** 22 ફેબ્રુઆરી 1969

રાયપુરના પથરી ગામમાં 19 જુલાઈ 1900ના રોજ ડૉ. ખૂબચંદ બઘેલનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ જુડાવનસિંહ અને માતાનું નામ કેતકીબાઈ હતું. રાયપુરની સરકારી શાળામાંથી શિક્ષણ મેળવ્યા બાદ તેમણે નાગપુરમાં ડૉક્ટરીનો અભ્યાસ કર્યો અને અન્ય ડિગ્રીઓ પણ મેળવી હતી. તેમણે 1923માં ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. 1925 થી 1931 સુધી સરકારી તબીબી અધિકારીના પદ પર કામ કરતી વખતે તેઓ છત્તીસગઢના રાષ્ટ્રીય નેતાઓના સંપર્કમાં આવ્યા હતા. સરકારી કર્મચારી હોવા છતાં પણ, તેમણે 1930માં સવિનય કાનૂન ભંગ ચળવળ દરમિયાન વન કાયદાનું ઉલ્લંઘન કર્યું હતું. તેમણે 10 ઓક્ટોબર 1930ના રોજ સત્યાગ્રહીઓનો સાથ આપ્યો હતો અને તેમનું નેતૃત્વ કરવા લાગ્યા હતા. આ બાબતે નોટિસ મળતાં જ તેમણે નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને સંપૂર્ણ સત્યાગ્રહી થઈ ગયા હતા.

છત્તીસગઢના ગ્રામીણ લોકો માટે બઘેલ પ્રેરણારૂપ બન્યા હતા. તેમના પ્રભાવને લીધે, ઘણાં ગામડાઓમાંથી પુરુષો અને મહિલાઓ આંદોલનમાં ભાગ લેવા લાગ્યા હતા. સવિનય કાનૂન ભંગ ચળવળના બીજા તબક્કામાં, 15 ફેબ્રુઆરી, 1932ના રોજ, ડૉ. બઘેલની ધરપકડ કરવામાં આવી હતી. સાથે જ, તેમની માતા કેતકીબાઈ અને પત્ની રાજકુંવર વિરોધ પ્રદર્શન કરતા હોવાથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. 1933માં જેલમાંથી મુક્ત થયા બાદ તેમણે મહાત્મા ગાંધીના આહ્વાન પર હરિજન ઉત્કર્ષનું કામ શરૂ કર્યું હતું. કોંગ્રેસ સમિતિએ તેમને પ્રાંતીય હરિજન સેવા સમિતિના મંત્રી તરીકે નિયુક્ત કર્યા. તેઓ એક સારા સાહિત્યકાર પણ હતા. તેમણે કરમછડા, જનરૈલ સિંઘ, ઊંચ-નીચ, લડેગા જેવા નાટકો લખીને સામાજિક દુષણો પર પ્રહાર કર્યો હતો અને દેશભક્તિની ભાવના ફેલાવી હતી. તેમણે 1 મે થી 7 મે 1939 સુધી સત્યાગ્રહ તાલીમ શિબિરમાં તાલીમ પણ મેળવી હતી. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ ચળવળ શરૂ થતાંની સાથે જ તેઓ સક્રિય થઈ ગયા અને રાષ્ટ્રવાદી લાગણીનો પ્રસાર કરવાનું શરૂ કર્યું. બઘેલ તેમના નાટકો દ્વારા સામાજિક અને રાજકીય જાગૃતિ માટે યુવાનોના સમૂહ બનાવીને ગામડાંઓની મુલાકાત લેતા હતા.

વર્ષ 1942માં, 'ભારત છોડો'ની જાહેરાત સમયે, બઘેલ અન્ય નેતાઓ સાથે મહાત્મા ગાંધીનું ભાષણ સાંભળવા માટે મુંબઈ ગયા હતા. ત્યાંથી પાછા ફરતી વખતે મલ્કાપુરમાં અન્ય સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ બઘેલ પોલીસથી બચીને રાયપુર પહોંચી ગયા હતા. અહીં ભૂગર્ભમાં રહીને સરકાર વિરોધી ક્રાંતિકારીઓ પત્રિકાઓ વહેંચતા રહ્યા અને અંગ્રેજો વિરોધી ભાષણો આપવાનું ચાલુ રાખ્યું. આખરે 23 ઓગસ્ટ 1942ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી. દેશને આઝાદી મળ્યા પછી પણ બઘેલ ખૂબ જ સક્રિય રહ્યા હતા. 22 ફેબ્રુઆરી 1969ના રોજ તેમનું અવસાન થયું હતું.

# LPG 'ક્રાંતિનું ઈંધણ' પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના

ભારતે છેલ્લા નવ વર્ષમાં LPG ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો પ્રાપ્ત કર્યો છે. સક્રિય ઘરેલુ LPG ગ્રાહકોની સંખ્યા એપ્રિલ 2014માં 14.52 કરોડ હતી તે વધીને માર્ચ 2023 સુધીમાં 31.36 કરોડ થઈ ગઈ છે. છેલ્લા 9 વર્ષમાં લગભગ 17 કરોડ LPG ગ્રાહકો જોડાયા છે. આ નોંધપાત્ર વધારો પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)ને કારણે થયો છે. LPG કવરેજ 2016માં 62% હતુ તે વધીને 2022માં 104.1% થઈ ગયું છે. 30 જાન્યુઆરી, 2023 સુધી PMUY હેઠળ ઈશ્યુ કરવામાં આવેલા કુલ જોડાણોની સંખ્યા 9.58 કરોડ હતી. આ સિવાય, 24 માર્ચ 2023ના રોજ, કેન્દ્રીય મંત્રીમંડળે PMUY લાભાર્થીઓ માટે દર વર્ષે 14.2 કિલોગ્રામના સિલિન્ડરના 12 રિફિલ માટે 200 રૂપિયાની સબસિડીને મંજૂરી આપી હતી. 2018માં બહાર પાડવામાં આવેલા WHOના અહેવાલમાં જણાવાયું છે કે, ગરીબી રેખા નીચે જીવતી 37 મિલિયન મહિલાઓને ઉજ્જવલા યોજના હેઠળ મફત LOG કનેક્શન આપવામાં આવ્યા હતા જેથી તેઓને સ્વચ્છ ઘરેલું ઈંધણ વપરાશમાં મદદ મળી શકે. આ યોજનાએ ભારતીય પરિવારોમાં LPGનું કવરેજ વધાર્યું છે અને સ્વચ્છ ઈંધણ દ્વારા રસોડાને ધુમાડા મુક્ત કર્યું છે તેમજ પર્યાવરણને પણ ફાયદો થયો છે. સાથે જ, મહિલાઓના સ્વાસ્થ્યમાં પણ ઘણો સુધારો જોવા મળ્યો છે.





# અરુણા આસફ અલી


## મુંબઈના ગોવાળિયા મેદાનમાં ઝંડો ફરકાવ્યો

**જન્મઃ** 16 જુલાઈ 1909, **અવસાનઃ** 29 જુલાઈ 1996

સ્વાતંત્ર્ય સેનાની અરુણા આસફ અલી એક પ્રેરણાદાયી સ્વાતંત્ર્ય સેનાની હતા જેમને ભારત છોડો ચળવળ દરમિયાન 1942માં મુંબઈમાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા બદલ વધુમાં વધુ યાદ કરવામાં આવે છે. બંગાળી મૂળના અરુણાનો જન્મ 16 જુલાઈ, 1909ના રોજ હરિયાણાના કાલકામાં થયો હતો. તેમના લગ્ન સ્વાતંત્ર્ય સેનાની આસફ અલી સાથે થયા હતા. તેઓ મહાત્મા ગાંધી અને મૌલાના અબુલ કલામ આઝાદ જેવા નેતાઓના નજીકના સંપર્કમાં આવ્યા અને તેમની સભાઓમાં હાજરી આપવાનું શરૂ કર્યું. અરુણા આસફ અલીએ મીઠાના સત્યાગ્રહ સહિત ભારતની સ્વતંત્રતાના સંગ્રામ દરમિયાન અનેક ચળવળોમાં ભાગ લીધો હતો, જેના કારણે તેમને ઘણી વખત જેલમાં જવું પડ્યું હતું.

જ્યારે 8 ઓગસ્ટ, 1942ના રોજ અંગ્રેજોએ સ્વતંત્રતા સંગ્રામના ટોચના નેતાઓને જેલમાં ધકેલી દીધા હતા ત્યારે અરુણા આસફ અલીએ જ 1942માં ભારત છોડો ચળવળ દરમિયાન મુંબઈના ગોવાળિયા ટેન્ક મેદાનમાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. મુંબઈનું ગોવાળિયા ટેન્ક મેદાન હવે ઓગસ્ટ ક્રાંતિ મેદાન તરીકે ઓળખાય છે. આ ઘટના પછી તેમણે આત્મસમર્પણ કે ધરપકડ વ્હોરવાના બદલે ભૂગર્ભમાં જઈને સ્વતંત્રતાનો સંગ્રામ ચાલુ રાખ્યો હતો. મહાત્મા ગાંધીએ અરુણાને પત્ર લખીને તેમને શરણાગતિ સ્વીકારવાની વિનંતી કરી હતી પરંતુ તેમણે તે વિનંતી ક્યારેય સ્વીકારી ન હતી. મુંબઈ આંદોલનનું કેન્દ્ર રહ્યું, પરંતુ પછીથી તે દેશના અન્ય ભાગોમાં પણ ફેલાવા લાગ્યું. અરુણા આસફ અલીએ મહિલાઓને પણ સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી હતી.

સ્વતંત્રતા પછી તેઓ રાજનીતિમાં સક્રિય થયા. અરુણાને 1958માં દિલ્હીના પ્રથમ મેયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમને 1992માં પદ્મ વિભૂષણ અને 1997માં મરણોત્તર, ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો હતો. 29 જુલાઈ 1996ના રોજ અરુણા આસફ અલીનું અવસાન થયું હતું.



# અબ્દુલ હમીદ કૈસર

## ગરીબોના તારણહાર સ્વાતંત્ર્ય સેનાની

**જન્મઃ** 5 મે 1929, **અવસાનઃ** 18 જુલાઈ 1998

સ્વતંત્રતા સેનાની અબ્દુલ હમીદ કૈસર ભારતના જાણીતા દેશભક્તોમાંથી એક હતા. તેમનો જન્મ 5 મે, 1929ના રોજ રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં થયો હતો. નાનપણથી જ તેમના મનમાં દેશભક્તિની લાગણી જાગી હતી. 'લખપતિ' તરીકે જાણીતા અબ્દુલ હમીદ કૈસરને એક પ્રખર વક્તા માનવામાં આવતા હતા. કહેવાય છે કે, 1954માં તેમના નામે એક લાખ રૂપિયાની લોટરી લાગી હતી, જેના પછી તેઓ 'લખપતિ' તરીકે પ્રખ્યાત થયા હતા. કૈસર 'ભારત છોડો આંદોલન' દરમિયાન સક્રિય રહ્યા હતા. ઓગસ્ટ 1942માં કોટામાં 'તિલક જયંતિ' ઉજવવામાં આવી હતી. જેમાં 9 ઓગસ્ટ, 1942ના રોજ મુંબઈમાં યોજાનારા અધિવેશનમાં ભાગ લેવા અને 'ભારત છોડો આંદોલન'ને સમર્થન આપવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના મહાનુભાવો સાથે અબ્દુલ હમીદ કૈસરના નેતૃત્વ હેઠળના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. આ આંદોલન દરમિયાન તેમને માથામાં ઈજા પણ થઈ હતી. તેમ છતાં, તેમનું મનોબળ તૂટ્યું ન હતું અને તેમણે આંદોલન ચાલુ રાખ્યું હતું. અલીગઢ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધા બાદ કૈસરે આઝાદીના આંદોલનમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

દેશ આઝાદ થયો તે પછી પણ તેઓ સતત સક્રિય રહ્યા હતા અને રાષ્ટ્રહિત માટે કામ કર્યું હતું. સ્વતંત્રતામાં તેમણે આપેલા યોગદાન અને સમાજ પ્રત્યેના તેમનાં સમર્પણ અને કર્તવ્યનિષ્ઠા ઉપરાંત તેમને ગરીબોના તારણહાર તરીકે પણ યાદ કરવામાં આવે છે. કૈસર ભારતને અખંડ જોવા માંગતા હતા પરંતુ તેમની ઈચ્છા પૂરી થઈ શકી નહીં. છેવટે, દેશને આઝાદી મળ્યા પછી, તેઓ પ્રત્યક્ષ ચૂંટણીના રાજનીતિથી દૂર રહ્યા. જો કે, તેમના ઘણા સાથીઓ રાજનીતિમાં મોટા હોદ્દા પર પહોંચી ગયા હતા. અલીગઢમાંથી શિક્ષણ પૂરું કર્યા પછી, તેમણે બુંદીમાં વકીલાતની પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું. 1961માં તેમણે લાલ બહાદુર શાસ્ત્રીને વચન આપ્યું હતું કે, તેઓ ગરીબોના કેસ મફતમાં લડશે. તેમણે જીવનભર આ વચન પાળ્યું હતું. 18 જુલાઈ 1998ના રોજ તેમનું અવસાન થયું હતું. ●







**PMO India** @PMOIndia · 3d

आज युवा कुछ नया करना चाहता है, अपनी लकीर खुद खींचना चाहता है।




**रक्षा मंत्री कार्यालय/ RMO India** @DefenceMinIndia

आज भारत दुनिया की सबसे बड़ी अर्थव्यवस्थाओं में से एक है। भारत की Geographic Location ऐसी है कि भारत अपनी Economy के साथ-साथ Global Economy और Trade की दृष्टि से भी एक बड़ी भूमिका निभा रहा है। आज भारत दुनिया की पांचवी सबसे बड़ी अर्थव्यवस्था और तीसरी सबसे बड़ी अर्थव्यवस्था बनने की तरफ अग्रसर है: श्री @rajnathsingh

**Amit Shah** @AmitShah · 25/06/23

The epic success of PM @narendramodi Ji as a statesman of global aura is now adorned with another honor as Egypt bestows its highest state honor, 'The Order of Nile Award,' on Modi Ji.

Modi Ji is the only Indian PM to receive a maximum number of such awards from other countries.








**Nitin Gadkari** @nitin_gadkari · 4d

Under Prime Minister Shri @narendramodi Ji's leadership, the new India is dedicated to global progress, aiming for a 5 trillion economy by 2024-25, becoming the third-largest economy by 2030, and achieving net-zero emissions by 2070.

#Bhavishya_Ka_Bharat

**Office of Mr. Anurag Thakur** @... · 4h

Under the visionary leadership of our PM @narendramodi ji, India has shown immense progress in sports at the global level. India's sporting culture like all other activities is deep rooted in strong ethics, morals and values.

-Sh @ianuragthakur

**Dr Mansukh Mandaviya** @m... · 4h

दुनिया के बाजारों में जब यूरिया और DAP की क़ीमत बढ़ी थी तब मोदी जी ने किसानों के लिए सब्सिडी बढ़ाई लेकिन दाम नहीं बढ़ाए।

मोदी सरकार Pro-Farmers सरकार है।

#KisanoKoPMPRANAM

# India, Egypt upgrade ties to 'strategic partnership'

PM, Egyptian President discuss trade, defence and security

TRIBUNE NEWS SERVICE

NEW DELHI, JUNE 25

PM Narendra Modi and President of Egypt Abdel Fattah Al-Sisi on Sunday signed a pact to elevate the bilateral relationship between the two countries to a "strategic partnership".

Meeting for the second time

**MODI VISITS 11TH CENTURY MOSQUE IN CAIRO**

in less than six months, this time in Egypt, the two leaders identified areas like trade and investment, IT, defence and security, renewable energy, agriculture, health, culture and people-to-people ties for deeper cooperation.

On the second day in Cairo, PM Modi was received by Sisi at the Al-Ittihadiya Palace. In a special ceremony, Sisi conferred PM Modi with the Order of the Nile, the highest civilian award of Egypt. This was the 13th state honour to have been



PM Narendra Modi with his Egyptian counterpart Mostafa Madbouly during his visit to the Great Pyramid of Giza on Sunday. PTI



**'ORDER OF NILE' CONFERRED ON MODI**

- PM Modi was conferred with 'Order of the Nile', Egypt's highest honour, by President Abdel Fattah El-Sisi
- The honour is conferred upon heads of states who offer Egypt or the humanity their invaluable services

# PM: Every farmer gets annual benefit of Rs 50,000, this is Modi guarantee

HARIKISHAN SHARMA

EXPLAINED E. Counter guarantees



# Putin briefs Modi on Wagner revolt, Ukraine situation

## Russia Says PM Backed 'Actions' On Law & Order

Sachin.Parashar @timesgroup.com



Modi dialled Putin days before the SCO summit to be held on July 4

New Delhi: PM Narendra Modi spoke to Russian President Vladimir Putin on Friday and backed his efforts to maintain law and order in the country in the aftermath of the aborted coup by a former ally, Yevgeny Prigozhin, who marched untamed to Moscow with his mercenary Wagner Group for hours on June 24 before ordering them back.

While Putin briefed Modi about the developments on and since June 24, according to a Kremlin readout, Modi initiated the call and, in connection with those events, expressed understanding and support for the "decisive actions of the Russian leadership" to protect law and order, ensure stability in the country and security of its citizens.

There was no mention of this support in the Indian statement on the meeting that only said Putin briefed Modi about the developments in Russia and that, while discussing the situation in Ukraine, the PM reiterated his call for dialogue and diplomacy.

This was their first conversation since the short-lived and rare defiance of Putin's authority and also since Modi's visit to the US, about which he "informed" Putin during the talks. The Indian

cus on issues related to security and connectivity. The conversation followed NSA Ajit Doval's talks with his counterpart Nikolai Patrushev on Thursday in which the latter stressed that normalcy had been restored in Russia.

Putin shared his assessment of the situation in Ukraine and stressed "Kiev's utter refusal to undertake political and diplomatic steps to resolve the conflict".

The Russian President is likely to visit India for the G20 summit in September. India has not invited Ukraine President Volodymyr Zelensky for the summit and so far, despite pressure from the West to do so, there's no indication that he will be allowed to address the meeting virtually.

"When discussing topical issues of bilateral cooperation, they underscored the importance of further consistent implementation of the major joint projects in various areas and noted with satisfaction substantial growth in trade throughout 2022 and



# India-US relations: Set for a strategic upgrade

*Washington's grand reception of Prime Minister Narendra Modi despite some unease within highlights the clarity of America's focus on the geo-strategic value of a deeper relationship*

Prime Minister Narendra Modi received a rousing reception last week at the White House from US President Joe Biden and First Lady Jill Biden, and later from lawmakers, when the PM addressed a joint session of the US Congress—a rare honour for a visiting leader from overseas. Modi's speech on Capitol Hill got standing ovations and was

all, while our defiant deal with Moscow for S-400 anti-missile firepower in the face of US sanctions may have upped the ante in a global market for weaponry where India is the biggest buyer. Even as hostilities in Europe revived America's Cold Warrior frame of reference, a "no limits" clasp between Russia and China lent urgency to securing the Indo-Pacific, where tension has mounted over Beijing's designs on

# In election-bound MP, PM Modi flags off five Vande Bharat trains

TRIBUNE NEWS SERVICE

Prime Minister Narendra Modi on Tuesday flagged off five new and upgraded versions of Vande Bharat Express trains, including two for the poll-bound state of Madhya Pradesh.

Two Vande Bharat trains, which will link Bhopal (Rani Kamalapati station) with Jabalpur and Indore, respectively, were flagged off by the PM, who was in Bhopal.

At a function held at the Rani Kamalapati station in Bhopal, the Prime Minister also virtually flagged off Vande Bharat services connecting Goa (Madgaon) with Mumbai (CST) and Ranchi with Patna. For Goa, Jharkhand and Bihar, this will be the first Vande Bharat service operating from their territories. The Prime Minister also virtually flagged



PM Narendra Modi flagged off five Vande Bharat Express trains in Bhopal on Tuesday.

galuru in Karnataka.

With today's launch of the five trains, the total number of Vande Bharat trains operating in the country has risen to 23. All states where electric trains run have at least one Vande

the target set by Railway Minister Ashwini Vaishnaw of launching by June Vande Bharat services in all those states that can be accessed by electric locomotives.

The last Vande Bharat

It was flagged off by the PM on May 25. The Goa-Mumbai service was next in the pipeline but its launch, slated for June 3, was cancelled in the wake of the Balasore accident.

All Vande Bharat trains

RNI
DELGUJ/2020/78810
16-31 July, 2023

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

RNI Registered No. DELGUJ/2020/78810, Delhi Postal License No. DL(S)-01/3554/2023-25, WPP No. U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 13-17 advance Fortnightly (Publishing Date- 6 July, 2023, Pages-56)

**યુનેસ્કો વર્લ્ડ હેરિટેજની યાદીમાં સામેલ**

# ભારતમાં સિંધુ ખીણની સંસ્કૃતિની પ્રથમ સાઈટ ધોળાવીરા

ભારતમાં સિંધુ ખીણની સંસ્કૃતિના શ્રેષ્ઠ નગરોમાં સામેલ ધોળાવીરના અવશેષો 1967માં સિંધથી લઈને કચ્છ સુધીના હડપ્પન ભૂમિ માર્ગની શોધ દરમિયાન મળી આવ્યા હતા. લગભગ 23 વર્ષ પછી, 1990માં, આના માટે ખોદકામ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં 120 એકરમાં ફેલાયેલું અદ્ભુત શહેર ધોળાવીરા સામે આવ્યું હતું. લગભગ 1,500 વર્ષોથી વસેલા આ શહેરને અત્યાર સુધીમાં શોધવામાં આવેલા સૌથી સંરક્ષિત નગરોમાંથી એક ગણવામાં આવે છે. હડપ્પન સંસ્કૃતિના ઉદય અને પતનનો પુરાવો આપતા ધોળાવીરાને જુલાઈ 2021માં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં ભારતના સુપર-40 હેરિટેજ તરીકે સામેલ કરવામાં આવ્યું હતું...

- હડપ્પન સમયનું નગર ધોળાવીરા, ગુજરાતમાં કચ્છના રણમાં આવેલું છે.
- તેનો ઈતિહાસ લગભગ 5,000 વર્ષ એટલે કે ઈજિપ્તના ગ્રેટ પિરામિડ કરતાં પણ જૂનો છે.
- ચાર દિવાલોમાં સંરક્ષિત નગરની જળ વ્યવસ્થાપન વ્યવસ્થા અદ્ભુત હતી.
- ખોદકામ દરમિયાન, નગરની આસપાસ જળાશયોની શ્રૃંખલા જોવા મળે છે.
- 2021માં જ, તેલંગણાના મુલુગુ જિલ્લામાં સ્થિત રુદ્રેશ્વર મંદિર (રામપ્પા મંદિર)ને ભારતની 39મી વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો મળ્યો હતો.



"આ સમાચારથી ખૂબ જ ખુશ, ધોળાવીરા એક મુખ્ય જીવન સ્થળ હતું. તે આપણને ભૂતકાળ સાથે જોડતા સૌથી મુખ્ય સંપર્કોમાંથી એક છે. જે લોકોને ઈતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્વમાં રસ હોય તેમણે આ સ્થળની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. - **નરેન્દ્ર મોદી**, પ્રધાનમંત્રી



Gujarati

**Editor in Chief**
**Rajesh Malhotra,**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Principal Director General, on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd. FBD-One Corporate Park, 10th floor, New Delhi-Faridabad border, NH-1,Faridabad-121003